Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ઉત્તરાખંડમાં વરસાદે વિનાશ વેર્યો, 53થી વધુ લોકોના મોત

PAGE NO. 18

FRIDAY, 22 OCTOBER, 2021 Vol. 18, No. 43 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

## કોરોના સામેના જંગમાં ભારત સરકારની રસીકરણ ઝુંબેશને ૯ મહિનામાં મોટી સફળતા

# ભારતમાં 100 કરોડ ડોઝનું સોપાન સર

**નવી દિલ્હી**

ભારતે કોરોના સામેની લડાઈમાં એક મહત્વપૂર્ણ પડાવ પાર કર્યો છે. દેશમાં ગત 16 જાન્યુઆરી 2021ના રોજ શરું થયેલા કોરોના રસીકરણના મહાઅભિયાનમાં 21 ઓક્ટોબર સુધી 100 કરોડ લોકોનું રસીકરણ થઈ ચૂકયું છે. આ સાથે જ નિષ્ણાંતો હાલની સ્થિતિને જોતા કોરોનની ત્રીજી લહેર આવવાની શકયતાને દૂર સુધી જોતા નથી. તો બીજી તરફ દૈનિક કેસ લોડ પણ સતત ઘટી રહ્યો છે જેનાથી ભારતે કોરોના સામેની જંગ જીતી લીધી હોય તેવું લાગી રહ્યું છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રી મનુસખ માંડવિયાએ ટ્વિટ કરીને લખ્યું હતું કે દેશમાં કોરોના સંક્રમણને કાબુમાં કરવા માટે શરું કરવામાં આવેલા રસીકરણ મહાભિયાના ૨૭૯ દિવસમાં જ દેશમાં ૧૦૦ કરોડ લોકોને રસી આપી દેવામાં આવી છે. ગુરુવાર સુધીમાં કોવિડ ડેશ બોર્ડ મુજબ ૧૪,૬૬,૭૦૭ લોકોને રસી અપાઈ છે. આ સાથે જ ભારતે એક ઈતિહાસ રચી દીધો છે. આ તકે વડાપ્રધાન મોદી પણ દિલ્હીમાં આરએમએલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને આ ઐતિહાસિક ઘડીના સાક્ષી બન્યા હતાં. ૧૦૦ કરોડના આંકડાની સિદ્ધિને બિરદાવવા માટે ઠેર ઠેર ખાસ લાઈટિંગ કરવામાં આવી છે. ગુરુવારે દેશમાં કુલ ૧૮,૩૫૭ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા.

## ડ્રગ્સ કેસ : શાહરૂખ, અનન્યાના ઘરે તપાસ

મુંબઈ : આર્યન ખાનની ધરપકડ બાદ એવી અટકળો હતી કે એનસીબી મન્નત જઈને તલાશી લેશે. દરમિયાન ગુરુવારે એનસીબીની એક ટીમ શાહરૂખ ખાનના ઘરે પહોંચી અને ઘરમાં તપાસ કરી હતી. આ ઉપરાંત બીજી એક ટીમ અનન્યા પાંડેના ઘરે પહોંચી ગઈ હતી. એનસીબીની ટીમ રવાના થયા બાદ શાહરૂખ પુત્ર આર્યન ખાનને મળવા માટે જેલમાં ગયા હતા.

સૂત્રોના જણાવ્યાં મુજબ એનસીબીએ શાહરૂખ ખાનની મેનેજર પૂજાને મન્નતમાં એક નોટિસ આપી છે. આ નોટિસમાં લખ્યું છે કે જો આર્યન ખાન પાસે કોઈ અન્ય ઈલેક્ટ્રોનિક ડિવાઈસ હોય તો તેના પરિવારે તે એનસીબી પાસે જમા કરાવવાનો રહેશે. આ ઉપરાંત આર્યન ખાન



સંલગ્ન ડોકયુમેન્ટ્સ પણ માંગ્યા હતા. જેમાં તેના એજ્યુકેશન સંલગ્ન ડોકયુમેન્ટ્સ પણ સામેલ છે. જો તેની કોઈ મેડિકલ હિસ્ટ્રી હોય તો તેના પણ ડોકયુમેન્ટ માંગવામાં આવ્યા છે. જેમાં દવાઓની જાણકારી અને અન્ય પ્રિસ્ક્રિપ્શન સામેલ છે.

### આર્યનના જામીન અંગે 30 ઓક્ટોબરે સુનાવણી

ડ્રગ્સ કેસમાં આર્યન ખાન માટે ૨૦ ઓક્ટોબરનો દિવસ મહત્વનો હતો. આર્યનના વકીલોએ બોમ્બે હાઈકોર્ટમાં જસ્ટિસ નિતિન સાંબરેની સામે સુનાવણી અને લિસ્ટિંગનો ઉલ્લેખ કર્યો હતો. જસ્ટિસ સાંબરેએ કહ્યું કે, તેઓ મંગળવારે આ કેસ પર સુનાવણી કરશે. મતલબ કે, આર્યન ખાનની જામીન અરજી પર 30 ઓક્ટોબરે સુનાવણી થશે. અગાઉ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ૧૪ ઓક્ટોબરે જજે સુનાવણી પૂરી કર્યા બાદ ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.

## કોરોનાના કેસ વધતાં ચીન ફરી લોકડાઉન તરફ

વુહાન : ચીનમાં કોરોનાએ ફરીથી માથું ઊંચકતા ફફડાટ ફેલાયો છે. સરકારે તુરંત હજારો ફ્લાઈટ્સ કરી દીધી હતી અને શાળા-કોલેજો તાકીદની અસરથી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. તે ઉપરાંત સામુહિક પરીક્ષણો શરૂ કર્યા છે અને લોકોને બહાર ન નીકળવાની અપીલ પણ કરી છે. કોરોનાના ફેલાવા પાછળ વિદેશી પ્રવાસીઓ જવાબદાર હોવાનું પણ ચીને કહ્યું હતું.

ચીનના ઉત્તર અને પશ્ચિમી પ્રાંતોમાં કોરોનાના કેસોની સંખ્યા વધી ગઈ હતી. છેલ્લાં પાંચ દિવસથી કોરોનાના કેસમાં વધારો થતાં ચીને ફ્લાઈટો રદ્દ કરી દીધી હતી. શાળા-કોલેજો બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો અને લોકોનું પરીક્ષણ શરૂ કર્યું છે. ઝિયાન અને લેન્ઝાઉના એરપોર્ટની ૬૦ ટકા ફ્લાઈટ્સ રદ્દ થઈ હતી. તે ઉપરાંત પર્યટન સ્થળો, સિનેમાગૃહ સહિતનું બંધ કરવામાં આવ્યું હતું. લાંઝૂઓમાં પ્રવાસીઓ આવ્યા પછી કોરોના ફેલાયો હતો. આ શહેરની વસતિ ૪૦ લાખ જેટલી છે. આખા શહેરમાં બહાર ન નીકળવાની તાકીદ કરવામાં આવી છે અને હળવા નિયંત્રણો પણ લગાવી દેવામાં આવ્યા છે.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

Diwali Sale!
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees. • 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Required Brahman
Urgent required Brahman at Shree Ramji Temple Madhata Montreal. Person having Gujarati/Hindi/English Language. First Priority for Canadian Permit.
બ્રાહ્મણ જોઈએ છે
શ્રી રામજી મંદિર માંધાતા મોન્ટેરિયલ ખાતે બ્રાહ્મણની તાત્કાલિક જરૂર છે. ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી ભાષાના જાણકાર તેમજ કેનેડીયન પરમિટ ધરાવનાર પ્રથમ પસંદગીને પાત્ર.
Contact
Kishorbhai Patel :- +1(514)823-3813
Ishwarbhai Patel :- +1(514)912-9120

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હ્વાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# US સરહદ ખુલતા કેનેડામાં પાસપોર્ટ રીન્યુઅલ માટે ધસારો

## પાસપોર્ટ સેવાને વધુ સજ્જ બનાવવા કેનેડિયન સરકારની કવાયત : પાસપોર્ટ રીન્યુઅલ કરવાની મુદતમાં વધારો થયો

ઓન્ટેરિયો : કોવિડ-19ના કારણે કેનેડા-અમેરિકા વચ્ચેની જમીની સરહદો લાંબા સમયથી બંધ હતી. પરંતુ બંને દેશોએ કોવિડ-19ની પરિસ્થિતિ સુધરતાં પ્રવાસીઓ માટે સરહદો ખુલ્લી મુકવાનો નિર્ણય જાહેર કર્યો હતો. સરહદો ખુલ્લી મુકવાના બંને દેશોના નિર્ણયને કારણે પ્રવાસીઓનો ધસારો થયો હતો અને કેનેડાની કિચેનર ખાતેની પાસપોર્ટ ઓફિસ પર લાંબી લાઈન લાગી હતી. અમેરિકાએ 8મી નવેમ્બરથી રસી મુકાવી હોય તેવા પ્રવાસીઓ માટે સરહદો ખુલ્લી મુકવાની જાહેરાત કરી છે અને કેનેડાની સરકાર પાસપોર્ટ સેવા વિભાગને વધુ સુસજ્જ બનાવી રહ્યું છે. પ્રતિબંધો હટવાને કારણે પાસપોર્ટની વધતી માંગને ધ્યાનમાં લઈને આ પગલાં લેવામાં આવ્યા છે. એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ ડિપાર્ટમેન્ટ ઓફ કેનેડાએ એક નિવેદનમાં જણાવ્યું હતું




કે, પ્રવાસીઓ પરના પ્રતિબંધો ઉઠી જતા સર્વિસ કેનેડા પાસપોર્ટની વધેલી માંગને પહોંચી વળવા માટે તૈયારી કરી રહી છે. ડિપાર્ટમેન્ટની વેબસાઈટ પર પાસપોર્ટ 20 દિવસમાં મળી જશે એવું જણાવાય છે. પરંતુ કેટલાક લોકો કહે છે કે, માંગ એટલી મોટી છે કે પાસપોર્ટ મેળવવામાં 1 મહિનાથી વધુ સમય લાગી શકે છે. કોરોનાની મહામારી શરુ થઈ તે પહેલા સર્વિસ કેનેડાએ 2.3 મિલિયન પાસપોર્ટ આપ્યા હતા. પરંતુ ત્યાર પછી 3,63,225 પાસપોર્ટ આપી શકાયા હતા. આ વખતે સપ્ટેમ્બર 30થી પાસપોર્ટની માંગ વધીને 4,67,541 પર પહોંચી છે. દરમિયાન સરકારે જણાવ્યું હતું કે, પાસપોર્ટની અરજીઓમાં સરેરાશ વધારો થવાની શક્યતા છે. પણ સરકારે લોકોને જણાવ્યું હતું કે સતત સખત જરૂરત ના હોય તો તેમણે સર્વિસ કેનેડાની મુલાકાત લેવી નહિ. કેનેડાની સરકારે પાસપોર્ટ રીન્યુઅલ કરવાની મુદતમાં વધારો કર્યો હતો કે જેથી 1લી 2ફેબ્રુઆરી 2019ના રોજ જેમની મુદત પુરી થતી હોય તેઓ પાસપોર્ટ રીન્યુ કરાવી શકે.

# કેનેડામાં પ્રવેશ માટે કોવિડ વેક્સિનેશન તપાસવા હોસ્પિટલોની સંખ્યા વધારાઈ

## ગ્રેટર ટોરોન્ટો એરિયાના હેલ્થ સેન્ટરોમાં પણ નવા કાયદાનો અમલ શરુ કરાયો

**અલબર્ટા**

અનેક દેશોની હોસ્પિટલોએ રોગચાળાને કાબુમાં રાખવા માટે વેક્સિનેશન પોલિસી વધુ સખત બનાવી હતી અને કામદારોને તે સખ્તાઈપૂર્વક લાગુ કરવામાં આવી હતી. ત્યારે કેનેડામાં પણ ચોથી લહેરની વચ્ચે રોગચાળો કાબુમાં રાખી શકાય એ માટે વેક્સિનેશનની તાપસ કરવા માટે હોસ્પિટલોની સંખ્યા વધારાઈ રહી છે. પઆવનાર પ્રવાસીઓને દેશમાં દાખલ થતા પહેલા હોસ્પિટલમાં વેક્સિનેશનના પુરાવા રજૂ કરવા ફરજીયાત છે. મીડિયા સમક્ષ એલિઝાબેથ બારડને, કોવીડ ઈન્સિડેન્ટ કમાન્ડરે કિંગ્સ્ટન હેલ્થ સાયન્સિસ સેન્ટરે ઓન્ટોરિયો ખાતે જણાવ્યું હતું કે અનેક જગ્યાએ આપણે વેક્સિનેશનના પુરાવા બતાડવા પડે છે. તેવી જ રીતે અહીં પણ એ પુરાવા બતાવવાના રહેશે. જે લોકો પોતાની મરજીથી હોસ્પિટલમાં આવતા નથી અને તેઓ વધુ બીમાર હોય છે. આપણે ત્યાં દર્દીઓ પહેલા કરતા પણ વધુ નબળી અવસ્થામાં આવે છે અને તેથી તેમને વધુ કાળજીપૂર્વકની સારવાર આપવી પડે છે. ઓક્ટોબર 22થી કિંગ્સ્ટન હેલ્થ સાયન્સિસ સેન્ટર તરફથી પરિવારના તમામ મુલાકાતીઓ કે જેઓ દર્દીઓને જોવા આવે છે તેમની નોંધ રાખવાનું શરુ કરવામાં આવશે. આ ઉપરાંત તેમના પરિવારના લોકોએ પણ રસી મુકાવી છે કે કેમ એવા પુરાવા રજુ કરવાના રહેશે. યુનિવર્સીટી ઓફ હેલ્થ નેટવર્ક (યુ.એચ.એન.) અને ક્યૂબેકની હોસ્પિટલની સાથે ગ્રેટર ટોરોન્ટો એરિયા હેલ્થ સેન્ટરો પણ આ નવા કાયદાઓના અમલમાં જોડાઈ રહી છે.

# ટોરોન્ટો ઈસ્ટ યોર્ક ખાતે બે વાહનો અથડાતા 81 વર્ષીય રાહદારીનું મોત

**ટોરન્ટો**

ટોરોન્ટોની પોલીસે જણાવ્યું હતું કે, મંગળવારે રાત્રે શહેરના ઈસ્ટ યોર્ક ખાતે બે વાહનોની અથડામણ થતા એક વૃદ્ધ રાહદારીનું મૃત્યુ થયું હતું. રાહત કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કહ્યું હતું કે, ઓ-કોર્નર ડ્રાઈવ અને પેપે એવેન્યુ ખાતે સવારે 9.30 વાગ્યે એવા સમાચાર મળ્યા હતા કે, એક વૃદ્ધ વ્યક્તિનું બે વાહનોની અથડામણમાં મૃત્યુ થયું છે.

પોલીસે જણાવ્યું હતું કે, 81 વર્ષીય રાહદારી ઓ-કોર્નર ડ્રાઈવ કે જે ઉત્તર દિશા તરફ આવેલું છે, તેની વચ્ચેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે આ 81 વર્ષીય વૃદ્ધને પૂર્વ તરફથી આવેલા એક વાહને અડફેટમાં લીધો હતો અને ઓ-કોર્નર ડ્રાઈવ ખાતે ગંભીર હાલતમાં પડી ગયો હતો.

આ રાહદારીને એક બીજા વાહને પણ ટક્કર મારતા તેની હાલત બગડી ગઈ હતી. પશ્ચિમ દિશાએથી આવી રહેલુ એક વાહન એક 40 વર્ષીય યુવક ચલાવી રહ્યો હતો. તેની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આ રાહદારી બે વાહનોની વચ્ચે ફસાઈ જતા મોતને ભેટ્યો હતો. આ રાહદારીને બે વાહન વચ્ચેથી બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે મૃત્યુ પામ્યો હતો તેમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે કહ્યું હતું કે પોર્સ કારનો ડ્રાઈવર ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. પરંતુ પોલીસે તેને શોધી કાઢી તપાસમાં સહકાર આપવા જણાવ્યું હતું.

# સપ્ટેમ્બર માસમાં કેનેડામાં રોજગારની સ્થિતિ મહામારી પહેલાના સ્તરે પહોંચી

**ઓન્ટેરિયો**

કેનેડાના અર્થતંત્રમાં ધીમે-ધીમે સુધારા થઈ રહ્યા છે અને ગયા મહિને 1,97,000 નોકરીઓનું સર્જન થયું હતું. જે ફરીથી મહા-રોગચાળા પહેલાની સ્થિતિએ પહોંચી છે. સ્ટેટિકસ કેનેડાના કામદારોના સર્વેનો અહેવાલ જણાવે છે કે, કેનેડામાં મજૂરોની માર્કેટમાં સપ્ટેમ્બર 12-18ના સપ્તાહમાં સુધારો થયો છે. આ સપ્તાહમાં અનેક રાજ્યોમાં વેક્સિનેશનના પુરાવાઓ રજુ કરવાના નિયમો અમલમાં હતા. પરંતુ જીમ્સ તથા રેસ્ટોરન્ટ્સ જેવા બિનજરૂરી સ્થળોમાં પ્રવેશ માટે વેક્સિનેશન અનિવાર્ય હતું. સપ્ટેમ્બર મહિનામાં રોજગારીનો દર સુધર્યો હતો. જેમાં 15 વર્ષથી વધુ ઉમરના લોકોનો સમાવેશ થતો હતો. સપ્ટેમ્બર મહિનામાં કેનેડામાં રોજગારીનો દર 60.9% હતો. જે વસ્તી વધારાને પરિણામે ફેબ્રુઆરી 2020 કરતા 0.9% ઓછો છે. જયારે સતત ચોથા ત્રિ-માસિક ગાળા દરમિયાન બેરોજગારીનો દર ઘટીને 6.9% થયો હતો. જે મહા-રોગચાળા પહેલાની સ્થિતિ કરતા ઘટ્યો છે. જયારે વસાહતીઓમાં ગયા મહિને રોજગારીઓનો દર 71% પર પહોંચ્યો હતો.

અલબત્ત, સમગ્ર રીતે જોઈએ તો કોરોનાને કારણે વસાહતીઓના પ્રમાણમાં વધારો થયો નહોતો અને તાજેતરના સમયમાં વસાહતીઓની રોજગારીનું પ્રમાણ સાયન્ટિફિક અને ટેક્નિકલ સર્વિસીસ તથા ફાઈનાન્સ તથા ઈન્સ્યુરન્સ, રિયલ એસ્ટેટ, રેન્ટલ તથા લીઝિંગ જેવા ક્ષેત્રોમાં વધુ જોવા મળતું હતું. આ બંને ઔદ્યોગિક ક્ષેત્રોએ નોકરીઓનું પ્રમાણ જાળવી રાખ્યું હતું અને રોગચાળા દરમિયાન સારી એવી પ્રગતિ કરી હતી.

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial



MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# કેનેડિયન સંસદમાં સાંસદો માટે વેક્સિનેશન ફરજિયાત

## બોર્ડ ઓફ ઇન્ટરનલ ઈકોનોમીને જવાબદારી સોંપાઈ : રસી ન મુકાવનારે એન્ટિજેન ટેસ્ટના પુરાવા રજૂ કરવા પડશે

**ટોરોન્ટો**

કેનેડાના હાઉસ ઓફ કોમન્સમાં પ્રવેશનાર તમામ સાંસદો તથા અન્ય લોકોએ 22મી નવેમ્બરથી શરુ થઇ રહેલી સંસદમાં હાજરી આપવા માટે કોવિડ-19 વિરોધી રસી મુકાવી હોવી જોઈએ તેવો એક કાયદો અમલમાં આવ્યો છે. બોર્ડ ઓફ ઈન્ટરનલ ઈકોનોમી કે જે સંસદીય કામકાજ માટે જવાબદારી સંભાળે છે તેને આ કાયદાનો અમલ કરવાનું સોંપવામાં આવ્યું છે અને બોર્ડે તેની જરૂરિયાત હોવાની જાહેરાત કરી હતી.

બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, હાઉસ ઓફ કોમન્સમાં સાંસદો અને તેના કર્મચારીઓ, પોલિટિકલ રિસર્ચ ઓફિસ કર્મચારીઓ, વહીવટી કર્મચારીઓ, સંસદીય પ્રેસ ગેલેરી તથા સંસદીય કામકાજ માટે આવતા તમામ લોકો, કોન્ટ્રાક્ટર વગેરેને ફરજીયાત રસીકરણનો નિયમ લાગુ પડશે.




નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યના યોગ્ય કારણસર જે લોકો રસી ન મુકાવી શક્યા હોય, તેમણે કોવિડ-19 રેપિડ એન્ટિજેન ટેસ્ટ રિઝલ્ટના પુરાવા રજુ કરવા પડશે.

લિબરલ સાંસદ એન્થોની રોટા બોર્ડ ઓફ ઈન્ટરનલ ઈકોનોમીના અધ્યક્ષ છે. આ બોર્ડમાં દરેક પક્ષના ચૂંટાયેલા સાંસદો સાથે કુલ 9 સભ્યોનો સમાવેશ થાય છે. પરંતુ ગ્રીન્સ પાર્ટીના સાંસદો આમાંથી બાકાત છે. હેલ્થ કેર કેનેડા તરફથી મંજુર કરવામાં આવેલી રસીના પહેલા ડોઝ બાદ 14 દિવસમાં બીજી વખત રસી મૂકાવનાર વ્યક્તિને જ પ્રવેશ આપવામાં આવશે. હાલ અમલમાં રહેલા કાયદાઓમાં ફરજિયાત રસીકરણના આ કાયદાનો વધારો થયો છે.

લિબરલ્સ અને એનડીપીના સાંસદોએ કહ્યું હતું કે, ચૂંટણીના સમયમાં ઉમેદવારોને રસી મુકવામાં આવી છે અને તમામ કેનેડીયનોને રસી મુકવાની ઝુંબેશ દરમિયાન તેમણે રસી મુકાવી લીધી હોવાથી તેમના માટે આ નિયમની જરૂરત નથી એમ બ્લોક ક્યૂબીકોઈસ તરફથી જણાવવામાં આવ્યું હતું.

કન્ઝર્વેટિવ તરફથી આંકડાઓ જણાવવામાં આવ્યા નહોતા. પરંતુ પક્ષ તરફથી સપ્ટેમ્બર મહિનામાં મીડિયાને વિગતો અપાઈ હતી કે, કન્ઝર્વેટિવ સાંસદો જાહેર આરોગ્ય સબંધી તમામ નિયમોનું પાલન કરશે. ચૂંટણી પછીના લગભગ 2 મહિના પછી 22મી નવેમ્બરથી કેનેડા સંસદનું સત્ર શરુ થઈ રહ્યું છે.

# બ્રિટિશ કોલંબિયાના સિનેમા થિયેટરો તેમજ સંગીતના કાર્યક્રમો 100 ટકા ક્ષમતા સાથે શરૂ

## હોકીની રમતોમાં પણ સંપૂર્ણ રસીકરણ કરાવનારને એન્ટ્રી અપાઈ

**ટોરોન્ટો**

બ્રિટિશ કોલંબિયામાં ખાનગી અને જાહેર કાર્યક્રમોના આયોજન પર પ્રતિબંધો મુકવામાં આવ્યા હતા. તે લોકોએ બંને વખત રસી મુકાવવાની જરૂરિયાત પુરી કરી હોવાથી પ્રતિબંધો ઉઠાવી લેવામાં આવ્યા છે. રાજ્યના આરોગ્ય ખાતા તારફથી સમીક્ષા કર્યા બાદ સોમવાર ઓક્ટોબર 25થી આ પ્રતિબંધો ઉઠાવી લેવામાં આવ્યા છે. 12 વર્ષથી ઉપરના મોટાભાગના લોકોએ કોવિડ-19 વેક્સિનના 2 ડોઝ લીધા છે. જેથી ખાનગી અને જાહેર કાર્યક્રમોમાં નાગરિકોને ભેગા થવા પર હવે કોઈ નિયંત્રણ રાખવામાં આવ્યુ નથી.

આ અગાઉ ખાનગી અને જાહેર કાર્યક્રમમોમાં 50% લોકો ભેગા થઈ શક્તા હતા. પરંતુ હવે સોમવારથી આવા કાર્યક્રમોમાં 100% લોકોની હાજરીને મંજૂરી આપવામાં આવશે. પરંતુ આ માટે વેક્સિન કાર્ડ સાથે રાખવાની જરૂરત રહેશે એમ રાજ્યના આરોગ્ય અધિકારી ડો.બેની હેનરીએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. જો કે, પ્રાદેશિક આરોગ્ય વિભાગ તરફથી હાલમાં નોર્ધન હેલ્થ, ઈન્ટીરિયલ હેલ્થ અને ઈસ્ટર્ન ફ્રેઝર વેલીમાં આ પ્રતિબંધો ચાલુ રહેશે. આ પરિવર્તનો આંતરિક રમત-ગમતના કાર્યક્રમો, આંતરિક કોન્સર્ટસ, થિયેટર, મુવી ટિયેટર્સ, ડાન્સ અને સિમ્ફોનીના કાર્યક્રમો, લગ્ન તથા ઉત્તરક્રિયા જેવા ઈન્ડોર



કાર્યક્રમોને આ છૂટ આપવામાં આવી છે. હેનરીએ જણાવ્યું હતું કે, કદાચ બધા જ લોકોં આવા કાર્યક્રમોમાં હાજરી ના આપી શકે તે શક્ય છે. આવા કાર્યક્રમોમાં નિયમ મુજબ બંને વખત રસી મુકાવી હોય તેવા જ લોકોને હાજરી આપવા દેવામાં આવશે. પરંતુ જ્યાં વધારે વસ્તી હોય ત્યાં વાઈરસ ફેલાવાનું જોખમ વધે નહિ તેની કાળજી લેવી જરૂરી છે. અમને લાગે છે કે, જો લોકો નિયમોનું યોગ્ય રીતે પાલન કરશે અને જરૂરત પડ્યે વેક્સિન કાર્ડ રજુ કરશે તો વાઈરસ ફેલાવવાનો ડર રાખવાની જરૂરત નથી. અધિકારીઓ હજુ કેવા પ્રતિબંધો હટાવી લેવાની જરૂર છે તે સબંધે વિચારણા કરી રહ્યા છે. આરોગ્ય મંત્રી એડ્રિયન ડીકસે પણ કોવિડ-19 સબંધી સેફટી રુલ્સનો વિરોધ કર્યો હતો.

# 18મી ફ્રેડ્રિક ચોપીન ઈન્ટરનેશનલ સ્પર્ધામાં પિયાનોવાદક બ્રુસનો ડંકો

## પ્રથમક્રમ હાંસલ કરી કેનેડાના બ્રુસે 40000 યુરોનું ઈનામ મેળવ્યુ

**ક્યૂબેક**

કેનેડાના એક પિયાનોવાદકે પિયાનો વાદનની એક અતિ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વિજય મેળવ્યો છે. 18મી ફ્રેડ્રિક ચોપીન ઈન્ટરનેશનલ પિયાનો સ્પર્ધામાં કેનેડાના બ્રુસે (ઝીયાઓ)એ 40000 યુરો (57000 કેનેડિયન ડોલર) સાથે પિયાનો વાદનમાં પ્રથમ ઈનામ સાથે વિજય મેળવ્યો હતો. 18મી ફ્રેડ્રિક ચોપિં ઈન્ટરનેશનલ પિયાનો કોમ્પિટિશનમાં વિશ્વભરના પિયાનોવાદકો ભાગ લેવા ઉમટી પડે છે. ઝિઆઓલ્યુએ 12 ફાઈનાલિસ્ટમાંથી આ સ્પર્ધા જીતી હતી. લ્યુએ આ કોન્સર્ટમાં ઈ-માઈનર 11મી ઓરકેસ્ટ્રામાં ભાગ લીધો હતો. જે વૉરસોના ફીલ હાર્મોનિક ખાતે યોજાઈ હતી. તેના પિયાનો વાદનને ભારે આવકાર મળ્યો હતો. પિયાનોવાદક લ્યુ મોન્ટ્રિયાલનો રહેવાસી છે અને તેણે કન્ઝર્વેટર ડી-મોન્ટ્રિયરલમાં સ્નાતકની ડિગ્રી લીધી છે.

અહીં તેમણે રિચાર્ડ રિમાન્ડની સાથે અભ્યાસ કર્યો હતો અને બાદમાં તે યુનિવર્સીટી ડિમોન્ટ્રિયલમાં કામ કરતો હતો. પોતાના જીતના સમાચાર સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયેલા લ્યુએ જણાવ્યું હતું કે, હું જીતી તેવી આશા મેં રાખી નહોતી. સ્પર્ધામાં ભાગ લઈ રહેલા તમામ વિજેતાઓ આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભાગ લેવા માટે અતિ ઉત્સુક હતા. વૉરસો ખાતે ચોપિંસની રચનાની રજૂઆત કરવી એ એક મોટી સિદ્ધિ છે. તમે કલ્પના કરી શકો છો કે, આ એવોર્ડ મને મળ્યો છે તેમાં જ્યુરીએ મારા ઉપર મુકેલો વિશ્વાસ મહત્વનો છે. તેમના એ વિશ્વાસ બદલ હું તેમનો આભારી છું. બીજું ઈનામ ઈટાલીના એલેક્ઝાન્ડર ગાડજેઈવને મળ્યું હતું. જે 30000 યુરો એટલે કે 43000 કેનેડિયન ડોલર થવા જાય છે. નિરીક્ષકોએ નોંધ્યું હતું કે, સ્પર્ધા ઉચ્ચ કક્ષાની હતી અને આમ વિજય મેળવવો સહેલું નહોતું.

# કેનેડામાં ફુગાવાનો દર 20 વર્ષની ઊંચી સપાટીએ

## ઉર્જાની કિંમતમાં વધારો થતાં પરિવહન ખર્ચ વધ્યો અને તેની અસર અન્ય ચીજોના ભાવો પર પડી

**ટોરોન્ટો**

સપ્ટેમ્બર મહિનામાં કેનેડાનો ફુગાવાનો દર વધીને 4.4% થયો હતો. જે છેલ્લા 18 વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. તેનું કારણ પરિવહન, મકાન અને ખાદ્ય સામગ્રીના ભાવમાં આવેલો ઉછાળો છે. સ્ટેટિકસ કેનેડાએ બુધવારે જણાવ્યું હતું કે, પરિવહન ઈન્ડેક્સ કે જેમાં ગેસોલીનનો સમાવેશ થાય છે તેનો દર 9% વધ્યો હતો. ગેસોલિનના ભાવમાં છેલ્લા 1 વર્ષથી લગભગ 33%નો વધારો થયો છે એમ ડેટા એજેન્સીએ જણાવ્યું હતું.

પરિવહન ખર્ચ વધવાનું મુખ્ય કારણ ઉર્જાની કિંમતમાં વધારો છે. તેના કારણે અન્ય ચીજોના ભાવો પણ વધ્યા છે. જેમ કે, કારની ખરીદી કરવા જાવ તો તમારે ગત વર્ષ કરતા આ વર્ષે 7.2% વધારે ભાવ આપવા પડે. સ્ટેટિકસ કેનેડાએ જણાવ્યું હતું કે, વિશ્વ કક્ષાએ સેમી કંડક્ટર ચિપ સ્ટોરેજમાં માર્યાદિત સપ્લાઈ હોવાથી સપ્ટેમ્બર મહિનામાં ભાવો ઉચકાયા હતા. રહેઠાણના ખર્ચમાં પણ ગયા વર્ષ કરતા આ વર્ષે 4.8%, જયારે ખાદ્ય સામગ્રીમાં 3.9%નો ભાવ વધારો જોવા મળે છે. દરેક પ્રકારની ખાદ્ય સામગ્રીમાં ભારે વધારો જોવા મળે છે. ખાસ કરીને મટન જેવી સામગ્રીના ભાવોમાં 9.5%નો વધારો થયો હતો, જે વર્ષ 2015 પછી ભારે ઝડપી સુધારો સૂચવે છે. મંગળવારે ટોરોન્ટોના ખાદ્યાન્ન સ્ટોર્સમાં ખરીદી માટે ગયેલી માર્ટિન રોલીને જણાવ્યું હતું કે, ભાવ વધારો એટલો વધારે છે કે, મટનની ખરીદી



આપણા બજેટની બહાર નીકળી જાય છે. છેલ્લા કેટલાક વર્ષથી બીફમાં અત્યંત ભાવ વધારો થવાના કારણે મેં ઘણા વખતથી તેની ખરીદી બંધ કરી દીધી છે.

તેણીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે હું અનાજની ખરીદીનો સેલ લાગે ત્યારે એમાંથી ખરીદી કરું છું. પરંતુ તેઓ પણ હવે ભાવ વધારતા જાય છે. ચિકનના ભાવોમાં 10%નો વધારો થયો છે. જયારે બીફમાં 13% અને પોર્કમાં 9%નો વધારો થયો છે એમ સ્ટેટિકસ કેનેડા જણાવે છે. ખરીદનારાઓને હાલમાં જો કોઈ સસ્તી વસ્તુ મળતી હોય તો તે તાજા શાકભાજી છે. જેમાં 3.2%નો ઘટાડો થયો છે. બીજી તરફ અર્થ-શાસ્ત્રી એવી આશા રાખે છે કે હજુ પણ ભાવમાં વધારો થશે અને તે લોકોની અપેક્ષા કરતા ઘણો ઊંચો ભાવ વધારો હશે. આમ તો વિશ્વભરમાં દરેક ચીજોમાં ભાવમાં વધારો થયો છે. કોવિડના મહારોગચાળાની આ અસર છે. જેણે માંગ અને પુરવઠા પર ઘણી વિપરીત અસર કરી છે. નીતિ નિર્ધારકો ભાવ વધારાને હળવાશથી લેતા કહે છે કે, આ થોડા સમય માટેની સમસ્યા છે.

તંત્રી સ્થાનેથી

# ડેરા સચ્ચા સૌદાના રામ રહીમને જન્મટીપ, પાપોની સજા મળી

ભારતમાં સૌથી વિવાદાસ્પદ ધર્મગુરૂઓ પૈકીના એક ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમીત રામ રહીમ સિંહ ઈંશાંને વધુ એક કોર્ટમાં સજા થઈ ગઈ. રામ રહીમના મેનેજર રણજીતસિંહની ૨૦૦૨માં થયેલી હત્યાના કેસમાં રામ રહીમ ઉપરાંત બીજા ચાર લોકોને કોર્ટે સજા ફટકારી છે. પણ તેમાં રામ રહીમ જ મહત્ત્વનો છે. આ કેસમાં બાકીનાં બધાં તો રામ રહીમનાં પ્યાદાં હતાં. તેમાંથી એક પ્યાદું તો કોર્ટના ચુકાદા પહેલા જ પરલોક પહોંચી ગયુ છે. કોર્ટે રામ રહીમને પંદરેક દાડા પહેલાં જ દોષિત ઠેરવી દીધો હતો. પરંતુ સજા ફટકારવાની બાકી હતી. સોમવારે કોર્ટે સજાનું એલાન કરીને રામ રહીમને જન્મટીપની સજા ફટકારી દીધી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

બળાત્કાર કેસમાં રામ રહીમને ૨૦ વર્ષની જેલની સજા થઈ હતી. તેથી એ બહાર આવે એવી શક્યતા ઓછી જ હતી. એ પછી પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં જન્મટીપ થતાં રામ રહીમ બરાબર ભેરવાઈ ગયો. આ આફત ચાલુ જ હતી ત્યાં મેનેજરની હત્યા થઈ હતી. આ કેસમાં પણ જન્મટીપ પડતાં હવે રામ રહીમની કહાની લગભગ પુરી થઈ ચુકી છે. ગુરમીત રામ રહીમ સિંહ ઈંશાં સામે આક્ષેપો તો બહુ લાંબા સમયથી થતા હતા. પણ ૨૦૦૨માં રામ રહીમ સામે સાધ્વીએ બળાત્કારનો આક્ષેપ કર્યો હતો. આ સાધ્વી શરૂઆતમાં બધું સહન કરતી રહી પણ રામ રહીમના જાતીય અત્યાચારો વધતાં કંટાળેલી ડેરાની સાધ્વીએ હરિયાણા અને પંજાબ હાઈ કોર્ટના ચીફ જસ્ટિસને પત્ર લખ્યો હતો. તેનાથી કંઈ ના થતાં છેવટે ૨૦૦૨માં વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને પત્ર લખી ફરિયાદ કરી હતી. આ કેસની તપાસ ૨૦૦૨ના સપ્ટેમ્બરમાં સીબીઆઈને સોંપવામાં આવી હતી. પણ સીબીઆઈએ કશું ના કર્યું. યુવતીએ આક્ષેપ કર્યો હતો કે, રામ રહીમ પોતાના આશ્રમમાં હવસલીલા ચલાવે છે અને હજારો યુવતીઓને પોતાની હવસનો શિકાર બનાવી છે.

રામ રહીમ વગદાર હતો તેથી પોલીસ કે, સીબીઆઈ તેને કશું કરતી નહોતી. પણ રામચંદ્ર છત્રપતિ નામનો સ્થાનિક પત્રકાર રામ રહીમ સામે લખ્યા કરતો હતો. રામ રહીમને શંકા હતી કે, રણજીતસિંહ જ આ પત્રકાર સુધી આશ્રમની વાતો પહોંચાડી રહ્યો છે. દરમિયાનમાં આશ્રમમાં યુવતીઓ સાથે કેવી કેવી કામલીલા કરાય છે તેને લગતી એ પત્રિકા ફરતી થઈ. છત્રપતિએ આ પત્રિકાના આધારે રામ રહીમને ભીંસમાં લેવાનું શરુ કર્યુ, એટલે રામ રહીમ ભડક્યા. ૨૦૦૨માં રામ રહીમ સિંહના ઈશારે પહેલાં તેમની સામે લખનાર પત્રકાર રામચંદ્ર છત્રપતિની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. જે બાદ ડેરા સચ્ચા સોદાના મેનેજર રણજીતસિંહને પણ પતાવી દેવાયો હતો.

સીબીઆઈએ વરસો લગી રગશિયા ગાડાની જેમ તપાસ કરીને ૨૦૦૮માં રિપોર્ટ આપ્યો અને રામ રહીમ સામે ૨૦૧૦માં આરોપનામું દાખલ કરાયું હતું. જો કે રામ રહીમનો પ્રભાવ અને રાજકીય વગ જોરદાર હોવાથી તેની સામે કોઈ પગલાં નહોતાં લઈ શકાયાં. રામ રહીમ કેટલો લંપટ છે તેનો ખ્યાલ એ વાત પરથી આવે કે, રામ રહીમને કહેવાતી દીકરી હનીપ્રીત ઈન્સાન સાથે શારીરિક સંબધો હોવાનો દાવો હનીપ્રીતના ભૂતપૂર્વ પતિ વિશ્રવાસ ગુપ્તાએ જ કર્યો હતો. રામ રહીમ સિંહને તેનાં પાપોની સજા મળી રહી છે પણ અફસોસ એ જ વાતનો થાય કે, આ સજા તેને બહુ મોડી મળી છે. તેનું કારણ રાજકારણીઓ છે. રામ રહીમ સિંહના અનુયાયીઓ એવા દલિત અને પછાત વર્ગની જંગી મતબેંકને કારણે કોઈ તેમને છંછેડવાની હિંમત નહોતું કરતું. રામ રહીમ સિંહે તેનો ભરપૂર ફાયદો લીધો. કોંગ્રેસ તથા ભાજપને બંનેને તેમણે વરસો લગી રમાડ્યા. રામ રહીમ રાજકીય આકાઓની મહેરબાનીથી બચતો રહ્યો પણ ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપ-અકાલી દળને ટેકો આપવા છતાં તેમની હાર થતાં ભાજપે રામ રહીમને ફિટ કરી દીધો હોવાનું કહેવાય છે.

# બાંગ્લાદેશમાં મંદિરો-હિંદુ પર હુમલા છતાં ભારતની ચુપકીદી

બાંગ્લાદેશમાં એક અઠવાડિયાથી કાશ્મીરની જેમ જ હિંદુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આમ તો બાંગ્લાદેશનો ઈતિહાસ કોમી રમખાણોથી ખરડાયેલો છે. હાલમાં બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓએ દુર્ગાપૂજા દરમિયાન ફરતી થયેલી ફેસબુક પોસ્ટનું બહાનું કાઢીને બબાલ મચાવી છે. આ પોસ્ટમાં કુરાનનું કથિત અપમાન કરાયું હોવાનો દાવો કરીને કટ્ટરવાદીઓએ ચાંદીપુરના હાજીગંજ ઉપજિલામાં દુર્ગાપૂજા સમારોહ માટે ઊભા કરાયેલા મંડપમાં તોડફોડ કરી હતી અને હિંદુઓ સાથે મારપીટ કરી હતી.

આ ફેસબુક પોસ્ટના સમાચાર ફેલાતાં બીજા વિસ્તારોમાં પણ કટ્ટરવાદી મુસ્લિમો તોફાન કરવા માંડ્યા હતા.જેને કારણે આખા બાંગ્લાદેશમાં દુર્ગા પૂજાના મંડપોમાં થઈ. આ હુમલા પછી હિન્દુ મંદિરો પર હુમલા થવા સાથે હિંસા ફાટી નીકળી. કટ્ટરવાદીઓએ હિંદુ વિસ્તારોને નિશાન બનાવીને હુમલા શરૂ કર્યા છે. અત્યાર સુધીમાં 100 હિંદુઓનાં ઘરને સળગાવી દેવાયા છે. સત્તાવાર રીતે આ હિંસામાં ૪ લોકોનાં મોત થયાં છે અને ૧૦૦ જેટલાં લોકો ઘાયલ થયાં છે. બાંગ્લાદેશમાં અત્યારે અવામી લીગની સરકાર છે અને શેખ હસીના વડાં પ્રધાન છે. આખા દેશમાં હિંદુ મંદિરો પર હુમલા શરૂ થયા પછી મોડે મોડે હસીના જાગ્યાં અને સ્થિતિ નિયંત્રણમાં લાવવા માટે અર્ધલશ્કરી દળોને મેદાનમાં ઉતાર્યાં. અર્ધલશ્કરી દળ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી) ઉપરાંત આતંકવાદ વિરોધી બાંગ્લાદેશ પોલીસ રેપિડ એક્શન બટાલિયનને પણ હિંસાને રોકવા મેદાનમાં ઉતારવી પડી છે. ગુરુવાર સુધીમાં થયેલી તપાસમાં બહાર આવ્યુ કે, દુર્ગાપૂજાના મંડપમાં મુસ્લિમ શખ્સે જ કુરાન મુકી હિંસા ભડકાવી છે. સીસીટીવીમાં પોલીસને તેના પુરાવા હાથ લાગતા 3 આરોપીની ઓળખ સુદ્ધા થઈ ચુકી છે. બાંગ્લાદેશના હિંદુઓ પરના હુમલા સામે ભારતની મોદી સરકાર અને ભાજપ પણ ચૂપ છે. જો કે, વિશ્રવ હિંદુ પરિષદ સહિતનાં હિંદુવાદી સંગઠનો પણ શરૂઆતમાં ચૂપ હતાં પણ હુમલા ચાલુ રહેતાં તેમણે મેદાનમાં આવવું પડ્યું છે. વિશ્રવ હિંદુ પરિષદે તો દિલ્હીમાં બાંગ્લાદેશી દૂતાવાસો સામે દેખાવો કર્યા અને યુનાઈટેડ નેશન્સ હિંદુઓના નરસંહારને રોકવા પગલાં ભરે એવી માગણી પણ કરી છે. ભારત હિંદુઓનો સૌથી મોટો દેશ છે તેથી ભારતે બાંગ્લાદેશ કે પાક. ના હિંદુઓના મુદ્દે બોલવું જોઈએ.

manoj1968@yahoo. ca






# પ્રસિદ્ધ રૂપાલ પલ્લીમાં ચોખ્ખા ઘીની નદી અને શ્રધ્ધાનો સાગર છલકાયો

**ગાંધીનગર**

કોવિડના નિયમોને ધ્યાનમાં રાખીને જગવિખ્યાત રૂપાલ ગામની પલ્લી નિકાળવી તંત્ર માટે પડકારજનકર બાબત હતી ત્યારે પલ્લી ગામના દરેક પ્રવેશદ્વાર બંધ કરીને સ્થાનિક ભક્તો દ્વારા ધાર્મિક વિધી-વિધાન પૂર્ણ કરીને ભક્તોની ભીડ નહીં પરંતુ આસ્થાના ઘોડાપુર વચ્ચે શુક્રવારે રાત્રે 3:50 વાગ્યાની આસપાસ પલ્લી ગામમાં નિકળી હતી.

પલ્લી પર ચોખ્ખા ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો પરંતુ અગાઉના વર્ષોમાં જે રીતે કોરોડો રૂપિયાનું લાખ્ખો મણ ઘીનો અભિષેક થતો હતો તેના પ્રમાણમાં ઘટાડો થયો હતો તેમ છતા ગામમાં ચોખ્ખા ઘીની નદીઓ જોવા મળી હતી. પરંપરાગત રૂટ પર આ પલ્લીને નિકાળવામાં આવી હતી જે અઢી કલાકમાં વરદાયિની મંદિરના પરીસરમાં પહોંચી



ગઈ હતી. મહાભારતકાળથી ચાલતી ગાંધીનગર નજીક રૂપાલની પલ્લી આ વખતે કોરોનાકાળમાં પણ યોજાય તે માટે તંત્ર દ્વારા અગાઉથી જ તૈયારીઓ કરવામાં આવી હતી.

# ધાનેરામાં ભાજપના 12 સભ્ય ગેરહાજર રહેતાં કોંગ્રેસી કમળાબેન પ્રમુખ બન્યા

## 1 વર્ષમાં ધાનેરા નગરપાલિકામાં 4 પ્રમુખ બદલાયા

**ધાનેરા**

ધાનેરા નગરપાલિકામાં આજે પ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં આંતરિક વિખવાદના કારણે ભાજપે હથિયાર હેઠા મૂકતા કોંગ્રેસના ઉમેદવાર કમળાબેન નાઈ બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જોકે અઢી વર્ષની ટર્મમાં પાલિકાના ચોથા પ્રમુખ તો મળ્યા, પરંતુ વિકાસના કામમાં ગેરરીતિ મામલે આવતીકાલે પાલિકાના તમામ સદસ્યોને વિકાસ કમિશનરનું તેડું છે, ત્યારે પ્રમુખ પદ કેટલા સમય સુધી ટકી રહે છે તેને લઈ સમગ્ર શહેરમાં પ્રમુખની ચૂંટણી ચર્ચાનો વિષય બની છે. ધાનેરા નગરપાલિકામાં એક વર્ષમાં 4-4 પ્રમુખ બદલાયા છતાં લટકતી તલવાર જેવી સ્થિતિ છે. આજની પરિસ્થિતિની વાત કરવામાં આવે તો, નાયબ કલેકટરની અધ્યક્ષતામાં પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના તમામ સદસ્યો ગેરહાજર રહેતા કોંગ્રેસના સદસ્ય કમળાબેન નાઈ પ્રમુખ તરીકે બિનહરીફ વિજેતા જાહેર થયા. રાજકીય કાવાદાવામાં ચૂંટણી થતાં અનેક અટકળો યથાવત જોવા મળી હતી.

# બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંકની ચૂંટણી જાહેર થતાં 12 નવેમ્બરે મતદાન

**પાલનપુર**

બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નવા નિયામક મંડળના સભ્યોની વરણી માટે ચૂંટણી જાહેર કરાય છે જેમાં ૨૩ ઓકટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે અને ચૂંટણી ની જરૂર પડે તો ૧૨ નવેમ્બરના રોજ દરેક તાલુકા મથકે મતદાન યોજાશે. બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના નવા નિયામક મંડળ ના ૧૬ સભ્યો માટે ચૂંટણી જાહેર કરાઈ છે. જેમાં પાલનપુર, અમીરગઢ, ડીસા, વડગામ, દાંતા, ધાનેરા, દાંતીવાડા, દિયોદર, લાખણી, થરાદ, કાંકરેજ, ભાભર, વાવ, સુઈગામ અને પાટણ જિલ્લાની રાધનપુર અને સાંતલપુર બેઠકના એક એક પ્રતિનિધિ માટે ચૂંટણી થશે.

# આણંદમાં પત્ની-સાસુના ત્રાસથી દુબઈ રિટર્ન પતિની આત્મહત્યા

**વડોદરા**

વડોદરા પાસે દશરથ ગામમાં સોહમ વિલામાં રહેતાં ૪૫ વર્ષીય વિપુલ કેશવભાઈ પટેલ વર્ષ-૨૦૧૫માં દુબઈથી પરત આવ્યા હતા અને આણંદની પૂનમ દાદાવાણી સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ પાંચ મહિનામાં પૂનમ પિયર ચાલી ગઈ હતી અને ત્યારબાદ કોર્ટમાં કેસો કર્યા હતા. કોર્ટે ભરણપોષણના રૂ. પોણા આઠ લાખ ભરપાઈ કરવા હુકમ કર્યો હતો. જો કે વિપુલભાઈને મોઢાનું કેન્સર થતાં તેમણે ઓપરેશન કરાવ્યું હતું અને તેમની પાસે પૈસા પણ ખૂટી ગયા હતા. રકમ ભરપાઈ ન થતાં વિપુલભાઈને માર્ચ-૨૦૨૧માં ૩૩ માસની સાદી જેલનો હુકમ કરી વડોદરાની જેલમાં મોકલવામાં આવ્યા હતા. કોરોનાને કારણે વિપુલભાઈને ૬૦ દિવસના વચગાળાના જામીન મળતાં તેઓ પેરોલ પર બહાર આવ્યા હતા. વિપુલભાઈના ભાણીયા નીરવ પટેલે પોલીસને કહ્યું છે કે, મારા મામા ખાવા માટે પણ માસીને ત્યાં જતા હતા. તેઓ આથક રીતે પડી ભાંગ્યા હતા અને હવે હું જેલમાંથી બહાર નહીં નીકળી શકું તેમ કહેતા હતા. બીજી તરફ મારા મામી પૂનમ બેન અને તેમના માતા એટલે કે વિપુલભાઈના સાસુ બબીતા બેન સમાધાન કરવા તૈયાર ન થતાં વિપુલ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

# મોડાસા તાલુકાના યુવા એસ્ટ્રોનોમીએ અંતરિક્ષમાં ૧૨ લઘુગ્રહ શોધી કાઢયા

**અરવલ્લી**

મોડાસા તાલુકાના બોલુન્દરા ગામની પ્રાચી મારુતભાઈ વ્યાસેM.Sc વિથ રિસર્ચમાં અભ્યાસ કરીને અંતરિક્ષમાં લઘુગ્રહ સંશોધનના બે પ્રોજેક્ટ પુરા કર્યા છે. બે પ્રોજેક્ટમાં ૧૨ થી વધુ લઘુ ગ્રહ શોધીને તેમજ મંગળ ગ્રહથી ગુરુ ગ્રહ વચ્ચે લઘુગ્રહના શોધની સિદ્ધિ હાંસિલ કરી છે. નાસા દ્વારા પ્રાચીને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું છે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોલુંદરા ગામના પ્રાચી મારુતભાઈ વ્યાસે અંતરિક્ષમાં લઘુગ્રહનું સંશોધન કરી નાસાના પ્રમાણપત્ર મેળવ્યા છે.અગાઉ ૩ મેં થી ૨૮ મેં સુધી એક પ્રોજેક્ટ પૂરો કર્યો હતો. બાદમાં ૧ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બરમાં લઘુગ્રહોના અભ્યાસનો આ પ્રોજેક્ટ યુવતીએ પૂરો કર્યો છે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 9.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# ખંભાળિયામાં પાલિકાનાં ઉપપ્રમુખનાં પુત્રને આંતરીને સોનાની ચેનની લૂંટ

## 'અમારે તારી સાથે ઝગડવું છે' કહી છરી બતાવી લૂંટી ગયેલા બંને શખ્સો પકડાયા

**ખંભાળિયા**

ખંભાળિયામાં રહેતા અને નગરપાલિકાના ઉપપ્રમુખના પુત્ર એવા એક વેપારી યુવાનને ભરબપોરે જાહેર માર્ગ પર અટકાવી બે શખ્સો દ્વારા બેફામ માર મારી અને છરીની અણીએ સોનાનો કિંમતી ચેન લૂંટી લેવા સબબ આજરોજ અહીંના પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વિગત એવી છે કે ખંભાળિયાની રામનાથ સોસાયટીમાં રહેતા તથા અહીંના જોધપુર ગેઈટ ચોકમાં દુકાન ધરાવતા અને નગરપાલિકાના ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરાના ૨૧ વર્ષીય પુત્ર રાહુલ રમેશભાઈ રાયચુરા શનિવારે બપોરે તેમના એકટીવા મોટરસાયકલ નંબર જી. જે. ૩૭ ડી. ૧૬૧૯ લઈને અહીંના નવા નાકા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આ સ્થળે રહેલા અકબર ઉર્ફ હકો અલીભાઈ બ્લોચ અને બાવાજી કૈલાસનાથ ઉર્ફે કૈલો ખીમનાથ કંઠરાય નામના બે શખ્સોએ રાહુલને અટકાવી અને કહેલ કે- 'મારે અમારે તારી સાથે બાજવું છે'- જેથી રાહુલે કહેલ કે- 'હું વેપારીનો પુત્ર છું અને ઝઘડો કરવો મારું કામ નથી'- તેમ કહેતા ઉશ્કેરાયેલા આ બંને શખ્સોએ કોઈપણ જાતના કારણ વગર રાહુલને બેફામ ગાળો કાઢી, અને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા.

# ગીર-સોમનાથમાં આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી રૂ. 67 લાખની લૂંટ

## બસ સ્ટેન્ડ પર સર્જાયા ફિલ્મી દ્રશ્યો, ઘટના CCTVમાં કેદ

**ગીર-સોમનાથ**

ગુજરાતના ગીર-સોમનાથ જિલ્લાના ઉનામાં મંગળવારે આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી 47 લાખ રૂપિયાની રોકડ અને 13 લાખ રૂપિયાના સોના-ચાંદીના ઘરેણાની લૂંટનો બનાવ સામે આવ્યો છે.

સોમાભાઈ રામદાસ પટેલની આંગડિયા પેઢીનો કર્મચારી બાબૂભાઈ (57) વહેલી સવારે 5:30 કલાકે ઉના એસટી બસ સ્ટેન્ડ ખાતે ભાવનગર જવા બસમાં બેઠા હતા. આ દરમિયાન 5 જેટલા શખ્સો ત્યાં આવ્યા હતા. જે પૈકી એક વ્યક્તિ બસમાં ચડ્યો હતો અને બાબૂભાઈ પાસેથી 47 લાખ રૂપિયાની કેસ અને 13 લાખના સોના-ચાંદીના દાગીના ભરેલો થેલો આંચકીને પોતાના સાગરિતો સાથે ફરાર થઈ ગયો.

લૂંટારાઓને પકડવા માટે આંગડિયા પેઢીના કર્મચારીએ તેમની પાછળ દોટ મૂકી હતી. જો કે લૂંટારા બસ સ્ટેન્ડ બહાર ઉભેલી કારમાં બેસીને નાસી છૂટ્યા હતા. આ સમગ્ર ઘટના બસ સ્ટેન્ડના CCTVમાં કેદ થઈ જતાં પોલીસે લૂંટારાઓનું પગેરૂ મેળવવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

# દ્વારકામાં શરદોત્સવની ઉજવણી, ભક્તોએ રાસ-ગરબા રમી દર્શન કર્યા

**મુન્દ્રા**

દ્વારકાધીશ મંદિરે તા. 19ની રાત્રે શરદોત્સવની ભકિતભાવ સાથે ઉજવણી કરાઈ હતી. મંદિર પરિસર 'તારા વિના શ્યામ મને એકલડુ લાગે'ના મધુર ગીતોથી ગુંજી ઉઠયુ હતું. ઠાકોરજીને સફેદ વસ્ત્રો સાથે સોના, ચાંદી, હિરા, મોતીના અલંકારો પરિધાન કરાવાયા હતા. ચંદ્રમાના શિતળ અજવાળામાં ભગવાન શ્રીકૃષ્ણ તેમની પ્રિય રાણીઓ સંગ રાસ રમવા આવ્યા હોય તેવો અહેસાસ ભાવિકોએ માણ્યો હતો. મંદિરમાં શરદપૂનમની પરંપરાગત રીતે ધામધૂમપૂર્વક ઉજવણી થઈ હતી. પૂજારી પરિવાર તેમજ બ્રાહ્મણો અને ભાવીકો દ્વારા રાસોત્સવનું સરકારની ગાઈડ લાઈનનું પાલન કરી આયોજન કરવામા આવ્યુ હતું.

# સૌરાષ્ટ્ર યુનિ. માં અધ્યાપકોની ભરતી કૌભાંડઃ ગાંધીનગરથી તપાસના આદેશ

**રાજકોટ**




સૌરાષ્ટ્ર યુનિ. માં કરાર આધારીત અધ્યાપકોની ભરતી કૌભાંડ અંગે ગાંધીનગર સુધી ફરિયાદો પહોંચ્યા બાદ સમગ્ર પ્રકરણની તપાસ શિક્ષણ વિભાગના આગ્રસચિવને સોંપવામાં આવતા ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે રદ કરવામાં આવે તેવા નિર્દેશો યુનિ. નાસુત્રોએ આપ્યા હતાં. સૌરાષ્ટ્ર યુનિ. માં કરાર આધારીત ભરતી પ્રક્રિયામાં મોટા ભાગના સિન્ડીકેટ સભ્યોની સીધી કે આડકતરી રીતે સંડોવણી હોવાનું આધાર-પુરાવા સાથે આજરોજ જાહેર થયા પછી આ અંગે રાજયનાં શિક્ષણમંત્રીએ યુનિ. ના કુલપતિ સાથે વાત કરી અગ્રસચિવને સમગ્ર તપાસનો હવાલો સોંપ્યો હતો. આ પ્રકરણમાં તા. ૨૭નાં સિન્ડીકેટની બેઠકમાં પસંદગી પ્રક્રિયાને બહાલી આપવામાં આવે તે પહેલાં તમામ ભવનોના ઈન્ટરવ્યુ કેન્સલ કરવામાં આવે તેવી સંભાવના દર્શાવવામાં આવી છે. ગત વર્ષે જે ઉમેદવારોની ૧૧ માસ માટે નિમણુંક થઈ હતી તે તમામને ૧૧ માસ પુરા થતા છૂટા કરી દેવામાં

# રાજકોટની સેન્ટ્રલ જેલ હાઉસફુલ, ક્ષમતા કરતા અંદાજે 500 કેદીઓ વધુ

**રાજકોટ**

રાજકોટ સેન્ટ્રલ જેલ હાઉસ ફુલ થઈ ગઈ છે. હાલ જેલમાં ક્ષમતા કરતા અંદાજે ૫૦૦ કેદીઓ વધુ હોવાથી બીજી જેલ શરૂ કરવાની જરૂરીયાત ઉભી થઈ છે. આ માટે જેલ સતાવાળાઓએ કલેકટર પાસે જમીનની માંગણી કરી છે. ૨૦૧૧-૧૨ ની સાલમાં રાજકોટ જિલ્લા જેલને અપગ્રેડ થઈ સેન્ટ્રલ જેલમાં તબદીલ કરવામાં આવી હતી. સેન્ટ્રલ જેલમાં ૧૨૩૦ કેદીઓની ક્ષમતા હતી, જેની સામે હાલમાં ૧૭૬૦ કેદીઓ છે. જે ક્ષમતા કરતા અંદાજે ૫૦૦ વધુ છે. રાજકોટ સેન્ટ્રલ જેલ અત્યારથી નહી છેલ્લા બે કરતા વધુ વર્ષથી ઓવરક્રાઉડેડ છે, જેનું કારણ છે કે સૌરાષ્ટ્ર-કચ્છમાં બે વર્ષથી વધુ સજા પામેલા કેદીઓને અહીં મોકલવામાં આવે છે.



# નડિયાદના મંગળપુરા પાસે ઈકોને ટ્રેલરે અડફેટે લેતા 4 ના મોત : ચાલક ફરાર

**નડિયાદ**

સંતરામપુર ગામના મચ્છી બજારમાં રહેતા જીતુભાઈ ભોઈ બુધવારે રાત્રીના સુમારે મલાતજ ગામે આવેલ મેલડી માતાના દર્શન કરવા માટે ઈકો ગાડી લઈને નિકળ્યા હતા. તેઓની સાથે તેમનો ભત્રીજો સંજયભાઈ ભોઈ, મિત્રો સંજયભાઈ બારૈયા, રાજુભાઈ ભોઈ, સુરેશભાઈ ભોઈ, આકાશભાઈ ડબગર પણ ગાડીમાં સવાર હતા. રાતના ૧૧:૦૦ વાગ્યાના અરસામાં તેઓ મહુધા-નડિયાદ રોડ પરના મંગલપુર પાટીયા પાસેથી પસાર થઈ



રહ્યા હતા. તે સમયે કન્ટેઈનરના ચાલકે જીતુભાઈની ગાડીને ટક્કર મારી હતી જેથી જીતુભાઈએ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને ગાડી રોડની સાઈડમાં આવેલ ગટરમાં પલ્ટી ખાઈ ગઈ હતી. આ બનાવમાં ગાડીના ચાલક જીતુભાઈને અને આકાશભાઈ ડબગરને શરીરે ગંભીર ઈજાઓ પહોચી હતી. જ્યારે સુરેશભાઈ અંબુભાઈ ભોઈનું બનાવ સ્થળે મૃત્યુ નિપજયુ હતુ. જે બાદ આકાશભાઈ, સંજયભાઈ બારૈયા, રાજુભાઈભોઈ, અને સંજયભાઈ ભોઈને નડિયાદ સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં સંજયભાઈ અને રાજુભાઈનું મૃત્યુ થયું હતુ. જ્યારે જીતુભાઈના ભત્રીજા સંજયભાઈ ભોઈએ અમદાવાદ સિવિલમાં દમ તોડ્યો હતો.

# શહીદ થનાર કપડવંજના જવાનની ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ

**નડિયાદ**

કપડવંજ તાલુકાના એક ગામનો જવાન જમ્મુ કાશ્મીરમાં થયેલ આતંકવાદી સાથેની અથડામણમાં વીરગતિ પામ્યા હતા. તેમનો પાર્થિવ દેહ વિમાનમાર્ગે અમદાવાદ અને ત્યાથી માદરે વતન લાવવામાં આવ્યો હતો. જ્યા ગાર્ડ ઓફ ઓનર આપીને શહીદ જવાનને શ્રધ્ધાજલિ અર્પી હતી. પરિવારજનોના હસ્તે જવાનના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. વણજારીયા ગામમાં રહેતા રાઘાભાઈનો દિકરો હરીશસિંહ પરમાર ઉ. ૨૫ ગત તા. ૧૬-૧૦-૨૦૨૧ ના રોજ શહીદ થયા હતા. શનિવારના



રોજ પૂંચ સેકટરમાં સૈન્ય અને આંતવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. જે કલાકો સુધી બંને પક્ષે ભારે ગોળીબાર થયો હતો. જેમાં સપૂત હરીશસિંહ પરમાર વીરગતિને પામ્યા હતા. હરીશસિંહનુ પોસ્ટીંગ આસમથી તાજેતરમાં જમ્મુ કશ્મીરના પૂંચ સેકટરમાં થયુ હતુ. હરીશસિંહ વર્ષ-૨૦૧૬ માં ભારતીય આર્મીમાં જોડાયા હતા. ૨૫૦૦ વસ્તી ધરાવતુ વણઝારીયા ગામ ગમગીન બન્યુ હતુ.

# વડોદરાની કોર્ટમાં આધેડનો જ્વલનશીલ આત્મવિલોપનનો પ્રયાસ

**વડોદરા**

શહેરના દાંડિયા બજાર વિસ્તારમાં રહેતા 56 વર્ષના ઈન્દ્રવદન દવે નામના વ્યક્તિએ કોર્ટના પહેલા માળે શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટીને આત્મવિલોપનનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. કોર્ટ કેસ અને ન્યાય માટેની દોડધામ વચ્ચે ઈન્દ્રવદન દવેએ વડોદરાની કોર્ટના પ્રથમ માળે આવેલ બાથરૂમમાં જઈ શરીર પર જ્વલનશીલ પ્રવાહી નાખી આત્મવિલોપન નો પ્રયાસ કર્યો હતો. ઈન્દ્રવદન સળગેલી હાલતમાં દોડતા કોર્ટના કર્મચારીઓ અને વકીલોએ તેને બચાવીને 108 મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડયા છે. જ્યાં તેમની હાલત સુધારા પર છે.

# આણંદ જિલ્લામાં 8 તાલુકાના 191 ગ્રામ પંચાયતોના સરપંચોનુ રોસ્ટર જાહેર થયું

## ગ્રામ પંચાયતોમાં મહિલાઓ સરપંચપદે ચુંટાશે, અનામતનો લાભ ગ્રામીણક્ષેત્રમાં વર્તાશે

**વલ્લભવિદ્યાનગર**

આણંદ જિલ્લાની ૮ તાલુકાના ૧૯૧ ગ્રામ પંચાયતોની ચુંટણીના પડઘમ ગાજી ઉઠયા છે. ડિસેમ્બરમાં પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતો હોઈ તંત્રએ ચુંટણી યોજવા માટે કવાયત હાથ ધરી છે.જેમાં જુદુ-જુદુ રોસ્ટર જાહેર કરાતા જ ગ્રામ્ય વિસ્તારના રાજકારણમાં ગરમાવો વ્યાપ્યો છે. રોસ્ટર જાહેર થતાં જ પુરૂષ ઉમેદવારોની બાદબાકી નિશ્ચિત બની છે. જયારે કેટલાક ગ્રામીણ વિસ્તારમાં સક્ષમ નેતાઓ પોતાના પરિવારની મહિલાઓને સરપંચ બનાવવા ઉત્સુક બન્યા છે.

### હોદ્દા અનામત અંગેની વિગત

- અનુ. જાતિ અનામત બેઠક - ભડકદ
- અનુ. આદિ જાતિ અનામત બેઠક - મલાતજ
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત મહિલા અનામત બેઠક - દેવાતજ
- સામાજિક-રીતે પછાત અનામત બેઠક - ગાડા
- સામાન્ય મહિલા અનામત બેઠક - બાલીન્ટા, બાંટવા, ડાલી, દેવા તળપદ, ઈસણાવ, કાસોર, ખણસોલ, કોઠાવી, લીંબાલી અને મઘરોલ
- બિનઅનામત સામાન્ય બેઠક - ડભોઉ, મેઘલપુર, પલોલ, પીપળાવ, રૂણજ, ત્રંબોવાડ અને વિરોલ (સો)

# ડાકોરમાં શરદપૂર્ણિમાએ રણછોડરાયજીને સવા લાખનો મૂગટ પહેરાવાયો

**ડાકોર**

યાત્રાધામ ડાકોરમાં શરદપૂર્ણિમાનો તહેવાર ધામધૂમથી ઉજવાયો હતો. ભગવાનને મંગળા આરતી બાદ અલંકારી વસ્ત્રો ઘારણ કરાયા હતા. ભગવાને સવા લાખનો મોટો મૂગટ પહેરાવવામાં આવ્યો હતો. યાત્રાધામ ડાકોરમાં આજે શરદપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ભગવાનના દર્શનના સમયમાં પણ ફેરફાર કર્યો હતો. સવારે ૫:૦૦ વાગ્યેના અરસામાં નીજમંદિર ખુલ્ય હતુ. આ બાદ ૫:૧૫ ના અરસામાં મંગળાઆરતી કરવામાં આવી હતી. નિત્યક્રમ પ્રમાણે મંગળા આરતી બાદ અલંકારિક વસ્ત્રો ધારણ કર્યા હતા. તેમજ કીમતી જર ઝવેરાત ધારણ કરી દૈદીપ્યમાન શોભતા હતા.

# સિંહ જેવી દ્રઢતાથી થશે લોક કલ્યાણની કામગીરી : સીએમ ભૂપેન્દ્ર પટેલનો સંકલ્પ

## બોડેલીમાં 120 કરોડના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું ઉદઘાટન

**વડોદરા**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સિંહ જેવી દ્રઢતાથી લોકકલ્યાણના કામો કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું છે કે રાજ્યમાં દરેક ઉદ્યોગને સહુલિયત રહે અને ક્યાંય કનડગત ન થાય તેની રાજ્ય સરકાર દરકાર લેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નજીક અલ્હાદપુરા દૂધ શીત કેન્દ્ર ખાતે રૂ. ૧૨૦ કરોડના ખર્ચે વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટને ખુલ્લો મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રી દ્વારા ઉદઘાટિત નવ નિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટમાં દૂધ પ્રોસેસ ક્ષમતામાં ૩ થી ૬ લાખ લીટર પ્રતિ દિન વધારો થશે. દૂધની પેકિંગ ક્ષમતા પ્રતિ દિન ૩ લાખ થવા સાથે સ્ટોરેજ ક્ષમતા ૪ લાખ લીટર થશે. એટલુ જ નહિ ભવિષ્યમાં ૧૧ લાખ લીટર પ્રતિ દિવસ દૂધ સંપાદન પહોંચે ત્યાં સુધીની ક્ષમતા ઉભી થઈ છે. આ નૂતન પ્લાન્ટ આદિવાસી વિસ્તારમાં સ્થપાયેલ હોવાથી રાજ્ય સરકારની દૂધ સંજીવની યોજના વધુ સરળ અને સુલભ બનશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સહકારી પ્રવૃત્તિ ગુજરાતમાં ખૂબ વિકસી છે. ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે નવા સુધારા દ્વારા સહકારી માળખાને મજબૂતી આપી છે. ડેરી ઉદ્યોગ એ સહકારિતાની નાભી જેવો ઉદ્યોગ છે. જે લાખો પશુપાલકોને આત્મ નિર્ભર બનાવે છે. સહુનો સાથ, સહુનો વિકાસ અને સહુનો વિશ્વાસ એ પ્રધાનમંત્રીનું સૂત્ર સહકારી ડેરી ઉદ્યોગને ખૂબ લાગુ પડે છે.

# જો અધિકારીઓ કામ નહીં કરે તો ફીટ કરાવી શકીએ : મધુ શ્રીવાસ્તવની ધમકી

**વડોદરા**

વાઘોડિયા વિધાનસભા બેઠક પરથી સતત ચૂંટણી જીતનારા ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પોતાના વિવાદિત નિવેદનોના કારણે કાયમ ચર્ચામાં રહે છે. આજે પણ તેઓએ વાઘોડિયા ગેસ્ટ હાઉસમાં ગ્રામ પંચાયતોના સરપંચોની મળેલી બેઠકમાં અધિકારીઓને કામ ના કરે તો ફીટ કરાવી દેવાની ધમકી આપી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વાઘોડિયા સહિત 67 ગ્રામ પંચાયતોના સરપંચોની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઘોડિયા તાલુકાના સરપંચની આગેવાનીમાં મળેલી આ બેઠકમાં આસપાસની 67 ગ્રામ પંચાયતોના સરપંચો સહિત વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ ખુદ હાજર રહ્યાં હતા. વાઘોડિયા તાલુકા વિકાસ અધિકારી તુલસી ઠક્કર વિરુદ્ધ 67 ગ્રામ પંચાયતોએ બળવો પોકાર્યો છે. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી પર સંગીન આક્ષેપ કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં સંબોધન કરતાં સમયે મધુ શ્રીવાસ્તવે કહ્યું કે, આપણે આ લોકોને એવી રીતે સજા આપીએ. આપણા વડે જ આ લોકો અધિકારી છે અને આજ અધિકારી વિકાસના કામ ના કરે તો કેમ ચાલશે. આ અધિકારીઓ દૂધે ધોયેલા નથી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West): 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga: 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

# પલસાણા તાલુકાના વરેલી ગામે પેકેજીંગ ફેક્ટરીમાં આગથી 2ના મોત, 70ને ઈજા

**બારડોલી**

સુરત નજીક પલસાણા તાલુકાના વરેલી ગામે સોમવારે વિવાહ પેકેજીંગ ફેક્ટરીમાં મળસ્કે આગ લાગતાં બે કામદારના મોત થયા હતા. જ્યારે ચાર માળના બિલ્ડીંગમાં અગાસી ઉપર ફસાયેલા ૧૦૦થી વધુ કામદારોને સુરત ફાયર બ્રિગેડની ટીમે હાઈડ્રોલિક સીડીથી સલામત રીતે રેસ્ક્યુ કર્યા હતા. ચોથા માળેથી દોરડું બાંધી નીચે ઉતરવા જતાં ૭૦થી વધુ કામદારોના હાથમાં ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કર્યા છે. પોલીસે ફેક્ટરીના બે માલિક અને મેનેજર વિરૂધ્ધ ગુનાહિત બેદરકારીમાં કામદારોના મોત નિપજવા અંગે ગુનો નોંધ્યો હતો.



વરેલી ગામે સાંઈ દર્શન સોસાયટી જવાના રોડ ઉપર તુલસીપત્ર એમ્બ્રોઈડરી પાર્કમાં વિવાહ પેકેજીંગ ફેક્ટરી આવેલી છે. ચાર માળના બિલ્ડીંગમાં ભોયતળિયામાં અને પ્રથમ માળે પ્લાસ્ટિકની બેગ તેમજ માસ્ક બનાવવામાં આવતા હતા. ફેક્ટરીમાં ચોથા અને પાંચમાં માળે રૂમ બનાવેલી છે. જેમાં કામદારો રહેતા હતા. ફેક્ટરીના માલિક જનક મધુભાઈ જોગાણી અને શૈલેષ વિનુભાઈ જાગણી છે. જ્યારે મેનેજર તરીકે દિનેશ નાથાભાઈ વઘાસીયા નોકરી કરે છે. નિત્યક્રમ મુજબ ફેકટરીના માલિકો સાંજે બિલ્ડીંગના મુખ્ય દરવાજાએ તાળું મારી દે છે. રવિવારે ફેક્ટરી બંધ હતી અને રાત્રે તમામ કામદારો રૂમમાં અને ફેકટરીમાં ઉંઘતા હતા. દરમિયાન મળસ્કે ૪-૦૦ વાગ્યાના સુમારે ફેકટરીના નીચે અકસ્માતે અચાનક આગ ભભૂકી હતી. જોતજોતામાં આગ વિકરાળ બનતા બિલ્ડીંગમાં ધુમાડાના ગોટેગોટા થઈ ગયા હતા.

# સુરતમાં ગૃહકંકાસથી ત્રાસી પત્નીની આત્મહત્યા, પિતાએ દીકરી સાથે તાપીમાં ઝંપલાવ્યું, દીકરીનું મોત

**સુરત**

સુરતમાં રહેતો સૌરાષ્ટ્રનો પરિવાર વિખેરાવાની દુખદ ઘટના બની છે. પત્નીએ આપઘાત કરતા પતિ હૈયાફાટ રૂદન કરીને 7 વર્ષની પુત્રીને લઈને તાપી નદીમાં કુદ્યો હતો. જેમાં માસુમ પુત્રીનું મોત નિપજ્યુ છે અને પિતા સારવાર હેઠળ છે. સમગ્ર મામલામાં સામે આવ્યું કે, સાવકી દીકરીને લઇ થતાં પતિપત્ની વચ્ચે ઝઘડો થતા પત્નીએ ઝેર ગટગટાવ્યું હતું. ત્યારે જેલ ન જવાની બીકે પતિએ પુત્રી સાથે નદીમાં ઝંપલાવ્યું હતું.

લીલવા ગામનો તળાવિયા પરિવાર સુરતમાં સ્થાયી થયો છે. રત્ન કલાકાર તરીકે કામ કરતા સંજય તળાવિયાનો પરિવાર સુરતના સરથાણા વિસ્તારમાં વ્રજભૂમિ વિસ્તારમાં રહે છે. સંજયભાઈના પોતાની પહેલી પત્ની જલ્પા સાથે 2018 ના વર્ષમાં ડિવોર્સ થયા હતા. જેનાથી તેમને 7 વર્ષની દીકરી જીયા હતી. ડિવોર્સ બાદ જિયા પિતા સાથે રહેતી હતી. થોડા સમય બાદ સંજયે રેખા નામની મહિલા સાથે બીજા લગ્ન થયા હતા. સંજયની 32 વર્ષીય બીજી પત્ની રેખાના પણ અગાઉ છૂટાછેડા થયા હતા અને રેખાને પહેલાં લગ્નથી એક પુત્ર હતો. પરંતુ જીયાને સાચવવાના મુદ્દે બંને પત્ની પતિ વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. જેથી રેખાબેને બુધવારે ઝેરી દવા પીને આત્મહત્યા કરી હતી. પત્નીની આત્મહત્યા જોઈને સંજય ગભરાઈ ગયો હતો. પોતાને જેલ થશે તે ડરે તેણે પણ આત્મહત્યાનો રસ્તો અપનાવ્યો હતો. દીકરી જીયાને લઈને તે તાપી નદીમાં આત્મહત્યા કરવા પહોંચ્યો હતો. સવજી કોરાટ બ્રિજ પર તેણે હૈયાફાટ રુદન કર્યું હતું, જેના બાદ તે દીકરી જીયાને લઈને નદીમાં કૂદ્યો હતો. પરંતુ સંજયને નદીમાં ડૂબતા જોઈ સ્થાનિક લોકો મદદે આવ્યા હતા. પિતા પુત્રીને નદીમાં બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યા માસુમ જીયાનું પાણીમાં ડૂબીને મોત નિપજ્યુ હતું.

# સુરત કોંગ્રેસમાં ફરી ભૂકંપ, સંગઠન નબળુ પડ્યાનું કહી ઉપપ્રમુખે રાજીનામું ધરી દીધું

## હવે પક્ષમાં હાર્દિક પટેલને મહત્વની જવાબદારી મળે તેવી શક્યતા વર્તાઈ

**સુરત**

ગુજરાત કોંગ્રેસમાં આંતરિક વિખવાદ હવે સપાટી પર આવી ગયા છે. નારાજગીના દોર વચ્ચે હવે રાજીનામા પડી રહ્યાં છે. ત્યારે સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખે હોદ્દા પરથી રાજીનામુ આપ્યું છે. સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ તારાચંદ કાસટે પદ પરથી રાજીનામુ આપ્યું છે. તારાચંદ કાસટે લેખિતમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને હિન્દીમાં લખેલુ રાજીનામું સોંપ્યું છે. તારાચંદ કાસટે પોતાના રાજીનામા પત્રમાં કોંગ્રેસમાં અનુશાસનની કમી હોવાનો ઉલ્લેખ કર્યો છે. સાથે જ પરિવારવાદ સામે કોઈ કાર્યવાહી ન થઈ હોવાની ફરિયાદ પણ કરી છે.



તેમણે કોંગ્રેસનું સંગઠન નબળું હોવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો છે. તેમજ નેતાઓ સરકારનો પ્રબળ વિરોધ કરવામાં નિષ્ફળ ગયાનો આરોપ પણ લગાવ્યો છે. તેમણે પત્રમાં લખ્યું કે, લોકોમાં કોંગ્રેસ પ્રત્યે આસ્થા અને વિશ્વાસ ઓછો થયો છે. આમ, અનેક કારણો રજૂ કરીને તેમણે પક્ષે પોતાનું રાજીનામુ ધર્યુ છે.

# સુરતના વિદ્યાર્થી પ્રિયાંશને અમેરિકાની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો

**સુરત**

ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ એ જ મોટી સિદ્ધી સમાન ગણાય છે. ત્યારે સુરતના એક વિદ્યાર્થીએ આ સિદ્ધી પ્રાપ્ત કરી છે. તેને અમેરીકામાં તેના રિસર્ચના આધારે ઓક્સફોર્ડ યુનિવસટીમાં સીધો પીએચ. ડી. માં પ્રવેશ મળ્યો છે. સૌરાષ્ટ્રનાં ગારિયાધારના વાવડી ગામના વતની અને હાલ સુરતમાં વરાછા રોડ પર વિઠ્ઠલ નગર સોસાયટીમાં રહેતા ધનસુખભાઇ ગુજરાતીના ૨૧ વર્ષના પુત્ર પ્રિયાંશે ધો. ૧ થી ૭ સુધી પી. પી. સવાણી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. બાદમાં આગળના અભ્યાસ માટે બેંગ્લોર ગયો હતો. ધો. ૧૨ સુધી બેંગલોરમાં સ્ટડી કર્યા બાદ અમેરિકાની ટાઉસન યુનિવસટીમાં કેમેસ્ટ્રીમાં બેચલર ડિગ્રી મેળવી. હતી. તેના રિસર્ચને આઠ એવોર્ડ પણ મળ્યા હતા. તેના ત્રણ લેખ અમેરિકાનાં જનરલમાં પ્રસિદ્ધ થયા હતા. તેના અમેરિકાના રિસર્ચનાં આધારે જ તેને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં સીધો પ્રવેશ મળ્યો હતો. તેને ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં પીએચ. ડી. માટે એડમીશન મળ્યુ છે. પ્રિયાંશના પિતા ધનસુખભાઇના જણાવ્યા અનુસાર પ્રિયાંશ ધો. ૧ થી ૯ સુધી ખૂબ તોફાની અને ભણવામાં ઠોઠ હતો, પરંતુ ધો. ૧૦ બાદ તેની તેજસ્વિતા નીખરી હતી. રાત્રે દોઢ વાગ્યે જ્યારે ઓક્સફોર્ડ યુનિવર્સીટીમાં પ્રવેશ મળ્યાના તેણે ન્યુઝ આપ્યા ત્યારે પરિવારમાં મધ્યરાત્રિએ ખુશીનું અજવાળુ પથરાય ગયુ હતુ.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

સ્વદેશ



## હા, મને બોડી ડિસમોર્ફિઆ છે મેગન ફોક્ષ

મેગન ફોક્ષે તેના બોયફ્રેન્ડ મિકેન કેલી સાથે બ્રિટિશ મેગેઝિનને એક ઇન્ટરવ્યૂ આપ્યો હતો, આ ઇન્ટરવ્યૂમાં તેણે પોતાને લઈને મોટો ખુલાસો કર્યો હતો. આ કપલ ઘણાં સમયથી એકબીજાને ડેટ કરી રહ્યું છે. મેગને તાજેતરમાં જ જણાવ્યું હતું કે મને બોડી ડિસમોર્ફિઆ છે. હા, હું તેનાથી પીડાઉં છું. હું આ રોગ માટે ટ્રીટમેન્ટ લઇ રહી છું, પણ હા, હું તેના સિમટમ્સમાંથી પસાર થાઉં છું. બોડી ડિસમોર્ફિઆમાં સમસ્યા એ હોય છે કે પેશન્ટને પોતાના દેખાવ બાબતે, પોતાની બોડી બાબતે સતત અભાવ વર્તાયા કરે છે.

## આદર્શ ગૌરવને મેરિલ સ્ટ્રીપ સાથે હોલીવૂડમાં કામ કરવાની તક મળી



મુંબઇ : ઓટીટી પ્લેટફોર્મ પરની ધ વ્હાઇટ ટાઇગરથી જાણીતો થયેલ આદર્શ ગૌરવને હવે હોલીવૂડમાં કામ કરવાની તક મળી છે. પોતાની આ સફળતા પર આદર્શ ગદગદ થઇ ગયો હતો. આદર્શે જણાવ્યું હતું કે, સાચું કહું તો, મને આટલો જલદી જ આવો સારો પ્રોજેક્ટ મળશે જે મેં શમણાંમાં પણ વિચાર્યું નહોતું.મને કારકિર્દીની શરૂઆતમાં જ એક અવિશ્વનિય ટીમ સાથે કામ કરવાની તક મળી તેનું આ પરિણામ છે. આ મારા માટે કોઇ મોટા ઇનામથી ઓછું નથી. નેટફ્લિક્સ મુવી ધ વ્હાઇટ ટાઇગરની લોકપ્રિય થવા આદર્શ ગૌરવે એક લાંબી છલાંગ મારી છે.

# લોકોએ સર્જરી કરાવવાનું બંધ કરી દેવું જોઈએ: રાધિકા આપ્ટે



એક્ટ્રેસ રાધિકા આપ્ટેએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન સેલિબ્રિટી વિશે ખૂલીને વાત કરી અને ફોટોઝ શેર કરનાર પ્લેટફોર્મ પર ફિલ્ટરનો ઉપયોગ નહી કરવાની વાત કરી. રાધિકાએ કહ્યું કે, મને લાગા છે કે લોકોએ સર્જરી કરાવવાની બંધ કરી દેવી જોઈએ અને ફરીથી પ્રાકૃતિક સુંદરતા વિશે વાત કરવી જોઈએ. રાધિકાએ આગળ કહ્યું કે, મને લાગે છે કે દરેક જાણે છે કે મેકઅપ વગર મારો ચહેરો કેવો લાગે છે અને તેમાં છુપાવવા માટે કશું જ નથી. ક્યારેક ક્યારેક હું મેકઅપ કરતા કરતા થાકી જાઉ છું પરંતુ બ્રાન્ડ પણ મારાથી કઈક એક્સપેક્ટ કરે છે એટલા માટે હું માત્ર એક જ ફિલ્ટર લગાવું છું કારણ કે તેનાથી મને મેકઅપ કરવાની તસદી નથી લેવી પડતી. સોશિયલ મીડિયા ટ્રોલિંગ અને નેગેટિવિટીનો ભોગ બનવા મુદ્દે વાત કરતા રાધિકાએ કહ્યું કે, સામાન્ય રીતે હું કમેન્ટ્સ નથી વાંચતી લોકડાઉનમાં મને એક-બે વખત કમેન્ટ્સ વાંચવા મળી ત્યારે હું પરેશાન થઈ ગઈ. એટલા માટે નહી કે તે લોકોએ મને અનકમ્ફર્ટેબલ ફીલ કરાવ્યું પરંતુ એ માટે કે લોકોના દિલમાં કેટલી નફરત અને નેગેટિવિટી છે. આ જોવું મને ખૂબ પરેશાન કરે છે.

## લગ્નની ખબરો વચ્ચે મૌની રૉયનું હોટ ફોટોશૂટ



ટીવી પર નાગિન બની દરેકનું દિલ જીતનાર મૌની રોય ફરી એક વખત ચર્ચામાં છે. આ કારણ તેના લગ્ન નથી પરંતુ તેનું ફોટોશૂટ છે. મૌની રોયે તાજેતરમાં જોરદાર ફોટોશૂટ કરાવ્યું છે અને તેના ફોટોઝ સોશિયલ મીડિયા પર છવાઇ ગયા છે. મૌનીના આ ફોટોઝ ખૂબ જ બોલ્ડ અને ગ્લેમરસ છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેનાર મૌની રોય તેના ફેન્સને સરપ્રાઇઝ આપતી હોય છે. આ ફોટોશૂટ પણ તેના ફેન્સ માટે કોઇ સરપ્રાઇઝથી કઇ કમ નથી. આ ફોટોઝ જોઇને ફેન્સ મૌની રોયની ફિગર અને ફિટનેસના વખાણ કરી રહ્યા છે.મૌનીએ આ ફોટો તેના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યું છે. મૌનીએ તેના સિમ્પલ લૂકની સાથે ખૂબ જ સારો મેકઅપ કર્યો છે. તેની આંખોમાં કાજલ અને લાઇનર સારું લાગે છે. સિમરી ડ્રેસમાં મૌની ખરેખર પ્રિન્સેસ લાગે છે.











હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## રવિ શાસ્ત્રી અને વિરાટ કોહલીની મનમાનીને દૂર કરવા ક્રિકેટ બોર્ડ મોડે મોડે જાગ્યું

# રાહુલ દ્રવિડ બની શકે ટીમ ઈન્ડિયા પથદર્શક

યુએઈ અને ઓમાનમાં ટી-૨૦ વર્લ્ડકપ શરૂ થઈ ગયો છે. યુએઈ અને ઓમાનમાં રવિવાર અને ૧૭ ઓક્ટોબરથી શરૂ થયેલા ટી-૨૦ વર્લ્ડ કપમાં કુલ ૧૨ ટીમો ભાગ લઈ રહી છે. આ પૈકી ટેસ્ટ ક્રિકેટ રમતા ૮ દેશો ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, અફઘાનિસ્તાન, ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાને સીધો પ્રવેશ મળ્યો છે. જ્યારે બાકીની ચાર ટીમો ક્વોલિફાઈંગ રાઉન્ડના આધારે નક્કી થવાની છે. ભારત તેના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત ૨૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામેની મેચથી કરશે. પાકિસ્તાન અને ભારત કટ્ટર હરીફ છે તેથી આ મેચ પહેલાં ભારે ઉત્તેજનાનો માહોલ છે. ભારત વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે કદી હાર્યું નથી અને આ રેકોર્ડ આ વખતે તૂટશે કે નહીં એ મુદ્દો ચર્ચામાં છે. ટીવી ચેનલો પર અત્યાર પમૌકા, મૌકાથ એડ ફરી ધૂમ મચાવી રહી છે અને માહોલ જામી રહ્યો છે. ભારત ૨૦૧૧માં વન-ડેનો વર્લ્ડકપ જીત્યું પછી છેલ્લા એક દાયકામાં કોઈ મોટી સ્પર્ધા નથી જીત્યું.

વિરાટ કોહલી ભારતને વર્લ્ડ કપ જેવી મોટી સ્પર્ધા જીતાડી શકતો નથી એવું પણ કહેવાય છે. આ વખતે કોહલી ભારતને ચેમ્પિયન બનાવીને એ મહેણું ભાંગશે કે નહીં તેની પણ ચર્ચા છે. વિરાટ કોહલી ટી-૨૦ વર્લ્ડકપ પછી ટ્વેન્ટી ટ્વેન્ટીમાં ભારતનું નેતૃત્વ કરવાનો નથી તેવી જાહેરાત થઈ ચુકી છે. તેથી કોહલીનો કેપ્ટન તરીકે આ છેલ્લો ટી-૨૦ વર્લ્ડકપ છે. કોહલીની જેમ ભારતીય ટીમના હેડ કોચ રવિ શાસ્ત્રીની વિદાયના પણ ભણકારા વાગી રહ્યા છે. શાસ્ત્રીના સ્થાને હેડ કોચ તરીકે રાહુલ દ્રવિડ સેવા આપે તેવી શકયતા વર્તાઈ રહી છે. બોર્ડ શાસ્ત્રીને ટી-૨૦ વર્લ્ડકપના સમાપન પછી વિદાય આપે તેવા સંકેતો મળ્યા છે. શાસ્ત્રીના બદલે કોને લાવવો એ મુદ્દે લાંબા સમયથી ઘમ્મરવલોણું ચાલી રહ્યું છે. બોર્ડની નજર અંતે દ્રવિડ પર ઠરી હોવાનું કહેવાય છે.

બોર્ડ દ્વારા હેડ કોચની જગ્યા પણ નિમણૂંક માટે અરજીઓ પણ મંગાવાઈ છે. પરંતુ દ્રવિડ આ રીતે અરજી કરીને કોચ બનવા તૈયાર નહોતો. પોતે અરજી કરે અને પસંદ ના થાય તો બેઈજ્જતી થાય. દ્રવિડ જેવો મહાન ક્રિકેટર ક્ષુલ્લક લાભ માટે એવી બેઈજ્જતી કરાવવા તૈયાર ના જ થાય. તેથી અરજી નહોતો કરતો. દ્રવિડે અંગત કારણોને આગળ ધરીને અરજી કરવા ઈન્કાર કર્યો હતો. હાલમાં દ્રવિડ નેશનલ ક્રિકેટ એકેડમીનો ડિરેક્ટર હોવાથી પોતાના હોમ ટાઉન બેંગલુરુમાં જ રહે છે.





તેના કારણે પરિવાર સાથે જ રહે છે. પોતે હેડ કોચ બને તો પરિવારથી દિવસો સુધી દૂર રહેવુ પડે એવું કારણ પણ દ્રવિડે અરજી ન કરવા માટે આપ્યુ હતુ.

જો કે, દ્રવિડે દાવેદારી ન કરતા ક્રિકેટ બોર્ડે તેને સામેથી બોલાવીને સમજાવ્યો છે. અહેવાલો તો એવા છે કે, અરજીની ઔપચારિકતા પૂરી કરે તો તેને જ હેડ કોચ બનાવવાની ખાતરી પણ બોર્ડે આપી છે. બોર્ડે દ્રવિડને આઈપીએલની ફાઈનલ વખતે સામેથી યુએઈ બોલાવ્યો હતો. એ વખતે જ દ્રવિડને હેડ કોચ બનાવવાનો તખ્તો ગોઠવાઈ ગયાનું કહેવાય છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

દ્રવિડને ખરેખર ભારતીય ટીમનો હેડ કોચ બનાવાશે તો તેમાં ભારતીય ક્રિકેટનું ભલું જ છે. ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં ક્રિકેટને સંપૂર્ણ સમર્પિત જે ક્રિકેટરો આવ્યા તેમાં એક ખેલાડી રાહુલ દ્રવિડ પણ છે. ભારતીય ટીમમાં એક સમયે સચિન તેંડુલકર, વીવીએસ લક્ષ્મણ, વિરેન્દ્ર સેહવાગ, જવગલ શ્રીનાથ, અનિલ કુંબલે, વેંકટેશ પ્રસાદ વગેરે ક્રિકેટરોની આખી ફોજ હતી. આ ખેલાડીઓને ક્રિકેટ સિવાય કશામા રસ નહોતો. દ્રવિડ પણ એ ક્રિકેટરોમાં એક હતો. તેની રગ રગમાં ક્રિકેટ છે. દ્રવિડનો કોચ તરીકેનો રેકોર્ડ જોતાં પણ તે ટીમનો હેડ કોચ બનવા માટે સૌથી લાયક છે, તેમાં શંકા રાખી શકાય નહીં. દ્રવિડે ભારતની અંડર ૧૯ ક્રિકેટ ટીમના કોચ તરીકે બજાવેલી કામગીરીના કારણે તેની કોચ તરીકેની ક્ષમતા સાબિત થઈ ચુકેલી છે.

દ્રવિડ કોચ હતો ત્યારે ૨૦૧૮માં ભારતીય અંડર-૧૯ ટીમ વર્લ્ડકપ જીતી હતી. આ વર્લ્ડકપની જીતનું શ્રેય ભારતીય ક્રિકેટરોને જાય છે તેના કરતાં વધારે રાહુલ દ્રવિડને જાય છે. કેમ કે, ભારતની અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપના કોચ તરીકે રાહુલ દ્રવિડે બહુ મહેનત કરી હતી. દ્રવિડે શૂન્યમાંથી સર્જન કરેલું અને આ મહેનતના કારણે ભારત ચેમ્પિયન બન્યું. રાહુલ દ્રવિડને ૨૦૧૮ના વર્લ્ડકપના દોઢ વર્ષ પહેલાં એટલે કે, ૨૦૧૬માં ભારતની અંડર ૧૯ ક્રિકેટ ટીમનો કોચ બનાવાયો હતો. ત્યારે ભારતની અંડર-૧૯ ક્રિકેટ ટીમની હાલત બહુ ખરાબ હતી. ભારત ૨૦૧૨માં અંડર ૧૯ ક્રિકેટ વર્લ્ડકપ જીત્યું હતું પણ એ પછીના બે વર્લ્ડકપમાં ભારતને સફળતા નહોતી મળી. ભારતની ટીમ ખરાબ રીતે હારતી હતી. કેમ કે, યુવા ટેલેન્ટને શોધીને ટીમમાં લેવડાવવાની દૃષ્ટિ જ કોઈની પાસે નહોતી. આ સંજોગોમાં રાહુલના માથે ભારતને ફરી વર્લ્ડકપ જીતાડી શકે તેવી ટીમ બનાવવાની જવાબદારી હતી.

**2018માં અંડર 19 ભારતીય ટીમના વર્લ્ડકપ જીતવાનો મુખ્ય શ્રેય ખેલાડીઓ ઉપરાંત દ્રવિડને શિરે જાય છે. શિસ્તના આગ્રહી દ્રવિડ ટેલન્ટેડ ખેલાડીઓને શોધીને તાલીમ આપી રહ્યા છે**

રાહુલે એ જવાબદારી સારી રીતે નિભાવી અને ભારતને ચેમ્પિયન બનાવ્યું. રાહુલ એકદમ શિસ્તબદ્ધ ક્રિકેટર તરીકે જાણીતો છે અને આ શિસ્ત દ્વારા તેણે એવી ટીમ બનાવી જે કે વર્લ્ડકપ જીતી શકે. પોતાની કારકિર્દી દરમિયાન કોઈ પણ પ્રકારના વિવાદમાં નહીં ફસાયેલા રાહુલે પોતાની શિસ્તની આદત ભારતીય યુવા ક્રિકેટરોમાં પણ નાંખી હતી. નેશનલ ક્રિકેટ એકેડમીમાં રાહુલે ક્રિકેટરો પાસે આકરી મહેનત કરાવી અને સાથે સાથે તેમને ધીરજના પાઠ પણ ભણાવ્યા. યુવા બેટ્સમેનને ટાઈમિંગ અને શોટ સીલેક્શન પર ભાર મૂકવા તથા બોલરોને લાઈન-લેંથ જાળવીને બોલિંગ કરતાં તેણે શીખવ્યું. ૨૦૧૮નો અંડર-૧૯ વર્લ્ડકપ ન્યુઝીલેન્ડમાં રમાવાનો હોવાથી પેસ બોલરોને તેણે સ્વિંગની ખાસ તાલીમ આપી હતી. ભારતે અંડર ૧૯ વર્લ્ડકપ જીત્યો તેમાં બોલરોનો ફાળો મોટો હતો. રાહુલે તેમને શિસ્તબદ્ધ રીતે બોલિંગ કરવાની ફરજ પાડી, તેના કારણે ભારત જીત્યું. ક્રિકેટ બોર્ડે પણ રાહુલના યોગદાનને વખાણ્યું હતું અને સૌથી વધારે ઈનામ દ્રવિડને આપ્યું હતું. બીસીસીઆઈએ અંડર-૧૯ ક્રિકેટ ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડને ૫૦ લાખ રૂપિયાના પુરસ્કારનું એલાન કર્યું હતું. દ્રવિડ માટે આ રકમ બહુ મોટી નહોતી કેમ કે ભારત વતી એક દાયકા કરતાં વધારે ક્રિકેટ રમીને રાહુલ ઘણા રૂપિયા કમાયો છે પણ વાત રકમની નથી. આ રકમ બધા કરતાં વધારે હતી અને બોર્ડે પોતે કહ્યું હતું કે, રાહુલની શિસ્તના કારણે ટીમ જીતી એ વાત મોટી હતી.

રાહુલે એ પછી નેશનલ ક્રિકેટ એકેડમીના ડિરેક્ટર તરીકે પણ સારી કામગીરી બજાવી છે. યુવા ટેલન્ટેડ ખેલાડીઓને શોધી શોધીને તેમને તાલીમ આપવાની કામગીરી દ્રવિડે સારી રીતે બજાવી છે. તેના કારણે ભારતને ઘણા સારા ક્રિકેટરો મળ્યા છે. દ્રવિડ હેડ કોચ બનશે તો બીજો પણ એક ફાયદો થશે. ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ રવિ શાસ્ત્રી અને કેપ્ટન વિરાટ કોહલીએ મનમાની કરીને ટીમમાં સારા ખેલાડી આવી જ ના શકે એવી સ્થિતી પેદા કરી દીધી છે. અનિલ કુંબલે ભારતીય ટીમના કોચ હતા ત્યારે ખેલાડીઓમાં શિસ્ત હતી. કુંબલે ક્રિકેટને સમર્પિત અને જીતવાના ઝનૂન સાથે જ રમવામાં માનતા હોવાથી ભારતીય ટીમ એક નવો જ આકાર ધારણ કરી રહી હતી ત્યાં જ રવિ શાસ્ત્રીને હેડ કોચ બનાવાતાં ટીમ વેરવિખેર થઈ ગઈ છે. શાસ્ત્રી કોહલીના કહ્યાગરા કોચ તરીકે વર્તે છે, તેથી કોહલીને પસંદ છે પણ તેના કારણે ટીમ ઈન્ડિયાને બહુ મોટો ફટકો પડ્યો છે. વિરાટ કોહલી મેરિટના આધારે નહીં પણ પોતાના માનીતા કોણ તેના આધારે ખેલાડીની પસંદગી કરે છે. શાસ્ત્રી કોહલીની આ મનમાનીમાં સાથ આપ્યા કરે છે. દ્રવિડ આવશે તો આ સ્થિતિ બદલાશે અને ટીમને ફાયદો થશે.


SOLD YES
SELL YOUR HOME FAST & TOP $$$
✓ Marketing : Interment / Online Marketing, Full MLS, Facebook, Instagram, E-Blast, Whats App, Relator Network, Radio, Sponsored Ad, Local News Paper
✓ Competitive Commission Package ( Low commission Option Available)
✓ Help for Best Mortgage Arranged for Buyers
✓ First time Home Buyer
✓ New Immigration
FREE
Home Market Evaluation
FREE
Home Staging Consultation
FREE
virtual Tour with Photos
OPEN
House Until Sold
I Sell For More!
HOT MARKET
LOW/STABLE INTERST RATE
Google Customer Reviews
★★★★★
Pranay Jani
Real Estate Broker
416-258-5264
pranayjanig1@gmail.com
Pranayjani
Pranayjanig1
Call Toh Karna Hi Hoga!
HOMELIFE
HIGHER STANDARDS
G1 REALTY
INC. Brokerage
Each Office Independently Owned & Operated
2260, Bovaird Dr. E, Unit 202, Brampton ON L6R 3J5
T 905-793-7797 F. 905-593-2619
www.pranayjani.com
Congratulations
2
Information / Knowledge
Investment Strategies
Success in Real Estate

# સ્પોર્ટી ટચ આપતા હોટ ફેવરિટ બોડીકોન ડ્રેસ

કોલેજ ગોઇંગ ગર્લ્સ અને ટીનએજરના વોર્ડરોબમાં બોડીકોન ડ્રેસનો સમાવેશ ન થતો હોય એવું ભાગ્ય જ બને. બોડીકોન ડ્રેસ પ્રત્યે યુવાપેઢીમાં ખાસ આકર્ષણ જોવા મળે છે. તમે સ્લિમ છો તો તમારા કર્વ્સને ફ્લન્ટ કરવા માટે બોડીકોન ડ્રેસથી ઉત્તમ બીજો કોઇ ઓપ્શન નથી. બોડીકોન ડ્રેસ બોલિવૂડ એક્ટ્રેસને પણ આકર્ષે છે, તેથી આ આઉટફીટ એમની પહેલી પસંદ છે. તમે જો બોડીકોન ડ્રેસ પહેરવાની ઇચ્છા ધરાવતા હોવ તો તેને પહેરવાની યોગ્ય રીતને જો અપનાવવામાં આવે તો એ પહેરવામાં કમ્ફર્ટેબલ લાગશે.

## મટીરિયલ અને પ્રિન્ટ

બોડીકોન ડ્રેસ પસંદ કરતી વખતે સૌથી પહેલાં મટીરિયલનું ધ્યાન રાખવું જરૂરી છે. ડ્રેસનું મટીરિયલ પારદર્શી ન હોવું જોઇએ. થોડું જાડું હોય એવા ફેબ્રિકની પસંદગી કરો. એનાથી તમે પોતે કમ્ફર્ટેબલ ફિલ કરશો. પાતળા મટીરિયલ કરતાં થોડું થિક પસંદ કરવાથી તમારા પેટના ભાગમાં ચરબી હશે તો પણ ઓછી દેખાશે. તમારા લુકને ખાસ બનાવવા ઇચ્છતા હોવ તો સ્ટ્રાઇપ પેટર્નવાળો બોડીકોન ડ્રેસ પહેરી શકો છો. ફુલ સ્લીવ્સ લુક કે હોલ્ટર નેકલાઇન લુકની પસંદગી પણ કરી શકો છો. યુનિક લુક મેળવવા હોરિઝેન્ટલ સ્ટ્રીપ ડિઝાઇન પહેરો.



## બોડીકોન ડ્રેસને લેયર સાથે પહેરો

પાર્ટીમાં બોડીકોન ડ્રેસ પહેરીને જવું છે પરંતુ તમારી પાસે બોડીકોન ડ્રેસ સિમ્પલ અથવા પ્લેન છે. આ પ્રકારનો ડ્રેસ પાર્ટીમાં પહેરવામાં ઘણી વખત અસહજ મહેસૂસ થાય એ સ્વાભાવિક છે. તેમ છતાં આકર્ષક લુક મેળવવો હોય તો એની સાથે તમને મનગમતું પ્રિન્ટેડ કે પ્લેન જેકેટ કે ડેનિમ જેકેટ પહેરી શકો છો. ડેનિમ જેકેટ તમે ગમે ત્યારે ટ્રાય કરી શકો, એ ઓલટાઇમ ટ્રેન્ડમાં છે.


## સ્લિમ શેપર વેર

પેટના ભાગમાં ચરબીનું પ્રમાણ વધારે હોય એના લીધે બોડીકોન ડ્રેસ પહેરવામાં ખચકાટ અનુભવતા હોવ તો સ્લિમ શેપર વેરનો ઉપયોગ કરો. એ સારી ક્વોલિટીનું હોય એ વાતનું ખાસ ધ્યાન રાખો. જેથી કોઇપણ પ્રકારના બોડીલાઇન કે અંડરગાર્મેન્ટ ન દેખાય. શેપર વેર તમને સ્લિમ લુક આપશે અને તમે તમારા ફેવરિટ બોડીકોન ડ્રેસ સરળતાથી પહેરી શકો છો. આમ, થોડું ધ્યાન રાખશો તો બોડીકોન ડ્રેસ સ્પોર્ટી ટચ આપશે.

# શું તમે Ad-Block એક્સ્ટેંશનનો ઉપયોગ કરો છો?

રોજિંદી જિંદગીમાં આપણે વિવિધ વેબ બ્રાઉઝરનો ઉપયોગ કરીએ છીએ તેમજ આપણે અલગ અલગ વેબ સાઇટની મુલાકાત લેતા હોઈએ છે. મોટાભાગની વેબસાઈટમાં જાહેરાતો તથા પોપ-અપ જાહેરાતો આવતી હોય છે. જેને બ્લોક કરવા માટે ઘણાં વેબ બ્રાઉઝર એક્સ્ટેંશન રૂપે આ જાહેરાતોને બ્લોક કરવાની સુવિધા આપે છે. યુઝર્સ આ **Ad-Block** એક્સ્ટેંશનનો ઉપયોગ કરી જાહેરાતોને બ્લોક કરે છે જેથી જે-તે વેબ સાઈટ પર આ જાહેરાતો જોઈ ન શકાય.

સાયબર સિક્યુરિટી ફર્મ ઈમ્પેર્વાના નવા સંશોધન મુજબ, ગૂગલ ક્રોમ અને ઓપેરા વેબ બ્રાઉઝર્સના **Ad-Block** એક્સ્ટેંશનમાં એડ ઈન્જેકશન દ્વારા માહિતી લીક થતા હોવાનું જાણવા મળ્યું. ઓગસ્ટ 2021 ના અંતમાં એડ ઈન્જેક્શન સ્ક્રિપ્ટનું વિતરણ કરનારા ઠગ ડોમેન્સની શોધ બાદ આ તારણો આવ્યા છે કે ઓલ બ્લોક નામના એડ-ઓન સાથે જોડાયેલ છે.



ક્રોમ વેબ સ્ટોર અને ઓપેરા એડ-ઓન માર્કેટપ્લેસ બંનેમાંથી એક્સ્ટેંશન ખેંચવામાં આવ્યું છે.

જ્યારે ઓલબ્લોક જાહેરાતોને કાયદેસર રીતે અવરોધિત કરવા માટે રચાયેલ છે ત્યારે બ્રાઉઝર પર ખોલવામાં આવેલા દરેક નવા ટેબમાં જાવાસ્ક્રિપ્ટ કોડ દાખલ કરવામાં આવે છે. તે વેબ પેજમાં તમામ લિંક્સને ઓળખીને અને મોકલીને કામ કરે છે. ખાસ કરીને સર્ચ એન્જિન અને રિમોટ સર્વર પર જે સાચી લિંક્સને બદલવા માટે વેબસાઈટ્સની સૂચિ સાથે જવાબ આપે છે. જે લિંક પર ક્લિક કરતી વખતે એક દૃશ્ય તરફ દોરી જાય છે અને યુઝર્સને અલગ વેબ પેજ પર મોકલે છે. આ રીતે હેકર્સ રૂપિયા કમાય છે. આ એક્સ્ટેંશન દ્વારા ડોમેઈન નેમ્સ અને IP એડ્રેસ પણ લીક થયા હોવાનું જાણવા મળ્યું છે.

એડ ઈન્જેકશન એ એક એટેકનો પ્રકાર છે. જેના દ્વારા હેકર્સ માલવેર તથા એડ-વેર યુઝર્સ સુધી પહોંચાડી શકે છે. જ્યારે જાહેરાત ઈન્જેક્શનનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે સાઈટનો લૂક બદલાય જાય છે અને જે-તે વેબસાઈટ વાપરવા માટે ધીમી અને કઠીન બની જાય છે. આ પરથી ખબર પડે છે કે જે-તે બ્રાઉસરના એડ-ઓન અથવા એક્સ્ટેંશનમાં કંઈક ખામી છે. જેથી યુઝર્સ એ આવી કોઈ મુશ્કેલી પડે તો બ્રાઉસર માંથી એક્સ્ટેંશન દુર કરવા જોઈએ.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : ગુલાબી પંખી**

કોઈક,
ગુલાબી રંગનું પંખી
મારા ઘેઘુર ભૂરા માળામાં
લીલેરી ટહુકીઓ કરી
શ્રીગણેશ કરી જાય છે.
લાલ-લીલા-પીળા શબ્દોથી
ગીતોની ગૂંથણી કરી
આસમાની રંગનાં છંદોમાં
મારા હદયને સ્પંદી જાય છે.
કોઈક,
ગુલાબી રંગનું પંખી
મારા હૈયાનાં બંધબારણે
ઉદાસ આંગણે
અરંગી બધી ઉદાસીઓ પી
જાય છે.
ને ફેરફુદરડી રમી
ધમની શીરાઓ કેરી ડાળીએ
હિંડોળી જાય છે
નવરંગી ફૂલોનાં ઉપવન
વાવી જાય છે.
કોઈક,
ગુલાબી રંગનું પંખી
મારા હદય આકાશમાં
કલરવી જાય છે
હદય ઉડાણે
સપ્તરંગી તરંગો હચમચાવી
જાય છે.
કોઈક
ગુલાબી રંગનું પંખી મારા. . .

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING : Specializing in Selling Motels: LIST & SELL with confidence

URGENT LISTING REQUIRE: ANY SIZE MOTELS
Qualified Buyers are Ready to sign the OFFER and CLOSE the Deal in 1 to 3 months
Call me ASAP if interested to SELL quickly

Small to Mid-Size Motels Hwy 17, Northern Ontario
Price: $800,000 to $2,500,000

14 Room Motel Near Ottawa SOLD
18 Room Motel Near Pembroke SOLD
27 Room Motel in Thunder Bay SOLD

Other 15 to 40 Room Motels coming up for sale
Price: $1M to $4.5M 35% to 45% down payment require

Recently SOLD Motels Near
Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke, Ottawa, Thunder Bay

JOB AVAILABLE : For the Motel located in Northern Ontario
•Housekeeper for room cleaning and general work in the motel, accommodation available for the couple / small family
•Working Partner Willing to invest min $200K, stay & operate the motel offering Partnership + Salary to operate

BUYERS: Call for arranging a personal meeting to discuss your specific requirement, investment & mortgage options.
You must have about 35% down payment & willing to sign buyer representation agreement.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# અનિલ સ્ટાર્ચ કં.ના અમોલ શેઠ સામે છેતરપિંડીની ગુજરાતમાં નવ ફરિયાદ

## માયાજાળમાં વેપારીઓ, રોકાણકારો અને કર્મચારી પણ છેતરાયા

**અમદાવાદ**

અનિલ સ્ટાર્ચના ચેરમેન અમોલ શેઠને બીજા ગુનામાં પણ સાબરમતી જેલમાં મોકલી અપાયા છે. અમોલ શેઠ સામે ક્રાઈમ બ્રાન્ચમાં વધુ ફરિયાદ થવાની સંભાવના જોવાઈ રહી છે. ક્રાઈમ બ્રાન્ચે અમોલ શેઠ સામે ગુજરાત અને દેશમાં થયેલી ફરિયાદોની વિગતો એકત્ર કરવા કવાયત શરૂ કરી છે. અમોલ શેઠ સામે ગુજરાતમાં જ છેતરપિંડીની નવ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ ફરિયાદો નોંધાવનારાઓમાં મકાઈ વેચનાર વેપારીઓ, ૧થી 12 ટકાના વળતરની લાલચે પૈસા આપનાર રોકાણકારો ઉપરાંત કર્મચારી પણ સામેલ છે. અમોલ શેઠે કુલ 3000 કરોડનું ફૂલેકું ફેરવ્યાની વિગતો ખૂલી છે પણઅત્યાર સુધીમાં ફરિયાદોમાં છેતરપિંડીનો આંકડો માત્ર 15 કરોડે પહોંચ્યો છે. ઉદ્યોગપતિ અમોલ શેઠને છેતરપિંડીના વધુ એક ગુનામાં સાબરમતી જેલ હવાલે કરવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચ અન્ય અરજીઓની તપાસ કરી રહી છે અને વધુ એક ગુનો નોંધાય તેવી સંભાવના પ્રબળ છે.

શાખ ધરાવતી અનિલ સ્ટાર્ચના ચેરમેન અમોલ શેઠ સામે વર્ષ 2016થી ફરિયાદોનો સિલસિલો શરૂ થયો છે અને ગુજરાતમાં જ અત્યાર સુધીમાં નવ ફરિયાદ નોંધાઈ ચૂકી છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ફરિયાદ નોંધાયાનું ક્રાઈમ બ્રાન્ચ કોર્ટ સમક્ષ જાહેર કરી ચૂકી છે. અમોલ શેઠે કુલ 3000 કરોડનું ફૂલેકું ફેરવ્યાનું ક્રાઈમ બ્રાન્ચે જાહેર કર્યું છે. ચોંકાવનારી બાબત એ છે કે, ગુજરાતમાં નોંધાયેલી નવ ફરિયાદોમાં છેતરપિંડીનો આંકડો માંડ 15 કરોડે પહોંચ્યો છે.

# પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદે શક્તિસિંહ ગોહિલ-હાર્દિક પટેલનું નામ ચર્ચામાં

**અમદાવાદ**

ગુજરાતમાં મૃતપ્રાય બનેલી કોંગ્રેસને પુન બેઠી કરવા કોને સુકાન સોંપવુ તે મામલે હાઈકમાન્ડે વિચારણા હાથ ધરી છે. દિલ્હીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની નિમણૂંકને પ્રભારી ડૉ.રઘુ શર્માએ હાઈકમાન્ડ સાથે ચર્ચા હતી.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદે જો સિનિયર નેતાની પસંદગી કરાય તો શક્તિસિંહ ગોહિલનુ નામ ટોપ પર છે જયારે નવા- યુવા ચહેરાને તક અપાશે તો હાર્દિક પટેલને પ્રદેશ પ્રમુખ બનાવાય તેવી સંભાવના છે. ગુજરાતમાં ભાજપે વિધાનસભાની ચૂંટણી લડવા તૈયારીઓ શરૂ કરી દીધી છે ત્યારે હજુ કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ ઉપરાંત વિધાનસભા વિપક્ષના નેતાના ય ઠેકાણાં નથી. આ સંજોગોમાં નવા પ્રદેશ પ્રભારી ડૉ.રઘુ શર્માએ વર્કિંગ કમિટીની બેઠક બાદ હાઈકમાન્ડને ધારાસભ્યોએ આપેલા અભિપ્રાય સાથે એક રિપોર્ટ સોંપ્યો હતો. હવે હાઈકમાન્ડ ગુજરાત કોંગ્રેસના નવા સુકાની કોને બનાવવા તે અંગે આખરી નિર્ણય લેશે. સૂત્રોના મતે, ગાંધીનગર મહાનગરપાલિકા ઉપરાંત સ્થાનિક સ્વરાજ અને વિધાનસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસ પરાજયનો સામનો કરવો પડયો હતો.

# ગુજરાત યુનિવર્સિટીમાં નાણાંકીય ગેરરીતિ, 10 વર્ષ બાદ તપાસ શરૂ

**અમદાવાદ**

ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષ 2006થી 12માં વિદ્યાર્થીઓ ઘટ્યા હોવા છતાં પણ પરીક્ષા ખર્ચમા અઘધ વધારો થતાં યુનિવર્સિટીના કુલાધિપતિને ફરિયાદ કરવામાં આવી હતી. જેના 10 વર્ષ બાદ વિજિલન્સની ટીમે ગુજરાત યુનિવર્સિટીમાં તપાસ શરૂ કરી છે. યુનિવર્સિટીમાં વર્ષ 2006થી 2011 દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો. અન્ય વર્ષોની સરખામણીએ 18 કરોડ રૂપિયા વધુ થયો હતો. જેની ફરિયાદ તત્કાલિન સિન્ડિકેટ સભ્ય મનિષ દોશીએ કુલાધિપતિને કરી હતી.

# બુલેટ ટ્રેન : જમીનના વળતર પેટે ગુજરાતને 5,535 કરોડ, મહારાષ્ટ્રને 1,421 કરોડ મળ્યા

## 20 ટકા જમીન સંપાદન બાકી છતાં ટાર્ગેટ પ્રમાણે ગુજરાતમાં સિવિલ વર્કનો પ્રારંભ

ગાંધીનગર : મુંબઈ અને અમદાવાદ વચ્ચેના 508.17 કિલોમીટરના વિસ્તારમાં દોડનારી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં જમીન સંપાદન થયા પછી સિવિલ વર્ક શરૂ કરવામાં આવ્યું છે પરંતુ રાજ્યમાં હજી 20 ટકા અને મહારાષ્ટ્રમાં 69 ટકા એવી જમીન સંપાદન કરવાની બાકી છે કે જ્યાં બુલેટ ટ્રેનનો ટ્રેક પસાર કરવાનો થાય છે. આ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં 7027 કરોડ રૂપિયાનું જમીન સંપાદન વળતર ચૂકવવામાં આવ્યું છે. સૂત્રોએ કહ્યું હતું કે બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે ગુજરાત અને મહારાષ્ટ્રમાં કુલ 1025 હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી છે જે પૈકી 5535 કરોડ રૂપિયા ગુજરાત અને 1421 કરોડ રૂપિયા મહારાષ્ટ્રના ખાનગી જમીન માલિકોને આપી દેવામાં આવ્યા છે.

### અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન દોડાવવા તૈયારી

અમદાવાદીઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન દોડાવવા માટે વિચારણા ચાલી રહી છે, જેના માટે સરકારે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તમને જણાવી દઈએ કે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન હાલમાં અમદાવાદને મુંબઈ સાથે જોડતા હાઈ સ્પીડ રેલ કોરિડોરની કામગીરી કરી રહી છે. ત્યારે બીજી બાજુ અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન માટેની તૈયારીઓ પણ સરકાર દ્વારા આરંભાઈ છે. અમદાવાદથી દિલ્હી બુલેટ ટ્રેન અમદાવાદના સાબરમતીથી ગાંધીનગર, સાબરકાંઠા, રાજસ્થાન થઈને બુલેટ ટ્રેન દિલ્હી પહોંચશે.

# ગાંધીનગરમાં ઈન્દિરા ગાંધી ભવન તોડી મોદી સંસ્થાન બનાવાશે

**ગાંધીનગર**

ગાંધીનગરના ઈન્દીરા ગાંધી તાલીમ ભવન આવેલું છે પાંચ દાયકા જુના આ ભવનને તોડી ત્યાં રાષ્ટ્રીયકક્ષાનું દેશનું પ્રથમ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર બનાવવામાં આવશે. તાજેતરમાં મળેલી ગુજરાત પંચાયત પરિષદની બેઠકમાં તાલીમ કેન્દ્રનું નામ 'નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતીરાજ સંસ્થાન' અપાયું છે. એટલુ જ નહીં, અમિત શાહના લોકસભા વિસ્તારમાં આ ભવન આવ્યું હોવાને કારણે પ્રોજેક્ટનો ડીપીઆર કેન્દ્રીય ગૃહમંત્રીને મોકલી અપાયો છે.

# વરસાદથી 33 ટકા પાકને નુકસાન હશે તો હેક્ટરે રૂા.13,000ની સહાય

**અમદાવાદ**

જામનગર, રાજકોટ જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં સપ્ટેમ્બર-2021માં થયેલા ભારે વરસાદના કારણે જે ખેડૂતોના પાકને તેત્રીસ ટકા કે તેથી વધુ નુકશાની હોય તેવા ખેડૂતોને વધુમાં વધુ 2(બે) હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. 13,000 સહાય ચૂકવવાની જાહેરાત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી છે. સહાય પેકેજમાં એસડીઆરએફની જોગવાઈમાંથી બિનપિયત પાક તરીકે વધુમા વધુ બે હેક્ટરની મર્યાદામાં હેક્ટરદીઠ રૂ. 6,800 અપાશે. બાકીની તફાવતની હેક્ટર દીઠ રૂ. 6,200 મહત્તમ 2(બે) હેક્ટરની મર્યાદામાં રાજ્યના બજેટમાંથી અપાશે. કૃષિ રાહત પેકેજમાં અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોના પાક-નુકશાનને ધ્યાને રાખીને સહાય આપવાનો અભિગમ અપનાવ્યો છે જમીનધારકદીઠ એસડીઆરએફના ધોરણો મુજબ રૂા.પાંચ હજાર કરતા ઓછી રકમ હશે તો પણ મિનિમમ રૂા. 5000ની સહાય તો તેમને આપવામાં જ આવશે. ઉદાહરણ આપીને વાત કરવામાં આવે તો અડધો હેક્ટર જ જમીન ધરાવનાર ખેડૂતને નુકસાન થયું હોય તો તેને નિયમ મુજબ રૂા. 3400ની સહાય મળવાપાત્ર બને છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દર્દીએ સારવાર પહેલા રસીકરણની વિગતો આપવી ફરજિયાત



**ગાંધીનગર :** ગુજરાતમાં ત્રીજી લહેરની આશંકાને જોતા વહીવટી તંત્ર દ્વારા વેક્સિનેશન અભિયાનને સતત વેગ આપવામાં આવી રહ્યો છે. જેમાં દર્દીને સારવાર આપતા પહેલા રસીકરણની માહિતી આપવાની રહેશે. આ અંગે રાજ્યના આરોગ્ય કમિશનર જય પ્રકાશ શિવહરેએ તમામ જિલ્લા કલેક્ટર અને DDOને પત્ર લખીને સૂચના આપી છે. જેમાં જણાવ્યું છે કે, તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવા માટે આવતા દર્દીના કેસ પેપર ઉપર રસીકરણના ડોઝની વિગતો પણ આપવાની રહેશે. તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોને રાજ્યના આરોગ્ય વિભાગે સૂચના આપી છે કે, દરેક દર્દીના કેસ પેપર ઉપર તેણે કેટલા ડોઝ લીધા છે? તેની માહિતી લખવાની રહેશે.

### રાજ્યની વડી અદાલતમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ સામેની રિટની સુનાવણી હવે એકસાથે કરાશે

**અમદાવાદ** - ગુજરાત સરકારના નવાં લેન્ડ ગ્રેબિંગ કાયદાને પડકારતી સંખ્યાબંધ અરજીઓ ગુજરાત હાઇકોર્ટમાં આવી રહી છે. જેથી હાઇકોર્ટ દ્વારા નક્કી કરાયું છે કે આ અરજીઓની સુનાવણી એકસાથે થશે. જેના માટે ખાસ ખંડપીઠની રચના થશે, જે રોજીંદા ધોરણે આ અરજીઓ પર સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ અરવિંદ કુમારે મંગળવારે સરકારી વકીલને નિર્દેશ આપ્યો હતો કે લેન્ડ ગ્રેબિંગ એક્ટને પડકારતી અરજીઓની યાદી બનાવવામાં આવે, જેથી આ અરજીઓની સુનાવણી એકસાથે થઇ શકે. દિવાળીની રજાઓ બાદ એક ખાસ ખંડપીઠ અરજીઓને સુનાવણી રોજીંદા ધોરણે હાથ ધરશે. ઉલ્લેખનીય છે કે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ થતી ફરિયાદોના સંખ્યાબંધ આરોપીઓ આ કાયદાની બંધારણીયતાને પડકારતી અરજીઓ હાઇકોર્ટમાં કરી રહ્યાં છે.

### ભાજપના હિતેશ મકવાણા ગાંધીનગરના નવા મેયર બન્યા

**ગાંધીનગર :** ગાંધીનગરના નગરજનોને ગુરૂવારે નવા મેયર મળ્યા છે. બહુમતીથી ભાજપના હિતેશ મકવાણા ગાંધીનગરના નવા મેયર બન્યા છે. વોર્ડ નંબર ૮ ના વિજેતા ઉમેદવાર હિતેશ મકવાણાને ભાજપના તમામ મત મળ્યા છે. જેમના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. નવા મેયર હિતેશ મકવાણા પૂર્વ ધારાસભ્ય પૂનમ મકવાણાના પુત્ર અને ગુજરાતી અભિનેત્રી રોમા માણેકના પતિ છે. તો પ્રેમલસિંહ ગોલ ડેપ્યુટી મેયર અને જશવંતલાલ પટેલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બન્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં ચૂંટણી પૂર્ણ થયા બાદની ગુરૂવારે પહેલી સામાન્ય બેઠક મળી હતી. સામાન્ય બેઠકમાં નવા મેયરની વરણી કરવામાં આવી છે. ગાંધીનગરના નવા મેયર તરીકે હિતેશ મકવાણાની વરણી કરવામાં આવી છે. આ વખતે અનુસૂચિત જાતિ માટે મેયર પદ અનામત હતું. પહેલેથી જ હિતેશ મકવાણા અને ભરત દીક્ષિત બંને મેયર પદ માટેના પ્રબળ દાવેદાર ગણાતા હતા. ભાજપમાંથી હિતેશ મકવાણાએ ફોર્મ ભર્યું હતું,

### આચારસંહિતા ભંગ કેસમાં વિધાનસભા અધ્યક્ષ આચાર્ય સહિત 3 આરોપીને સજામાંથી મુક્તિ

**મોરબી :** મોરબીમાં ૧૨ વર્ષ પહેલાનાં ચૂંટણી આચારસંહિતા ભંગનાં કેસમાં મોરબીનાં પૂર્વ ધારાસભ્ય કાન્તિલાલ અમૃતિયા, અંજારના તે સમયના ધારાસભ્ય એવા હાલનાં ગુજરાત વિધાનસભાનાં અધ્યક્ષ નીમાબેન આચાર્ય સહિતનાં ત્રણ આગેવાનોને નીચલી અદાલતે એક વર્ષની સજા અને એક હજારનો દંડ ફટકાર્યો હતો. જે ચુકાદાને સેશન્સ કોર્ટમાં પડકાર્યો હોવાથી બુધવારે ત્રણેય આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. મોરબીમાં વર્ષ-૨૦૦૯માં કચ્છના સાંસદ પદના ઉમેદવાર પુનમબેન જાટના સમર્થનમાં ચુંટણીસભા યોજાઈ હતી. જેમાં મતદારોને લલચાવવા સહિતના કૃત્ય બદલ ચૂંટણી આચારસંહિતાનો ભંગ કરવામાં આવ્યો હોવાનાં આરોપ સાથે કાન્તિલાલ અમૃતિયા, નીમાબેન આચાર્ય તેમજ મનોજ પનારા વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. જે ફરિયાદને પગલે વર્ષ ૨૦૧૮માં નીચલી અદાલતે બન્ને તત્કાલિન ધારાસભ્ય સહિત ત્રણેય આગેવાનોને કસુરવાન ઠેરવીને ૧ વર્ષની સજા અને ૧ હજાર રૂપિયા દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો.

### દીપડાની કાળજી રાખવા માટે રાજ્યમાં અમરેલી અને જાંબુઘોડામાં બે મેગા રેસ્ક્યુ સેન્ટર બનશે

**વડોદરા:** રાજ્યના વનોમાં વધતી જતી દીપડાની સંખ્યા માટે અમરેલી અને જાંબુઘોડામાં બે મેગા રેસ્ક્યુ સેન્ટર્સ સ્થાપવાનો નિર્ણય સરકારે લીધો છે. આ નિર્ણયને સાકાર કરવા રાજ્યના વન વિભાગ હેઠળ વડોદરા વન્ય જીવ વિભાગે જાંબુઘોડા અભયારણ્ય વિસ્તારમાં સારા એવા પ્રમાણમાં મોટું કહી શકાય એવા મેગા રેસ્ક્યુ સેન્ટરના નિર્માણની પ્રાથમિક પ્રક્રિયાઓ હાથ ધરી છે. મધ્ય ગુજરાતની પૂર્વ પટ્ટીમાં રતન મહાલ અને જાંબુઘોડા અભયારણ્યો તથા છોટાઉદેપુરમાં કેવડીના જંગલો કુદરતી પરસાળથી જોડાયેલા છે. વિવિધ રીતે ઘાયલ થયેલા અથવા માનવ ઘર્ષણમાં આવેલા દીપડાઓને રાખી શકાય,સારવાર આપી શકાય અને જંગલમાં પુનર્સ્થાપિત કરી શકાય તે માટે દીપડાની વસ્તીવાળા વિસ્તારોમાં નાના રેસ્ક્યુ સેન્ટર બનાવવામાં આવ્યા છે. જાંબુઘોડાના સાદરાના જંગલમાં આવું એક ત્રણ પીંજરા( કેજ) અને બે યાર્ડ તેમજ ઘાયલ દીપડાની સારવારની સુવિધા ધરાવતું રેસ્ક્યુ સેન્ટર છે. ધનેશ્વરી માતાના ડુંગરની તળેટીમાં અને હાલના એ સેન્ટરની સામેના ભાગમાં આ નવું મેગા રેસ્ક્યુ સેન્ટર બનાવવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

# ઉત્તરાખંડમાં વરસાદે વિનાશ વેર્યો, 53થી વધુ લોકોના મોત

**નવી દિલ્હી**

ઉત્તરાખંડમાં વરસાદ આધારિત ઘટનાઓને કારણે મૃત્યુ પામેલા વધુ છ લોકોના મૃતદેહો મળી આવતા કુલ મૃત્યુઆંક વધીને ૫૩ થઇ ગયો છે. બીજી તરફ ઉત્તર પ્રદેશ, સિક્કિમ અને ઉત્તર બંગાળમાં પણ ભારે વરસાદ પડયો હતો. ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થવાને કારણે નેશનલ હાઈવે નં. ૧૦ બંધ કરી દેવામાં આવ્યો હતો. બીજી તરફ ઉત્તર પ્રદેશના બરેલી અને પિલીભિત જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે ત્રણ લોકોનાં મોત થયા છે. ઉત્તરાખંડના નૈનીતાલમાં સૌથી વધુ ૨૮ લોકોનાં મોત થયા છે. ઉત્તરાખંડના મુખ્યપ્રધાન પુષ્કર સિંહ ધામીએ સ્થિતિની સમીક્ષા માટે પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યુ હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પણ ઉત્તરાખંડની મુલાકાત લે તેવી શક્યતા છે.

જો કે ઉત્તરાખંડમાં બુધવારે હવામાન સામાન્ય થઇ જતાં રાહત અને બચાવ કામગીરી કરતા જવાનોને તેમના કાર્યમાં સરળતા રહેશે. ઉત્તરાખંડમાં વરસાદ આધારિત ઘટનાઓમાં ૧૭ ઘાયલ થયા છે તથા ટ્રેકિંગ ટીમના ૧૧ સભ્યો સહિત કુલ ૧૬ લોકો લાપતા છે. રાજ્યના કુમાઓન વિસ્તારમાં ૪૬ મકાનોને નુકસાન થયાનો અંદાજ છે. હવામાનમાં સુધારો થતાં કેદારનાથ, યમુનોત્રી અને ગંગોત્રીમાં શ્રદ્ધાળુઓને કેટલીક શરતોને આધીન આગળ વધવાની મંજૂરી આપવામાં આવી છે.



### બરફવર્ષામાં ફસાતા ૧૨ ટ્રેકર્સ અને પોર્ટર્સનાં મોત

ઉત્તરાખંડમાં હિમાલયના પહાડો પર થયેલી બરફવર્ષાના પગલે ટ્રેકિંગ કરી રહેલા ૧૨ પ્રવાસીઓ અને પોર્ટરોના મોત થયા છે. ત્રણ અલગ અલગ ઘટનાઓમાં આ મોત થયા હોવાના અહેવાલો મળ્યા છે. એક ઘટનામાં બાગેશ્વરના પિંડારી ગ્લેશિયર પર ટ્રેકિંગ કરી રહેલા ૩૪ લોકોના ગ્રૂપના ચાર લોકો બરફવર્ષાની ચપેટમાં આવ્યા બાદ મોતને ભેટયા છે. જોકે આ ટીમના બાકી સભ્યો સુરક્ષિત છે.

# કાશ્મીરમાં ખત્રી, મહાજન, શીખો જમીન ખરીદ-વેચાણ કરી શકશે

**નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીર સરકારે મહત્વનો નિર્ણય લઈને મહાજન, ખત્રી અને શીખોને કૃષિ ભૂમિના ખરીદ-વેચાણ માટેનો અધિકાર આપી દીધો છે. આ સાથે જ કૃષિ, બાગબાની અને અન્ય સંબંધિત સેક્ટર્સને પણ તમામ સમુદાયો માટે ખોલી દીધા છે. આ માટે કાયદાઓમાં પણ ફેરફાર કરવામાં આવશે. આ નિર્ણયના કારણે આશરે 17 લાખ લોકોને ફાયદો થશે. આ 3 સમુદાયો દ્વારા ઘણાં લાંબા સમયથી અધિકાર આપવા માટેની માગણી કરવામાં આવી રહી હતી.

ઉપ રાજ્યપાલ મનોજ સિન્હાની અધ્યક્ષતામાં મંગળવારે યોજાયેલી રાજ્ય પ્રશાસનિક પરિષદની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, કૃષિ સાથે સંકળાયેલા લોકો પોતાની જમીન બિનખેડૂતને હસ્તાંતરિત કરી શકે છે. આ માટે સંબંધિત ડીસી સશર્ત મંજૂરી આપશે. ડીસી 20 કનાલ જમીન કૃષિ અને સંબંધીત ગતિવિધિઓ માટે વેચવાની મંજૂરી આપી શકશે. આ સાથે જ 80 કનાલ જમીન બાગબાની માટે વેચી શકાશે. જમીન વેચવાની અરજી કર્યાના 30 દિવસની અંદર આ પ્રક્રિયા પૂરી કરવાની રહેશે.

# બાંગ્લાદેશમાં એક સપ્તાહમાં હિન્દુઓની દુકાન, ઘર, મંદિરમાં તોડફોડ, 70 ઘાયલ

**ઢાકા**

બાંગ્લાદેશમાં હિન્દુઓના ઘરો અને મંદિરો પર હુમલાનું પ્રમાણ દિવસે ને દિવસે વધવા લાગ્યું છે. એક ધાર્મિક સંગઠને પોતાના રિપોર્ટમાં દાવો કર્યો છે કે છેલ્લા નવ વર્ષમાં હિન્દુઓના ઘરો અને ધાર્મિક સ્થળો પર અનેક વખત હુમલા થયા છે. આંકડા અનુસાર આ સમયગાળા દરમિયાન 3721 ઘરો અને મંદિરોમાં તોડફોડ કરવામાં આવી છે સાથે આગ પણ લગાવી દેવાઈ છે.

નાગરિક અધિકાર સંગઠન એન




ઓ સાલિશ કેંદ્રના આ રિપોર્ટમાં આ આંકડા જાહેર કરાયા છે. ઢાકા ટ્રિબ્યૂનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં બાંગ્લાદેશમાં 2021નું એટલે કે વર્તમાન વર્ષ ભયાનક રહ્યું છે.

છેલ્લા કેટલાક દિવસમાં જ હિન્દુઓના મંદિરો અને પંડાલો પર હુમલાનું પ્રમાણ વધી ગયું છે. રિપોર્ટ અનુસાર આ દરમિયાન હિન્દુઓના મંદિરો, પૂજાસ્થળો પર હુમલાની આશરે 1678 ઘટનાઓ સામે આવી છે. નાગરિક અધિકાર સમૂહના કાર્યકર્તાઓનું કહેવુ છે કે આ આંકડા ભયાવહ છે અને હુમલાના વધતા પ્રમાણને કારણે હિન્દુઓમાં ભયનો માહોલ છે.

# ચીનને નાથવા બ્રહ્મપુત્રા નદી નીચે રૂપિયા 6,550 કરોડના ખર્ચે મોટી ટનલ બનાવાશે

## ચીનની વધેલી હિલચાલ અને આક્રમકતાને ધ્યાનમાં રાખતા યોજના ઘડાઈ

**નવી દિલ્હી**

અરૂણાચલ પ્રદેશ પર ચીનના આક્રમક વલણને ધ્યાનમાં રાખતા સરકાર આસામમાં બ્રહ્મપુત્રા નદીની નીચે ટનલ બનાવવાનું આયોજન ધરાવે છે. આ ટનલનો ખર્ચ ૬,૫૫૦ કરોડ રુપિયા આવશે. આસામ સરકાર દ્વારા તેને મંજૂરી આપી દેવામાં આવી છે. ભારત-ચીન સરહદ પર ભારતીય લશ્કર સરળતાથી હેરફેર કરી શકશે. આસામના મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે પ્રસ્તાવિત ટનલ આસામના



કમ્યુનિકેશનના સમગ્ર સિનારિયોને બદલી શકે છે. અગાઉ આસામ સરકારે જ વિધાનસભામાં જણાવ્યું હતું કે ચીન અરૂણાચલ પ્રદેશની સરહદ નજીકને સાંકળતા પાંચ રસ્તા ધરાવે છે, પણ ભારત એકમાત્ર રસ્તો બોમ્બડિલા દ્વારા ધરાવે છે.

તેમણે જણાવ્યું હતું કે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતે મને જણાવ્યું હતું કે તે સંરક્ષણ પ્રધાન સાથે આ પ્રોજેક્ટ અંગે ચર્ચા કરશે. તેમણે મને પણ રાજનાથસિંહ સાથે આ અંગે ચર્ચા કરવા કહ્યું છે. આ ભારતીય લશ્કર માટેનો પ્રાયોરિટી પ્રોજેક્ટ છે. જો અમને ટનલના બાંધકામનો એન્જિનિયરિંગ પ્લાન મળે તો આપણે બે વધુ ટનલો બાંધી શકીએ છીએ.

# બંગાળમાં 5500 જિલેટિન સ્ટિક, 2300 ડિટોનેટર સાથે ટ્રક ઝડપાઈ

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ વણથંભી રાજકીય હિંસા વચ્ચે આજે બીરભૂમ જિલ્લામાંથી વિસ્ફોટકો ભરેલી ટ્રક પકડાતા સુરક્ષા એજન્સીઓ ચોંકી ઉઠી છે. પોલીસને ચેકિંગ દરમિયાન ટ્રકમાંથી ૫૫૦૦ જિલેટિન સ્ટિક અને ૨૩૦૦ ડિટોનેટર મળી આવ્યા હતા. પોલીસે હવે આટલા મોટા પાયે વિસ્ફોટકો ક્યાં લઈ જવાઈ રહ્યા હતા તેની તપાસ શરૂ કરી છે. આ મામલામાં કોઈ કાવતરૂ રચાયુ છે કે કેમ તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે બુધવારની રાતે પોલીસને આ અંગે મળેલી બાતમી બાદ હાઈવે પર વાહનોનુ ચેકિંગ શરૂ કરવામાં આવ્યુ હતુ અને એક ટ્રકમાં પોલીસે જોયુ હતુ કે, વિસ્ફટકોથી ટ્રક ભરેલુ છે. બીજી તરફ ટ્રક ચાલક અને ક્લીનર પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા. આ પહેલા પણ બીરભૂમ જિલ્લામાંથી ચૂંટણી પહેલા એક થી વધારે વખત વિસ્ફટકો પકડાયેલા છે. રાજ્યમાં ૩૦ ઓક્ટોબરથી જ ઓક્ટોબર વચ્ચે ચાર બેઠકોની પેટા ચૂંટણી પણ થવાની છે. દરમિયાન આ વાતની જાણકારી મળ્યા બાદ કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે.

# દિલ્હીમાં NRI ખાતામાં ફ્રોડ : HDFC અધિકારી સહિત 12ની ધરપકડ

**નવી દિલ્હી**

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે એચડીએફસી બેન્કની એક મહિલા કર્મચારીની મદદથી એનઆરઆઈ એકાઉન્ટની ચેકબૂક મેળવવામાં આવી હતી. એચડીએફસીના કર્મચારીને રૂ. 10 લાખની રોકડ સાથે રૂ. 15 લાખનો ઈન્શ્યુરન્સ બિઝનેસ આપવાની ખાતરી આપી હતી. HDFC બેન્કે જણાવ્યું હતું કે અમે આરોપી કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. નોન-રેસિડેન્શિયલ ઈન્ડિયન્સના બેન્ક ખાતાઓમાંથી મોટી રકમ તફડાવવાના કેસમાં દિલ્હી પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં 12ની ટોળકીને પકડી પાડી છે અને ધરપકડ કરાયેલા 12માં ખાનગી ક્ષેત્રની HDFC બેન્કના 3 કર્મચારીઓ પણ સામેલ છે.

# ખાદ્ય સુરક્ષામાં 113 દેશોમાં ભારત 71મા સ્થાને : આયર્લેન્ડ નંબર વન

**નવી દિલ્હી**

વિશ્વના 113 દેશોમાં નાગરિકોને બે ટંક જમવાનું મળી રહે છે કે નહીં તેની માહિતી આપતી ફૂડ સિક્યુરિટી ઈન્ડેક્સની 2021ની યાદીમાં ખોરાક મેળવવાની ક્ષમતામાં ભારતનું સ્થાન 71મું આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે ભૂખે મરતું પાકિસ્તાન અને શ્રીલંકા પણ આ બાબતે ભારત કરતાં સારી સ્થિતિમાં હોવાનું અહેવાલમાં જાણવા મળ્યું છે. શ્રીલંકાને 62.9 પોઈન્ટ મળ્યા છે અને પાકિસ્તાનને 52.6 પોઈન્ટ મળ્યા છે. ભારતને 50.2 પોઈન્ટ મળ્યા છે.

જોકે ઓવરઓલ દેખાવના પોઈન્ટ્સ ધ્યાનમાં લઈએ તો ભારતની સ્થિતિ પાકિસ્તાન, શ્રીલંકા સહિત બધા પાડોશીઓ કરતાં ખૂબ સારી જણાય છે. ઓવરઓલ પોઈન્ટ મુજબ 57.2 પોઈન્ટ સાથે ભારત 71મા સ્થાને, 54.7 પોઈન્ટ સાથે પાકિસ્તાન 75મા સ્થાને અને 54.1 પોઈન્ટ સાથે શ્રીલંકા 77મા સ્થાને, નેપાળ 53.7 પોઈન્ટ સાથે 79મા સ્થાને અને 49.1 પોઈન્ટ સાથે બાંગ્લાદેશ 84મા નંબરે આવે છે. જોકે ભારત પાડોશી દેશો કરતાં કેટલો સમય આગળ રહી શકશે એ સવાલ મોં ફાડીને ઊભો છે.

# ડેરા સચ્ચાના વડા ગુરમીત રામરહીમને આજીવન કેદની સજા ફટકારાઈ

**ચંડીગઢ**

ડેરા સચ્ચાના વડા ગુરમીત રામરહીમ સિંઘ અને બીજા ચારને સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. તેમના જ સંપ્રદાયના મેનેજર રણજીતસિંઘની ૨૦૦૨માં કરવામાં આવેલી હત્યાના કેસમાં તેમને આ સજા ફટકારવામાં આવી છે. આ પહેલા ૨૦૧૭માં રામરહીમને બે શિષ્યાઓ પર બળાત્કાર કરવા બદલ 20 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. તે હાલમાં રોહતકની સુનારિયા જેલમાં છે. હરિયાણામાં પંચકુલાની સ્પેશ્યલ કોર્ટે રામરહીમ સાથે બીજા ચાર જણા ક્રિશનલાલ, જસબીરસિંઘ, અવતારસિંઘ, સબ્દિલને આઠ ઓક્ટોબરના ખૂન કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે.


# કાશ્મીરમાં 12 કલાકમાં 4 આતંકવાદીનો ખાતમો

## શૉપિયા અને કુલગામમાં એન્કાઉન્ટર, 15 દિવસમાં 17 આતંકવાદીઓ ઠાર મરાયા, બિહારી મજૂરોના જીવ લેનાર આતંકવાદી પણ ઠાર

જમ્મુ કાશ્મીર

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોથી સામાન્ય નાગરિકોની હત્યા બાદ સેનાના જવાનોએ આતંકવાદીઓને શોધવા માટે ઑપરેશન હાથ ધર્યું છે. સેનાના જવાનો સતત આતંકવાદીઓનો ખાતમો કરી રહ્યાં છે, ત્યારે આજે કુલ 4 આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યાં છે.

જમ્મુ-કાશ્મીરમાં સેનાના જવાનોએ આજે કુલગામમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યાં છે. અગાઉ શૉપિયામાં પણ બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આમ આજે 12 કલાકના ગાળામાં કુલ 4 આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યાં



છે. આ રીતે છેલ્લા 15 દિવસોમાં 17 આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. J&K પોલીસે જણાવ્યું કે, પોલીસ અને સેનાએ કુલગામના લશ્કરના જિલ્લા કમાન્ડર (ગુલજાર અહમદ રેશી) અને એક અન્યને ઠાર માર્યો છે. જે બિહારના બે ગરીબ શ્રમજીવોની હત્યામાં સામેલ હતા.

જો કે આજના દિવસમાં શૉપિયાંમાં એન્કાઉન્ટરમાં સેનાના જવાનોએ 2 આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. જો કે આ એન્કાઉન્ટરમાં 3 જવાનો પણ ઈજાગ્રસ્ત થઈ ગયા. જે પૈકી 1 જવાન હોસ્પિટલમાં સારવાર દરમિયાન શહીદ થઈ ગયો હતો, જ્યારે અન્ય બેની હાલ સારવાર ચાલી રહી છે. શૉપિયાં એન્કાઉન્ટરમાં આજે સેનાએ જે બે આતંકવાદીઓને ઠાર માર્યા, તેમાંથી એક આતંકવાદીની ઓળખ આદિલ વાની તરીકે થઈ છે. આદિલ ગત વર્ષે જુલાઈમાં આતંકવાદી સંગઠન સાથે સંકળાયો હતો. તેણે પુલવામામાં ઉત્તર પ્રદેશના સહારનપુરના વતની મજૂર શાકિરનો જીવ પકડ્યો હતો.

## રાજૌરીના જંગલોમાં નવ દિવસ લાંબુ સૈન્ય ઓપરેશન, છ આતંકીઓ ઠાર

શ્રીનગર : જમ્મુ કાશ્મીરમાં બિનકાશ્મીરીઓ અને બિનમુસ્લિમોની આતંકીઓ ખુલ્લેઆમ હત્યાઓ કરી રહ્યા છે. એવામાં સૈન્ય દ્વારા આતંકીઓના ખાતમા માટે મોટા પાયે ઓપરેશન ચાલી રહ્યું છે. આવા જ બે મોટા ઓપરેશન પૂંચ અને રાજોરીના જંગલોમાં છેલ્લા નવ દિવસથી ચાલી રહ્યા છે. એવામાં સૈન્યને આ ઓપરેશનમાં મોટી સફળતા મળી છે. સૈન્યએ લશ્કરે તોયબાના છ આતંકીઓનો ખાતમો બોલાવ્યો છે. આ આતંકીઓ રાજોરી સેક્ટરમાં આવેલા જંગલોમાં છેલ્લા નવ દિવસથી છુપાયેલા હતા. પૂંચમાં આઠ દિવસ પહેલા જ આતંકીઓએ સૈન્ય પર હુમલો કર્યો હતો જેમાં નવ જવાનો શહીદ થયા હતા. આ ઘટના બાદ આતંકીઓ રાજોરીના જંગલોમાં ભાગી ગયા હતા, જેની શોધખોળ માટે બાદમાં સૈન્ય દ્વારા મોટા ઓપરેશન શરૂ કરાયા હતા. જે છેલ્લા નવ દિવસથી અહીંના જંગલોમાં ચાલી રહ્યા છે અને આતંકીઓને વીણી વીણીને ખતમ કરવામાં આવી રહ્યા છે.

# યુપી ચૂંટણીમાં કોંગ્રેસ 40% ટિકિટ મહિલાઓને આપશે

લખનઉ

ઉત્તર પ્રદેશમાં પોતાના ખોવાઈ ગયેલા જનાધારને શોધવાના મહા પડકારનો સામનો કરી રહેલી કોંગ્રેસે મંગળવારે જાહેરાત કરી હતી કે આગામી વર્ષે આવી રહેલી ઉત્તર પ્રદેશ વિધાસભાની ચૂંટણીમાં તે 40 ટકા મહિલા ઉમેદવારોને ટિકિટ આપી ચૂંટણીના મેદાનમાં ઉતારશે.

આજે અહીં આયોજિત એક પત્રકાર પરિષદમાં ઉત્તર પ્રદેશ કોંગ્રેસનો હવાલો સંભાળતા અને પક્ષના જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધીએ આ મુજબની જાહેરાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે રાજ્યના કુલ મતદારો પૈકી 50 ટકા મતદારો એવી મહિલાઓને ટિકિટ આપી ચૂંટણીના મેદાનમાં ઉતારવા પાછળ તેમના પક્ષનો આશય મહિલાઓને સત્તામાં બરાબરની ભાગીદાર બનાવવાનો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે દાયકાઓથી ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ સત્તાથી વિમુખ છે, અને તેનો જનાધાર મહદઅંશે અદૃશ્ય થઈ ગયો છે તેથી કોંગ્રેસ પક્ષે તેમને ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને ફરીથી બેઠી કરવાના ભગીરથ કાર્યની જવાબદારી સોંપી છે. તમે પોતે વિધાનસભાની ચૂંટણી લડશો એવા પત્રકારોના પ્રશ્નના જવાબમાં પ્રિયંકાએ કોઈ ખાતરી આપી નહોતી.

# PM મોદીએ કર્યું કુશીનગર એરપોર્ટનું ઉદ્ઘાટન, પૂર્વાંચલ-બૌદ્ધ ધર્મને લાભ થશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કુશીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સાથે જ વિભિન્ન વિકાસ પરિયોજનાઓના શિલાન્યાસનું પણ આયોજન છે. વડાપ્રધાન મોદી કુશીનગર મહાપરિનિર્વાણ મંદિરમાં 'અભિધમ્મ દિવસ' પર આયોજિત એક સમારંભમાં પણ ભાગ લેશે.

પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ભારત બૌદ્ધ સમાજની આસ્થા-શ્રદ્ધાનું કેન્દ્ર છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આજે કુશીનગર દુનિયા સાથે જોડાઈ ગયું છે. બધાના સાથ વડે બધાનો વિકાસ થઈ રહ્યો છે. વધુમાં જણાવ્યું કે, એરપોર્ટના કારણે ફક્ત પર્યટનને પ્રોત્સાહન જ નહીં મળે, તેનાથી ખેડૂતો, પશુપાલકો, નાના બિઝનેસમેન



વગેરેને પણ ફાયદો થશે. રોજગારના નવા અવસર મળશે. આગામી 3-4 વર્ષમાં દેશમાં 200 કરતા વધારે એરપોર્ટ, સીપૌડનું નેટવર્ક ઉભું કરવાનો પ્રયત્ન છે. કુશીનગર એક આંતરરાષ્ટ્રીય બૌદ્ધ તીર્થસ્થળ છે જ્યાં ભગવાન ગૌતમ બુદ્ધનું મહાપરિનિર્વાણ થયું હતું.

# વિરોધનો અધિકાર, પણ રસ્તા જામ નહીં કરી શકાય, ખેડૂત આંદોલન પર ફરી થશે સુનાવણી

નવી દિલ્હી

છેલ્લા એક વર્ષથી દિલ્હીના રસ્તાઓ પર ખેડૂતોના ધરણાં પ્રદર્શન મુદ્દે આજે ફરી એક વખત સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું હતું કે, રસ્તાઓને અવરોધીને વિરોધ પ્રદર્શનો ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ખેડૂતોને વિરોધ કરવાનો અધિકાર છે પરંતુ અનિશ્ચિત કાળ માટે રસ્તાઓને જામ ન કરી શકાય. આ તરફ સંયુક્ત કિસાન મોરચાના કહેવા પ્રમાણે રસ્તાઓ વિરોધ કરનારા ખેડૂતોએ નહીં પણ પોલીસે જામ કરીને રાખ્યા છે.



સુપ્રીમ કોર્ટે સંયુક્ત કિસાન મોરચા અને અન્ય ખેડૂત સંઘોને રસ્તાઓ પર વિરોધ કરનારા ખેડૂતોને હટાવવાની માગ કરતી અરજી મુદ્દે 3 સપ્તાહમાં પોતાનો જવાબ દાખલ કરવા માટે કહ્યું હતું. ઘણાં લાંબા સમયથી દિલ્હીની સરહદો પાસે રસ્તાઓ પર ખેડૂતોએ ડેરો જમાવેલો છે. તેના કારણે રોડ પરિવહનને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. આ મામલે આગામી 7 ડિસેમ્બરના રોજ સુનાવણી થશે. હરિયાણા સરકારે સંયુક્ત કિસાન મોરચા અંતર્ગત 43 ખેડૂત સંગઠનોને પક્ષકાર બનાવવાની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. આ મામલે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, હાઈવે અને રસ્તાઓને જામ ન કરવા જોઈએ, કાયદો પહેલેથી જ નક્કી છે. અમે તેને વારંવાર દોહરાવી ન શકીએ. તેને લાગુ કરવું એ કાર્યપાલિકાનું કર્તવ્ય છે.

# ખેડૂતોના રેલ રોકો આંદોલનથી ૩૦૦ ટ્રેનના પૈડા થંભ્યાઃ ૪૩ રદ

હરિયાણા

ખેડૂતોના રેલ રોકો આંદોલનના કારણે ૨૯૩ ટ્રેનોના પૈડા થંભી ગયા હતા. એમાંથી ૪૩ ટ્રેનો રદ્દ કરવી પડી હતી. ઉત્તર ભારતમાં રેલ રોકો આંદોલનની સૌથી વધુ અસર થઈ હતી. ઉત્તર ભારતના કેટલાય સ્ટેશનો ઉપર ખેડૂતોએ ટ્રેનને રોકી દીધી હતી. સૌથી વધુ રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં ટ્રેનો રદ્દ થઈ હતી.

આંદોલનની ઉત્તર ભારતના રાજ્યોમાં વ્યાપક અસર થઈ હતી. ઉત્તર ભારતના રાજ્યોમાં ખેડૂતોએ લગભગ ૧૫૦ સ્ટેશનોમાં ટ્રેનો રોકી રાખી હતી. ૨૯૩ જેટલી ટ્રેનોના પૈડા થંભી ગયા હતા. એમાંથી ૪૩ ટ્રેન તો રદ્દ જ કરવી પડી હતી. નોર્ધન રેલવે ઝોનની ૬૦ ટ્રેનો મોડી થઈ હતી અને અસંખ્ય મુસાફરો પરેશાન થયા હતા. રેલ રોકો આંદોલનના પગલે હજારો મુસાફરો અધવચ્ચે અટવાઈ ગયા હતા. નોર્ધન રેલવે ઝોનના કહેવા પ્રમાણે રેલ ટ્રાફિકને સૌથી વધુ અસર રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં થઈ હતી. રાજસ્થાન અને હરિયાણામાં ૧૮ ટ્રેન કેન્સર કરવી પડી હતી. એક બીજા સ્ટેશને ડાઈવર્ટ કરાઈ હતી. રેલવેના અધિકારીએ કહ્યું હતું કે દિલ્હીના રૂટમાં ૨૫ ટૂંકા અંતરની ટ્રેનો રદ થઈ હતી.

# કોંગ્રેસમાંથી છૂટા થયેલા કેપ્ટન અમરિન્દરની નવો પક્ષ બનાવવાની જાહેરાત

ઉત્તરાખંડ

પંજાબમાં ચાલતું રાજકીય દંગલ ખતમ થવાનું નામ નથી લઈ રહ્યું. ગયા મહિને મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપનાર કેપ્ટન અમરિન્દર સિંહે હવે કોંગ્રેસથી પણ અલગ થવાની ઔપચારિક જાહેરાત કરી દીધી છે. અમરિન્દરે મંગળવારે નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી હતી. કેપ્ટન અમરિન્દરના મીડિયા સલાહકાર રવીન ઠુકરાલે ટ્વીટ કરીને નવા પક્ષની જાહેરાત અંગે જણાવ્યું હતું. તેમણે કેપ્ટન અમરિન્દરને ટાંકીને લખ્યું કે, પંજાબના ભવિષ્યની લડાઈ ચાલુ છે. હું ટૂંકમાં જ મારા પક્ષની જાહેરાત કરીશ, જે પંજાબ, તેના લોકો અને ખેડૂતોના હિતો માટે કામ કરશે.

# દેશના 12 રાજ્યોમાં બેકારીનો દર ડબલ ડિજિટમાં પહોંચ્યો : CMIE

## દિલ્હીમાં બેકારી દર છેલ્લા ચાર મહિનાથી સતત વધી રહ્યો છે

નવી દિલ્હી

દેશના ઓછામાં ઓછા 12રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં બેકારીનો દર ડબલ આંકમાં પહોંચીને દેશના સરેરાશ ઘટતા જતા બેકારી દરને નકારી રહ્યો છે. સપ્ટેમ્બરના CMIE અહેવાલ મુજબ ઓછામાં ઓછા આઠ રાજ્યોમાં બેકારીનો આંક દ્વિઅંકી બની ગયો છે. તેની સામે દેશની બેકારી આંકની સરેરાશ 6.8 ટકા છે. ગયા વર્ષે લોકડાઉન પછી ભારતનો બેકારી આંક સરેરાશ 20 ટકાથી વધી ગયો હતો. દિલ્હીમાં બેકારી દર છેલ્લા ચાર મહિનાથી સતત વધી રહ્યો છે. જૂનમાં 8.8 ટકા બેકારી હતી તે જુલાઈમાં 10.7 અને ઓગસ્ટમાં 11.6ટકા થઈ ગઈ હતી. જમ્મુ-કાશ્મીરમાં 8 ટકા વધારો થયો છે. પોંડિચેરીમાં 3 ટકા, હિમાચલપ્રદેશમાં પાંચ ટકા, પંજાબમાં 3.3 ટકા, કેરળમાં 1.1 ટકા, તામિળનાડુમાં 7 ટકા બેકારી વધી ગઈ છે. બે રાજ્યોમાં બેકારીનો આંક ઓછો થયો છે. હરિયાણામાં હાલ 20.3 ટકા બેકારી છે, એક મહિનામાં 15.4 ટકા ઘટી છે. રાજસ્થાનમાં 8.8 ટકા બેકારી ઓછી થઈ છે.

# 312 કરોડના યસ બેન્ક લોન છેતરપિંડી કેસમાં નીરા રાડિયાને સમન્સ

નવી દિલ્હી

દિલ્હી પોલીસે યસ બેંક સાથે હેરાફેરી કરી 300 કરોડ રૂપિયાની લોન લેવા માટે ઉપયોગમાં લેવામાં આવેલી એક ડમી કંપનીના કથિત ફલોટિંગના સંદર્ભમાં કોર્પોરેટ લોબિસ્ટ નીરા રાડિયાને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે. રાડિયા પર યસ બેંકમાંથી 312 કરોડ રૂપિયાની લોન લેવા માટે નકલી કંપની બનાવવાનો આરોપ છે. આ સંદર્ભમાં દિલ્હી પોલીસે રવિવારે ગાઝિયાબાદના યતીશ વહલ, સતીશ કુમાર નરૂલા અને ગુરુગ્રામના રાહુલ સિંહ યાદવ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. વહલ અને નરૂલા નયતિ હેલ્થકેર એન્ડ રિસર્ચ એનસીઆર પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર છે.

# મારા જીવતાં દ્વિભાષી રાજ્ય તૂટવા નહીં દઉં : મારા જીવતે જીવ મહાગુજરાત કદી થવા નહીં દઉં : મોરારજી

સમય બદલાઈ રહ્યો હતો. ગુજરાતમાં મહાગુજરાતના અલગ રાજ્ય માટેનું આંદોલન પરાકાષ્ઠાએ હતું. મોરારજીભાઈના દુરાગ્રહ છતાં પરંતુ ગુજરાતની ઠરતી આગ જોઈ કેન્દ્ર સરકાર ગુજરાત અને મહારાષ્ટ્રને અલગ રાજ્ય બનાવવા હવે વિચારવા માંડયું હતું. જોકે, દ્વિભાષી રાજ્યના ચુસ્ત આગ્રહી મોરારજી દેસાઈએ એક તબક્કે એવું નિવેદન કર્યું કે 'મારા જીવતે જીવ દ્વિભાષી રાજ્ય નહીં તૂટે. મારા મૃત્યુ બાદ જ મહાગુજરાતની રચના થઈ શકશે. દ્વિભાષી રાજ્ય તૂટશે તો સત્યનાશ થઈ જશે.'

મોરારજીભાઈ એક નખશિખ પ્રામાણિક નેતા હતા. તેમનું અંગત જીવન સાદગીપૂર્ણ હતું. પ્રખર ગાંધીવાદી હતા, પરંતુ એક વાત પકડે તો તે છોડતા નહીં. તેમના વિચારોમાં મક્કમ અને જક્કી પણ હતા. મોરારજીભાઈને ગુજરાતના કૉંગ્રેસીઓ 'સર્વોચ્ચ' કહેતા. ગુજરાતના કૉંગ્રેસીઓ તેમનાથી ડરતા પણ હતા. કેટલાક પોતાના અંતરાત્માની વિરુદ્ધ પણ મોરારજીભાઈના દ્વિભાષી રાજ્યની તરફેણ કરતા હતા. કેટલાક વિરોધ કરીને કૉંગ્રેસ છોડી ગયા હતા અને મહાગુજરાત મળી જતાં કૉંગ્રેસમાં પાછા પણ ફર્યા હતા. પરંતુ જ્યારે દ્વિભાષી રાજ્યના બદલે ગુજરાતને આગવું રાજ્ય મળશે તેવી જાહેરાત બાદ ઘણાં કૉંગ્રેસીઓના સૂર બદલાઈ ગયા.


### ગુજરાતના કૉંગ્રેસીઓ

અચાનક પલટાયેલા રાજકીય હવામાન અને નવી ઊભી થયેલી પરિસ્થિતિ અંગે અમદાવાદ અને ગુજરાત કૉંગ્રેસ વર્તુળોએ હવે નાછૂટકે કાંઈક મોં ખોલવા માંડયાં હતાં. જે ઝડપથી બધું બની ગયું તેથી હકીકતમાં તો તેઓ આભા જ બની ગયા હતા. હવે લોકોને કયા મોઢે નવી સ્થિતિનો બચાવ કરીશું તેની વિમાસણમાં પડી ગયા હતા, પણ ધીમેધીમે દ્વિભાષી વિભાજનની વાતથી જે શરૂઆતનો આઘાત લાગેલો તેમાંથી તેઓ બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને કંઈ ને કંઈ કારણો અને ખુલાસાઓ નાછૂટકે આપતાં હતાં. અમદાવાદના આ કૉંગ્રેસી વર્તુળોએ કોઈનું નામ આપ્યા વગર એવો વાહિયાત ખુલાસો કરેલો કે ગુજરાત અને મહારાષ્ટ્રમાં સમાજવાદીઓની લાગવગ વધતી અટકાવવા માટે અને કૉંગ્રેસને વધુ ફટકો પડતો રોકવા માટે તાત્કાલિક વિધાનસભાનું વિસર્જન કરવાનો નિર્ણય લેવામાં આવેલો છે. વળી તેઓ એવી પણ આશા વ્યક્ત કરતા હતા કે, આ નિર્ણયથી ગુજરાત અને મહારાષ્ટ્રમાં કૉંગ્રેસ પક્ષ મજબૂત થશે અને જે લોકો દ્વિભાષીના સવાલ ઉપર કૉંગ્રેસ છોડીને ચાલ્યા ગયા છે તેઓ કૉંગ્રેસમાં પાછા ફરશે. તેમણે એવી પણ આશા વ્યક્ત કરી કે નવા ગુજરાત રાજ્યને વ્યવસ્થિત કરવા માટેના કામમાં મોરારજીભાઈ દેસાઈનું માર્ગદર્શન પણ મળી રહેશે.

જોકે, અમદાવાદમાં હવે ભદ્રમાં આવેલ કૉંગ્રેસ હાઉસ તરફ હવે કાર્યકરો અને લોકોની અવરજવર એકદમ વધવા પામી હતી. અમદાવાદ અને ગુજરાતના કૉંગ્રેસી કાર્યકરો લાંબા સમય પછી ભારે માનસિક શાંતિ અનુભવતા હતા. એ નક્કી જ હતું કે, ગુજરાતનું રાજ્ય અલગ થતાં કૉંગ્રેસ પક્ષની જ સરકાર આવશે તેથી જેઓ મહાગુજરાતના આંદોલન દરમિયાન કૉંગ્રેસથી વિમુખ થઈને માત્ર ઘરમાં બેસી રહ્યા હતા, તેવા લોકો પણ સત્તા આવવાની છે તે જાણીને હોંશે હોંશે કૉંગ્રેસ હાઉસનાં રોજેરોજ પગથિયાં ઘસતા હતા અને નેતાઓની નજરે ચડવાના પ્રયાસ કરતા હતા. એ નક્કી જ હતું કે જે કૉંગ્રેસીઓ દ્વિભાષીના મુદ્દા ઉપર કૉંગ્રેસમાંથી છૂટા પડયા હતા, તેઓ બધાં કૉંગ્રેસમાં પાછા ફરશે અને તે રીતે જનતા પરિષદની ટિકિટ ઉપર ચૂંટાયેલા કૉંગ્રેસીઓ પણ કૉંગ્રેસમાં પાછા ફરશે તેમ સૌ માનતા હતા.

### ઠાકોરભાઈ મહાગુજરાતવાદી

મહાગુજરાતના આંદોલનની સામે જેમણે કડક ભાષા વાપરેલી અને જેમણે અનેક વાર સાવ તોછડી ભાષામાં જનતા પરિષદની ઝાટકણી કાઢેલી તેવા ઠાકોરભાઈ દેસાઈ બહુ સમજદારીપૂર્વક આ નવી પરિસ્થિતિમાં બેહૂદી ટીકા-ટિપ્પણીથી દૂર રહ્યા હતા. એક એવી વાત શરૂઆતથી ચોક્કસપણે બહાર આવેલી કે, જ્યારે દ્વિભાષીનો નિર્ણય અચાનક લેવાયો ત્યારે ઠાકોરભાઈ દેસાઈએ તેનો સખત વિરોધ કરેલો અને ટેલિફોન ઉપર આ બાબતમાં તેમની અને મોરારજીભાઈ વચ્ચે ભારે ગરમાગરમી અને તડાતડી થઈ ગયેલી. આ વખતે ઠાકોરભાઈએ મોરારજીભાઈને સ્પષ્ટ કહેલું કે, દ્વિભાષી રાજ્યનો નિર્ણય તેમને બિલકુલ




**મોરારજી દેસાઈ દ્વિભાષી રાજ્યના દુરાગ્રહના કારણે ગુજરાતમાં ભલે અપ્રિય થાય અને એમ જ થયું. પરંતુ મોરારજી દેસાઈ વ્યક્તિગત અને જાહેર જીવનમાં એક શ્રેષ્ઠ અને ઉમદા વ્યક્તિ હતા. નેહરુ પરિવાર સાથેના તેમના મતભેદો ઇંદિરા ગાંધીના રાજકીય ઉદય પછી બહાર આવ્યા અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કૉંગ્રેસના સત્તાવાર ઉમેદવાર સામે ઇંદિરા ગાંધીએ વી. વી ગીરીને ટેકો આપી દેતાં કૉંગ્રેસના ભાગલા થયા**

કબૂલ મંજૂર નથી અને તેઓ પોતાના અંતરાત્માના અવાજને માન આપીને દ્વિભાષી રાજ્યની વાતનો જાહેરમાં વિરોધ કરશે. પરંતુ જ્યારે બધી ચર્ચા પછી મોરારજીભાઈએ તેમને એ પ્રકારની વાત કરી કે, જો તમે જ આવું વલણ લેશો તો ગુજરાતી કૉંગ્રેસને કોણ બચાવશે અને હું આવા વલણની તમારી પાસેથી અપેક્ષા રાખતો ન હતો. મોરારજીભાઈની આ વાત પછી છેવટે પક્ષ પ્રત્યેનાં પ્રેમ અને શિસ્તને ખાતર ઠાકોરભાઈ દ્વિભાષી રાજ્યની વાત કરવા સંમત થયા હતા. ઠાકોરભાઈ દ્વિભાષીમાં દિલથી કદી માનતા ન હતા, પરંતુ સમય અને સંજોગોને કારણે દ્વિભાષીના બચાવની કામગીરી તેમણે ઉપાડી અને પ્રજામાં અળખામણા થવાનું પણ તેમણે શિસ્તને ખાતર પસંદ કરી લીધું.

### ઠાકોરભાઈની નિખાલસતા

બ્રહ્મકુમાર ભટ્ટ નોંધે છે કે, ૧૯૬૭માં અવિભક્ત કૉંગ્રેસના સમયમાં હું જ્યારે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસનો મંત્રી થયો ત્યારે ઠાકોરભાઈ સાથે મારા ખૂબ ઘનિષ્ઠ સંબંધો થયા હતા. તેમણે અનેક વખત હસતાં હસતાં અને રમૂજમાં તથા ઘણાંની હાજરીમાં મને કહેલું કે, તમારા કરતા હું વધારે મહાગુજરાતવાદી હતો, પરંતુ મારે જુદો જુદો પાઠ ભજવવો પડેલો. ઠાકોરભાઈ એક ખૂબ પ્રેમાળ અને સરળ વ્યક્તિ હતી તેની બહુ ઓછાને ખબર છે. તેમની કડક અને તોછડી ભાષાને કારણે ઘણાં તેમને સમજી શકેલા નહીં. તેઓ રમૂજી અને નિખાલસ પણ એટલા જ હતા. મણિનગર વૉર્ડના કૉંગ્રેસ કાર્યકરોના એક સંમેલનમાં હું પ્રમુખસ્થાને હતો અને ઠાકોરભાઈ મુખ્ય અતિથિ હતા. તે વખતે એ વિશાળ સંમેલનમાં બધાના ખડખડાટ હાસ્ય વચ્ચે તેમણે કહેલું કે, મહાગુજરાતના આંદોલનમાં હું અને બ્રહ્મકુમાર બંને બહુ જાણીતા હતા અને બંનેને જોવા લોકો એકઠા થઈ જતા હતા. જો ટોળું થાય તો બ્રહ્મકુમાર બહાર રહી શકે, પરંતુ મને પાંજરામાં મૂકી રાખવો પડતો. આવા નિખાલસ અને સરળ ઠાકોરભાઈએ જો હિંમતથી અને ઉદારતાથી પોતાની સંમતિ ના આપી હોત તો આજે જે જગાએ છે તે સ્થળે મહાગુજરાતના શહીદોનું સ્મારક ન થઈ શક્યું હોત તે વાતનો હું સાક્ષી છું.

### મોરારજીભાઈની બીજી ભાષા

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના કાર્યકરોનું એક વિશાળ સંમેલન તા. ૫-૧૧-૫૯ના રોજ મળ્યું. જેઓ લાંબા સમયથી ફરકતા ન હતા, તેવા ઘણાં કૉંગ્રેસી કાર્યકરો મોરારજીભાઈની નજરે પડવા આ સંમેલનમાં હાજર થઈ ગયા હતા. કેમ કે તેઓ સમજતા હતા કે મોરારજીભાઈ સત્તાની વહેંચણીનું કેન્દ્ર છે. આ સંમેલનનું ઉદ્ઘાટન કરતાં મોરારજીભાઈએ કહ્યું કે, મુંબઈ રાજ્યનું વિભાજન કર્યા સિવાય મોવડી મંડળ પાસે બીજો કોઈ માર્ગ જ ન હતો. મુંબઈ રાજ્યનું વિભાજન થવાથી હવે ગુજરાતને નુકસાન થાય નહીં અને વિશેષ ફાયદો થાય તે રીતે બધા જ પ્રશ્નોનો નિવેડો થશે. દ્વિભાષી રાજ્યને સમર્થન આપનાર હું જ હતો, પરંતુ સમૂહ વિચારને સ્વીકારીને આગળ ચાલીએ તો જ લોકશાહી ટકી શકે. આ સંજોગોમાં ગુજરાતના કૉંગ્રેસીઓની જવાબદારી ઘણી વધી જાય છે અને આપણે નવી પરિસ્થિતિમાં ગુજરાતનું નિર્માણ કરીશું અને ગમે તેવી પરિસ્થિતિનો રસ્તો કાઢી શકીશું.

મોરારજી દેસાઈએ એક તબક્કે એવું પ્રવચન કર્યું કે, 'દ્વિભાષી રાજ્ય તૂટશે તો સત્યનાશ જશે અને મારા જીવતાં દ્વિભાષી રાજ્ય નહીં તૂટે, એટલું જ નહીં પણ ગુજરાતને અલગ રાજ્ય ન થવા દઉં.' આવા ધારદાર ભાષણો કરનાર મોરારજીભાઈના વિચારો જે ઝડપથી બદલાયા તેથી માત્ર ગુજરાતના લોકો જ નહીં, પરંતુ ખાસ કરીને કૉંગ્રેસી કાર્યકરો તો આશ્ચર્યમાં જ પડી ગયા હતા. આવા સામાન્ય કાર્યકરો અત્યાર સુધી દ્વિભાષી રાજ્યના ગુણગાન ગાવામાંથી ઊંચા જ આવતા ન હતા.

### મોરારજીભાઈનો દબદબો કાયમ

દ્વિભાષી રાજ્યની યોજનાનું ખંડન થઈ ગયા બાદ અને મહાગુજરાતની ચળવળની સફળતા મળ્યા બાદ ઘણાં કૉંગ્રેસીઓનું હૃદય પરિવર્તન થઈ ગયું હતું. ઘણાં કૉંગ્રેસીઓએ ફરી ધોળી ટોપી અપનાવી લીધી હતી. અલબત્ત, મહાગુજરાતની ચળવળની સફળતા એ મોરારજીભાઈની રાજકીય હાર હતી, છતાં તેમના રાજકીય મહત્ત્વમાં કોઈ ઘટાડો થયો નહોતો. દિલ્હીમાં તેમનો દબદબો કાયમ હતો. એક રીતે જોઈએ તો એ વખતે વડાપ્રધાન જવાહરલાલ નેહરુ ખુદ ઈચ્છતા હતા કે ગુજરાતને દ્વિભાષીમાં જોડવું જોઈએ નહીં, પરંતુ મોરારજી દેસાઈ ગુજરાતના હોઈ તેમણે મોરારજીભાઈના દુરાગ્રહ સામે પોતાનો કોઈ આગ્રહ રાખ્યો નહોતો. એ સાથે સાથે તેમની રાજકીય મુત્સદીગીરી પણ હતી. નેહરુ પણ ઈચ્છતા હતા કે મોરારજી દેસાઈ તેમના દ્વિભાષી રાજ્યના દુરાગ્રહના કારણે ગુજરાતમાં ભલે અપ્રિય થાય અને એમ જ થયું. પરંતુ મોરારજી દેસાઈ વ્યક્તિગત અને જાહેર જીવનમાં એક શ્રેષ્ઠ અને ઉમદા વ્યક્તિ હતી. નેહરુ પરિવાર સાથેના તેમના મતભેદો ઈંદિરા ગાંધીના રાજકીય ઉદય પછી બહાર આવ્યા અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કૉંગ્રેસના સત્તાવાર ઉમેદવાર સામે ઈંદિરા ગાંધીએ વી. વી ગીરીને ટેકો આપી દેતાં કૉંગ્રેસના ભાગલા થયા.

તે પછીનો ઈતિહાસ જાણીતો છે.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### રબર પેન્સિલના ડાઘ કેવી રીતે દૂર કરે છે?

કમ્પ્યૂટર અને ડિજીટલ જમાનામાં આજે પેન્સિલ અને રબર લગભગ ભૂલાઈ ગયા છે. પરંતુ તેમનો ઉપયોગ આજે પણ વ્યાપક જોવા મળે છે. તમારા કંપાસ બોક્સમાં પેન્સિલ અને રબર પણ હોવાનાં જ કાગળ ઉપરથી પેન્સિલના ડાઘ કે લખાણ દૂર કરવા ખાસ કરીને ચિત્રો દોરતી વખતે રબર કે ઇરેઝરની જરૂર પડેજ. રબર ઘસવાથી પેન્સિલના ડાઘ કેવી રીતે દૂર થાય છે તે જાણો છો? પેન્સિલની શોધ બહુ જુની છે પરંતુ આજે પેન્સિલ ગ્રેફાઈટ અને ચીકણી માટીની બને છે. કાગળ ઉપર લખાય છે. તે ગ્રેફાઈટના સૂક્ષ્મ કણોનું પડ હોય છે. ડાઘા દૂર કરવાના ઇરેઝર પોલિવિનાઈલ કલોરાઈડ કે કૃત્રિમ રબરના બને છે.

આ પેટ્રોલિયમ પેદાશ છે. કાગળ ઉપરનું પેન્સિલનું લખાણ કાગળના રેસા સાથે ચોંટેલા ગ્રેફાઈટના રજકણો છે. કાગળના રેસા મજબૂતીથી ગ્રેફાઈટના કણોને જકડી રાખે છે. પરંતુ કૃત્રિમ રબરના રેસા તેનાથી વધુ શક્તિશાળી હોય છે. તે ગ્રેફાઈટના કણોને પોતાના તરફ આકર્ષી લે છે અને રબર સાથે ચોંટી જાય છે.

# T-20 World Cup: રવિવારે ભારત-પાક. વચ્ચે કાંટાની ટક્કર

## • ઇંગ્લેન્ડમાં રમાયેલા 2019ના વન ડે વર્લ્ડ કપમાં બંને ટીમ ટકરાઈ હતી

નવી દિલ્હી: ટી-20 વર્લ્ડ કપ-2021માં ભારત અને પાકિસ્તાનની વચ્ચે 24 ઓક્ટોબરે રમાનારી મેચની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. લાંબા સમય પછી બંને ટીમો ટકરાવવા તૈયાર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લે વન-ડે વર્લ્ડ કપ-2019માં ઈંગ્લેન્ડમાં મેચ રમાઈ હતી. તે પછી ભારતે આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ-2021 દરમિયાન પાકિસ્તાન સામે સીરિઝ રમવાનો ઈનકાર કરી દીધો હતો.

જોકે આ મેચ પહેલા જ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે




## • આતંકી ગતિવિધિઓને કારણે મંત્રીએ મેચ રદ કરવા માંગ કરી

આ મેચને રદ કરવાની માગ કરી છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાન આંતકવાદી ગતિવિધિઓમાં સામેલ રહે છે એટલે મેચ અંગે ફરી એકવખત વિચાર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, ભારતે પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવી જોઈએ નહીં. જો આ સમગ્ર મામલાને જોતા વન-ડે વર્લ્ડ કપ-2019ની વાત કરીએ તો એ સમયે પણ આ પ્રકારની પરિસ્થિતિ આવી હતી. ત્યારે સચિન તેંદુલકરને પૂછવામાં આવ્યું હતું તો તેમણે પાકિસ્તાન સામે રમવાની તરફેણ કરી હતી.

## વોર્મઅપ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 8 વિકેટે હરાવ્યું

સ્પિનરોના જાદુ બાદ ઓપનર રોહિત શર્માએ ફોર્મ બતાવતા ફટકારેલા ૬૦ રનને સહારે ભારતે ઓસ્ટ્રેલિયા સામેની પ્રેક્ટિસ મેચમાં ૧૩ બોલ બાકી હતા, ત્યારે આઠ વિકેટથી જીત હાંસલ કરી લીધી હતી. જીતવા માટેના ૧૫૩ના ટાર્ગેટને ભારતે માત્ર ૧૭.૫ ઓવરમાં જ બે વિકેટ ગુમાવીને પાર પાડયો હતો. ભારતે આ સાથે બંને પ્રેક્ટિસ મેચો જીતી લઈને ટી-૨૦ વર્લ્ડ કપની તૈયારીઓ ભારે આત્મવિશ્વાસ સાથે પૂર્ણ કરી હતી.

## ભારતને હરાવવા પાકિસ્તાન 7 બોલરો સાથે ઉતરશે મેદાનમાં

ટી-20 વર્લ્ડકપને લઈને લોકોમાં ભારે ઉત્સાહ છે. ટીમ ઇન્ડિયા ટી 20 વર્લ્ડ કપની પ્રથમ મેચની તૈયારીમાં વ્યસ્ત છે. ટીમે 24 ઓક્ટોબરે પાકિસ્તાનનો સામનો કરવાનો છે. આ બંને ટીમોની ટુર્નામેન્ટમાં પ્રથમ મેચ છે. આ મેચ માટે પાકિસ્તાનની પ્લેઈંગ -11 ટીમ જાહેર કરવામાં આવી છે. ટીમ ત્રણ ઝડપી બોલરો સાથે મેદાનમાં ઉતરી શકે છે. આ સિવાય 4 ઓલરાઉન્ડર રમી શકે છે. એટલે કે કુલ 7 બોલરો મેચમાં રમી શકશે.

## બાંગ્લાદેશનો સુપર ૧૨માં પ્રવેશ: PNGને ૮૪ રનથી પરાજય આપ્યો

મસ્કત: શાકિબ અલ હસનના ઓલરાઉન્ડર દેખાવને સહારે બાંગ્લાદેશે પાપુઆ ન્યુ ગિનીને ૮૪ રનથી હરાવીને ટી-૨૦ વર્લ્ડ કપના સુપર-૧૨માં પ્રવેશ મેળવ્યો હતો. શાકિબે આક્રમક બેટીંગ કરતાં ૪૬ રન ફટકાર્યા હતા. જે પછી માત્ર ૯ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. જીતવા માટેના ૧૮૨ના ટાર્ગેટ સામે પાપુઆ ન્યુ ગિનીની ટીમ ૧૯.૩ ઓવરમાં ૯૭ રનમાં જ ખખડી ગઈ હતી. વિકેટકિપર કિપ્લીન ડોરિગાએ ૩૪ બોલમાં અણનમ ૪૬ રન નોંધાવ્યા હતા.

## આયરલેન્ડના બોલર કર્ટિસ કૈંફરે 4 બોલમાં 4 વિકેટ ઝડપી ઇતિહાસ રચ્યો

આયરલેન્ડના ઝડપી બોલર કર્ટિસ કૈંફરે ટી-20 વર્લ્ડકપ 2021માં ઇતિહાસ રચી દીધો છે. ટી-20 વર્લ્ડકપ 2021ના એક મુકાબલામાં તેણે નેધરલેન્ડ વિરૂદ્ધ 4 બોલમાં 4 વિકેટ લીધી છે. તે ટી-20 વર્લ્ડકપમાં આવું કરનાર દુનિયાનો પ્રથમ બોલર છે. ટી-20 ઇન્ટરનેશનલમાં તેના પહેલા શ્રીલંકાના ઝડપી બોલર લસિથ મલિંગા અને અફઘાનિસ્તાનના રાશિદ ખાને 4 બોલમાં 4 વિકેટ લઇ ચુક્યા છે. તે આયરલેન્ડ તરફથી ટી-20માં હૈટ્રિક લેનાર પ્રથમ બોલર પણ બની ગયો છે.

## ટી-20 કપની પ્રથમ મેચમાં સ્કોટલેન્ડે બાંગ્લાદેશને 6 રનથી પછડાટ આપ્યો

UAE અને ઓમાનમાં રવિવારે શરૂ થયેલી ટી20 વર્લ્ડ કપના પહેલા દિવસે મોટો ઊલટફેર જોવા મળ્યો હતો. બીજી મેચમાં સ્કોટલેન્ડે તેમનાથી ઘણી મજબૂત એવી બાંગ્લાદેશની ટીમને 6 રનથી હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. સ્કોટલેન્ડે બાંગ્લાદેશને 141 રનનો ટાર્ગેટ આપ્યો હતો. 141 રનનો પીછો કરતાં બાંગ્લાદેશની શરૂઆત ખરાબ રહી હતી અને તેણે બંને ઓપનરને ફક્ત 18 રનમાં ગુમાવી દીધા હતા. સ્કોટીશ સ્પીનરોએ બાંગ્લાદેશી બેટ્સમેન્સને રન કરવાની બહુ ઓછી તક આપી હતી.

# રોનાલ્ડોના ગોલની મદદથી માંચેસ્ટર યુનાઈટેડે એટલાન્ટાને ૩-૨થી હરાવ્યું

**લંડન**

રોનાલ્ડોના આખરી મિનિટોના ગોલને સહારે માંચેસ્ટર યુનાઈટેડે ઘરઆંગણે રમાયેલી ચેમ્પિયન્સ લીગની મેચમાં એટલાન્ટાને ૩-૨થી હરાવ્યું હતુ. જ્યારે ચેલ્સીએ ૪-૦થી માલ્મો કલબ સામે જીત હાંસલ કરતાં પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું હતુ. જર્મન કલબ બાયર્ન મ્યુનિચે ૪-૦થી બેન્ફિકાને પરાસ્ત કર્યું હતુ. જ્યારે ઈટાલીયન કલબ યુવેન્ટસે ૧-૦થી ઝેનિટ સામે જીત મેળવી હતી. છેલ્લા કેટલાક સમયથી સતત હારનો સામનો કરી રહેલી બાર્સેલોના કલબે આખરે જીત મેળવી હતી. તેમણે ૧-૦થી ડાયમેનો કિવ સામે સંઘર્ષમય વિજય મેળવ્યો હતો.

ઓલ્ડ ટ્રેફોર્ડ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મારિયો પૅસાલિચ અને મેરિહ ડેમિરલના ગોલને સહારે એટલાન્ટાએ ૨૮મી મિનિટ સુધીમાં માંચેસ્ટર પર ૨-૦થી સરસાઈ મેળવી લીધી હતી. જોકે બીજા હાફમાં આગવી લય મેળવનારા માંચેસ્ટરે માર્કસ રશફોર્ડ અને હેરી મિગુઈરેના ગોલને સહારે બરોબરી મેળવી હતી. ફાઈનલ વ્હીલસને નવ મિનિટની વાર હતી, ત્યારે રોનાલ્ડોએ ગોલ ફટકારીને ટીમને નિર્ણાયક સરસાઈ અપાવી હતી. જે વિજયી સાબિત થઈ હતી.

## ફૂટબોલની દિગ્ગજ ક્લબ માન્ચેસ્ટર યુનાઈટેડે IPLની ટીમ ખરીદવામાં રસ બતાવ્યો

**નવી દિલ્હી**

ફૂટબોલ જગતની ટોચની ક્લબ ગણાતી માન્સચેસ્ટર યુનાઈટેડને ક્રિકેટની સૌથી મોંઘી અને મોટી ટુર્નામેન્ટ આઈપીએલમાં રસ પડ્યો છે. આઈપીએલમાં બે નવી ટીમો ખરીદવા માટે વિદેશોમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. માન્ચેસ્ટર યુનાઈડેટના માલિક ગ્લેઝર પરિવારને પણ આઈપીએલની ટીમ ખરીદવામાં રસ પડ્યો હોવાનો અહેવાલ એક અંગ્રેજી અખબારમાં પ્રસિધ્ધ થયો છે. માન્ચેસ્ટર યુનાઈડેટ દુનિયાની સૌથી મોંઘી ફૂટબોલ ક્લબ પૈકીની એક છે. ફૂટબોલ સ્ટાર રોનાલ્ડો આ ક્લબ વતી રમી રહ્યો છે.

# ડેનમાર્ક ઓપન : સિંધુ સંઘર્ષમય વિજય સાથે ક્વાર્ટર ફાઈનલમાં

**નવીદિલ્હી**

ભારતીય બેડમિંટન સ્ટાર પી.વી. સિંધુએ લડાયક વિજયની સાથે ડેનમાર્કમાં ચાલી રહેલી સુપર ૧૦૦૦ સિરિઝની ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. રિયો ઓલિમ્પિકમાં સિલ્વર અને ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતનારી સિંધુ જાપાનની રાજધાનીમાં રમાયેલા રમતોના મહાકુંભ બાદ પહેલી ટુર્નામેન્ટમાં રમી રહી છે. સિંધુએ ૨૧-૧૬, ૧૨-૨૧, ૨૧-૧૫થી બુસાનન ઓન્ગબામુરનફાનને હરાવી હતી. આ મુકાબલો એક કલાક અને સાત મિનિટ સુધી ચાલ્યો હતો. ભારતની સાયના નેહવાલ પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ઉતરી હતી. જોકે તેને પહેલી જ મેચમાં જાપાનની વર્લ્ડ નંબર ૨૦ એયા ઓહારી સામે ૨૧-૧૬, ૨૧-૧૪થી હારનો સામનો કરવો પડયો હતો. સાયના નેહવાલને ઉબેર કપની સૌપ્રથમ મેચમાં જ ઈજા થઈ હતી. જે પછી તે ટુર્નામેન્ટમાંથી ખસી ગઈ હતી. હવે તેણે ઈજામાંથી પુનરાગમન કર્યું છે, આમ છતાં તે આગવી લયમાં જોવા મળી નહતી.

ભારતના ૨૦ વર્ષના બેડમિંટન ખેલાડી લક્ષ્ય સેને ૨૧-૯, ૨૧-૭થી નેશનલ ચેમ્પિયન સૌરભને હરાવીને આગેકૂચ કરી હતી.

# મેસીના બે ગોલને સહારે PSGનો ૩-૨થી લાઈપઝિગ સામે વિજય

**પેરિસ**

મેસીના બે ગોલને સહારે પેરિસ સેંટ જર્માઈન કલબે ૩-૨થી જર્મનીની લાઈપઝિગ કલબને ચેમ્પિયન્સ લીગની મેચમાં હરાવી હતી. જ્યારે ઈંગ્લિશ કલબ લીવરપૂલે ૩-૨થી એટ્લેટિકો મેડ્રિડની સામે ૩-૨થી વિજય હાંસલ કર્યો હતો. માંચેસ્ટર સિટીએ ૫-૧થી એક તરફી મેચમાં કલબ બુરગ્ગાને પરાસ્ત કર્યું હતુ. જ્યારે ઈન્ટર મિલાને શેરિફની સામે ૩-૧થી જીત હાંસલ કરી હતી. રિયલ મેડ્રિડે ૫-૦થી ડોનેટ્સ્કને પરાજીત કર્યું હતુ.

એમ્બાપ્પેએ પીએસજીને નવમી મિનિટે સરસાઈ અપાવી દીધી હતી. જોકે એન્ડ્રે સિલ્વા અને નોર્ડી મુકૈલેના ગોલને સહારે લાઈપઝિગે ૫૭મી મિનિટ સુધીમાં ૨-૧થી સરસાઈ મેળવી લીધી હતી. આખરે મેસીએ ૬૪મી મિનિટે બરોબરી કરતો ગોલ ફટકાર્યો હતો. જે પછી તેણે ૭૪મી મિનિટે પેનલ્ટી કિકને ગોલમાં તબદીલ કરતાં ટીમને જીતાડી હતી.

લીવરપૂલે મોહમ્મદ સાલાહ અને નાબી કેઈટાના ગોલને સહારે ૧૩મી મિનિટે જ ૨-૦થી સરસાઈ મેળવી લીધી હતી. જોકે એન્ટોની ગ્રીઝમાને ૧૪ મિનિટના ગાળામાં બે ગોલ ફટકારતાં એટ્લેટિકોને બરોબરી અપાવી હતી. બીજા હાફમાં ગ્રીઝમાનને ૫૨મી મિનિટે રેડ કાર્ડ મળતાં એટ્લેટિકોની મુશ્કેલી વધી હતી. આખરે સાલાહે ૭૮મી મિનિટે પેનલ્ટી કિકને ગોલમાં ફેરવતા ટીમને જીતાડી હતી.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# US-કેનેડાના 17 મિશનરીઓનું અપહરણ કરીને આતંકીઓએ 10-10 લાખ માંગ્યા

**વોશિંગ્ટન**

કેરેબિયન દેશ હૈતી ખાતે ત્યાંના આતંકવાદીઓએ અમેરિકા અને કેનેડાના 17 મિશનરીઓનું તેમના પરિવાર સહિત અપહરણ કરી લીધું છે. આતંકવાદીઓએ અમેરિકા અને કેનેડાના 17 ઈસાઈ મિશનરીઓની મુક્તિના બદલામાં 10-10 લાખ રૂપિયાની માગણી કરી છે. આ બધાને છોડી મુકવા માટે આતંકવાદીઓએ કુલ 17 મિલિયન એટલે કે, 170 લાખ રૂપિયા માગ્યા છે. પ્રત્યેક મિશનરીના બદલામાં 10 લાખ રૂપિયા આપવાનું કહેવામાં આવ્યું છે.

ન્યાય મંત્રી લિસ્જટ ક્વિટલે




આતંકવાદીઓ સાથે વાતચીત ચાલી રહી હોવાની માહિતી આપી હતી. 400 માવોજો આતંકવાદી સંગઠને મિશનરીઓને કેદ કર્યા છે. આ સાથે જ મંત્રીએ આ ભારે મોટી રકમની ખંડણીની પણ પૃષ્ટિ કરી છે. આતંકવાદીઓએ સૌથી પહેલા ઓહાયો સ્થિત ક્રિશ્ચિયન એડમિનિસ્ટ્રીઝને ફોન કર્યો હતો અને ખંડણીની રકમ અંગે જણાવ્યું હતું. અપહૃત મિશનરીઓ આ સમૂહ સાથે જોડાયેલા છે.

અમેરિકી ગુપ્તચર એજન્સી એફબીઆઈ અને હૈતીની પોલીસ સતત આ જૂથને વાતચીત કરવા માટેની સલાહ આપી રહી છે જેથી તમામ લોકોને સુરક્ષિત રીતે છોડાવી શકાય. આતંકવાદીઓએ શનિવારે હૈતી ખાતેથી અમેરિકી ઈસાઈ મિશનરીઓનું તેમના પરિવારજનો સાથે અપહરણ કર્યું હતું. તમામ મિશનરીઓ રાજધાની પોર્ટ-ઓ-પ્રિંસના એક અનાથાલયમાંથી બહાર જઈ રહ્યા હતા તે સમયે તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું.

# યુકેએ ફેસબૂકને પાંચ કરોડ પાઉન્ડનો જંગી દંડ ફટકાર્યો

## સોશિયલ મીડિયા જાયન્ટે ગિફીના ટેકઓવરના નિયમનો ભંગ કર્યો

**લંડન**

બ્રિટનના સ્પર્ધા નિયમન નિરીક્ષકે ફેસબૂકને ગિફીની ખરીદીમાં નિયમોનો ભંગ કરવા બદલ પાંચ કરોડ પાઉન્ડનો દંડ ફટકાર્યો છે. ધ કોમ્પિટિશન એન્ડ માર્કેટ્સ ઓથોરિટીએ જણાવ્યું હતું કે ફેસબૂક તપાસ દરમિયાન જરુરી માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ ગયું હતું. તેણે જણાવ્યું હતું કે તેઓએ કંપનીને અનેક વખત ચેતવણી આપી હતી અને તેના પછી ફેસબૂક નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયું હોવાનો નિર્ણય લીધો હતો. આ અંગે વારંવાર આપવામાં આવેલી ચેતવણીની તેણે અવગણના કરી હતી. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે કંપનીએ પહેલી વખત તેમને જરુરી માહિતી પૂરી પાડી ન હોવાના લીધે જોગવાઈઓનો ભંગ કર્યો હતો. આ પ્રકારના આદેશો મર્જરની પ્રક્રિયાની તપાસ શરુ થાય ત્યારે આપવામાં આવે છે અને તેનો હેતુ તપાસ ચાલે ત્યાં સુધી કંપનીઓના મર્જરને રોકવાનો છે. કંપનીને આ નિયમનો ભંગ કરવા બદલ પાંચ કરોડ પાઉન્ડ એટલે કે ૬.૯૪ કરોડ ડોલર કે ૫૦૪ કરોડનો દંડ ફટકાર્યો છે.

# તાલિબાને આત્મઘાતી હુમલાખોરોને ઈસ્લામ અને દેશના 'હીરો' ગણાવ્યા

**કાબુલ**

અફઘાનિસ્તાનમાં તાલિબાને કબજો જમાવ્યાને હજુ 2 મહિના જ થયા છે અને તેણે પોતાના રંગ દેખાડવાનું શરૂ કરી દીધું છે. તાલિબાને આત્મઘાતી હુમલાખોરોના પરિવારજનોને જમીન આપવાની જાહેરાત કરી છે. આ આત્મઘાતી હુમલાખોરો એ છે જેમણે અમેરિકી અને અફઘાની સૈનિકો પર હુમલા કર્યા હતા. એટલું જ નહીં, તાલિબાને આ આત્મઘાતી હુમલાખોરોને ઈસ્લામ અને પોતાના દેશ માટે 'હીરો' પણ ગણાવ્યા છે. તાલિબાનના આંતરિક મંત્રાલયના પ્રવક્તા સઈદ ખોસ્તીએ ટ્વિટમાં લખ્યું હતું કે, કાર્યકારી આંતરિક મંત્રી સિરાજુદ્દીન હક્કાનીએ અનેક ડઝન આત્મઘાતી હુમલાખોરોના પરિવારજનોને ઈનામ આપવાની જાહેરાત કરી છે. ખોસ્તીએ ટ્વિટમાં લખ્યું હતું કે, હક્કાનીએ આત્મઘાતી હુમલામાં માર્યા ગયેલા ફાઈટર્સને 'શહીદ અને ફિદાયીન' ગણાવીને તેમની પ્રશંસા કરી છે. હક્કાનીએ આત્મઘાતી હુમલાખોરોને 'ઈસ્લામ અને દેશ માટે હીરો' પણ ગણાવ્યા હતા. સોમવારે એક કાર્યક્રમ દરમિયાન હક્કાનીએ હુમલાખોરોના પરિવારજનોની મુલાકાત લીધી હતી.

# માર્ક ઝુકરબર્ગનું રિ-બ્રાન્ડિંગ કરવાની જાહેરાત આગામી સપ્તાહે નામ જાહેર થવાની સંભાવના

## ફેસબૂક વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, ઓક્યુલસની જેમ ફક્ત એક એપ જ રહેશે

**વોશિંગ્ટન**

ફેસબૂક આગામી સપ્તાહે કંપનીનું નામ બદલવાનું આયોજન ધરાવે છે, આ બાબત કંપની મેટાવર્સ પર ફોકસ કરી રહી હોવાનું પ્રતિબિંબ પાડે છે, એમ આ અંગે સીધી જાણકારી ધરાવનારાઓએ જણાવ્યું હતું. નામમાં ફેરફાર કરવા અંગે ઝુકરબર્ગ કંપનીની ૨૮મી ઓક્ટોબરે યોજાનારી એજીએમમાં વાત કરે તેમ મનાય છે. આમ કંપનીની મહત્ત્વાકાંક્ષા હવે સોશિયલ મીડિયાથી




પણ આગળની છે. રિબ્રાન્ડિંગના લીધે નવી કંપનીમોં ફેસબૂક એપ પણ તેની બીજી એપ પ્રોડક્ટ્સ જેમકે વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, ઓક્યુલસની જેવી એપ જ બની જશે. આમ ફેસબૂક એક કંપની બનીને નહી રહે, પણ એક કંપનીની પ્રોડક્ટ હશે.

ફેસબૂક પાસે સ્માર્ટફોનમાં ઉપયોગમાં લેવાતા એઆર ગ્લાસીસ બનાવતા દસ હજારથી વધારે કર્મચારીઓ છે. ઝકરબર્ગ માને છે કે સમગ્ર વિશ્વને સ્માર્ટફોનનું વળગણ તો રહેવાનું જ છે અને તે વધતું જવાનું છે. તેથી તેમા ઉપયોગમાં લેવાતા એઆર ગ્લાસીસની માંગ પણ રહેવાની છે.

# ઈઝરાયેલ, યુકે, રશિયામાં ફરી નવા વેરિયન્ટ સબ લીનિએજનો ભારે કહેર

**લંડન**

યુકે સહિત ઘણા યુરોપીયન દેશો બાદ હવે એશિયામાં પણ ડેલ્ટા વેરિઅન્ટના સબ લીનિએજ વાયરસનો આતંક ફેલાઈ રહ્યો છે. રશિયા અને ઈઝરાયેલમાંથી ડેલ્ટા સ્ટ્રેનના પેટા પ્રકારનાં કેસો નોંધાયા છે. એવાય.૪.૨ નામનો આ સબ-વેરિએન્ટ મૂળ ડેલ્ટા વેરિઅન્ટ કરતાં ૧૦-૧૫ ટકા વધુ ચેપી હોવાનું કહેવાય છે. જોકે નિષ્ણાતો હાલ તો દાવો કરી રહ્ય છે કે આ વેરિઅન્ટના ફેલાવાની સંભાવના ઓછી છે, પરંતુ પરીક્ષણો ચાલી રહ્યા છે. જો વધુ કેસ નોંધવામાં આવે છે, તો પછી આ સબ વેરિઅન્ટને વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યૂએચઓ) દ્વારા 'વેરિઅન્ટ ઓફ ઈન્ટરેસ્ટ'ની યાદીમાં સામેલ કરી શકાય છે.

નવી યુએસ ટ્રાવેલ પોલિસી હેઠળ એવા આંતરરાષ્ટ્રીય પ્રવાસીને દેશમાં પ્રવેશ નહીં મળે કે જે કોવિડ-19માંથી બહાર આવી ગયો હોય અને તે પછી બે ડોઝ ધરાવતી વેક્સિનનો એક જ ડોઝ લીધો હોય. નોંધનીય છે કે, ફ્રાન્સ અને યુરોપિયન યુનિયનના દેશોમાં આ ધોરણને ફુલ્લી વેક્સિનેટેડ તરીકે ઓળખવામાં આવે છે.

નિષ્ણાતોના મતે, આલ્ફા અને ડેલ્ટાની સરખામણીમાં નવું સબ-વેરિએન્ટ 'કંઈ' ખાસ નથી. આ કારણોસર તેઓ માની રહ્યા છે કે તે મહામારીની ગતિને વધુ અસર કરશે નહીં. એક અહેવાલ મુજબ, ચેપી રોગોના નિષ્ણાત વિલિયમ શાફનરે જણાવ્યું હતું કે હજુ તો દુનિયામાં કોરોનાના ઘણા પ્રકારો જોવા મળશે. તેમણે કહ્યું કે હવે જે પણ થશે તે ડેલ્ટાથી આવશે.

# ઓસ્ટ્રેલિયા-ગુજરાત સાથે મળી ઈલેક્ટ્રીક વાહન ક્ષેત્રે કામ કરશે

**મેલબોર્ન**

ગુરૂવારે ગાંધીનગરમાં ઓસ્ટ્રેલિયન હાઈકમિશનર અને રાજ્યના મુખ્યમંત્રી વચ્ચે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ભારત સ્થિત ઓસ્ટ્રેલિયન હાઈકમિશનર શ્રીયુત બેરી ઓલ્લફેરેલ અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ મીટિંગમાં વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રોમાં ઓસ્ટ્રેલિયા-ગુજરાત સાથે મળી આગળ વધે તે માટે આ બેઠકમાં ચર્ચા વિચારણા કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગવા વિઝનની ફલશ્રુતિ રૂપે નિર્માણ પામેલા સ્ટેચ્યુ ઓફ યુનિટિની ખાસ મુલાકાત લેવા ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરને અનુરોધ કર્યો હતો. ઓસ્ટ્રેલિયન હાઈકમિશનર બેરી ઓલ્લફેરેલે માઈનીંગ ટેકનોલોજી, ઈલેકટ્રીક વ્હીકલના બેટરી ઈન્ફાસ્ટ્રકચર સહિતના ક્ષેત્રોમાં ઓસ્ટ્રેલિયન તજજ્ઞતાનો લાભ ગુજરાતને મળે તે માટે પણ ફળદાયી વિચાર-વિમર્શ કર્યો હતો. ભારતની નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ અંતર્ગત જે નવિન તકો ઉપલબ્ધ થઈ છે, તે સંદર્ભમાં ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઝની ગુજરાતમાં સ્થાપના માટેની સંભાવના અંગે પણ તેમણે ચર્ચા કરી હતી.

# ભારતીય ગીતા ગોપીનાથ IMFના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકેનું પદ છોડશે

**વોશિંગ્ટન**

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ(આઈએમએફ)ના મુખ્ય અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથ આગામી વર્ષે જાન્યુઆરીમાં પોતાના પદનો ત્યાગ કરશે અને તે ફરીથી પ્રતિષ્ઠિત હાર્વડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં પરત ફરશે તેમ આઈએમએફએ એક નિવેદનમાં જણાવ્યું છે. અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથ જાન્યુઆરી, ૨૦૧૯માં ચીફ ઈકોનોમિસ્ટ તરીકે આઈએમએફમાં જોડાયા હતાં. આઈએમએફના મેનેજિંગ ડાયરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ જાહેરાત કરી હતી કે ટૂંક સમયમાં ગીતા ગોપીનાથના ઉત્તરાધિકારીની પસંદગીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે.

# આર્કટિક બરફના સ્તરમાં 100 કિમી લાંબો ખાડો દુનિયા માટે ચિંતાજનક

**ટૉરેન્ટો**

કેનેડાની ઉત્તરે આર્કટિકના સૌથી મોટા અને સૌથી જૂના બરફના પડ પર ગયા વર્ષે મેમાં મોટો ખાડો પડયો. વૈજ્ઞાનિક તેને વિશ્વ માટે ખતરનાક સંકેત માને છે. તેમનું માનવું છે કે તેના કારણે વિશ્વનૌ સૌથી મોટો બરફનો જથૃથો ધરાવતી પડમાં તિરાડો દેખાઈ છે. હવે તે જ્યારે તૂટીને પીગળશે ત્યારે વિશ્વનું જળસ્તર વધવાનો ભય છે. કેનેડાના એલ્સમેયર આઈલેન્ડના ઉત્તરમાં સ્થિત બરફના સદીઓ જૂના પડમાં મે 2020માં ધ પોલીનીયા દેખાયો હતો. આનો અર્થ એમ થાય કે તેમા મોટો છેદ કે ખુલ્લા પાણીના સંકેત મળ્યા હતા. તેના અંગે તાજેતરમાં જ જિયોફિઝિકલ રિસર્ચ લેટર્સમાં અભ્યાસ પ્રકાશિત કરાયો હતો. તેના સંશોધકોએ જણાવ્યું હતું કે 1988 અને 2004માં પણ ધ પોલીનીયા દેખાયો હતો. યુનિવર્સિટી ઓફ ટોરંટો મિસિસાગુઆના આર્કટિક રિસર્ચર કેન્ટ મૂરે જણાવ્યું હતું કે એલ્સમેર આઈલેન્ડના ઉત્તરમાં બરફનું પડ એટલું મોટું છે કે તેમા આ પ્રકારના મોટા ખાડાની અસર ન થઈ શકે, તેને તોડવું અશક્ય છે. પણ આ પહેલા આ વિસ્તારમાં ક્યારેય આટલો મોટો ખાડો દેખાયો ન હતો.

# લંડન સાયન્સ મ્યૂઝિયમમાં અદાણી ગ્રીન એનર્જી ગેલેરી શરૂ કરવાની જાહેરાત

**ન્યૂયોર્ક**

લંડનના સાયન્સ મ્યૂઝિયમમાં અદાણી ગ્રીન એનર્જી ગેલેરી શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ ગેલેરી શરૂ કરવાની જાહેરાત બ્રિટિશ પીએમ બોરિસ જોનસનની હાજરીમાં કરાઈ હતી. ગૌતમ અદાણીએ આ દરમિયાન જોનસન સાથે મહત્ત્વની ચર્ચા કરી હતી. બ્રિટન ખાતે સરકાર દ્વારા સાયન્સ મ્યૂઝિયમે યોજાયેલી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ હાજરી આપી હતી. આ સમિટમાં તેમણે જણાવ્યું કે, ગ્લોબલ વોર્નિંગ અને ક્લાઈમેટ ચેન્જ અંગે જે નીતિઓ નક્કી કરવામાં આવે તે ન્યાયી અને વ્યવહારુ હોવી જોઈએ.

# અમદાવાદ ખાતે સ્માર્ટસિટી સહિતના રૂપિયા ૮૦૦ કરોડના પ્રોજેક્ટ સ્થગિત

## વિકાસ કામો માટે કોન્ટ્રાકટરોને 245 કરોડની રકમ ચૂકવવાના બાકી

**અમદાવાદ**

વર્ષ-૨૦૨૦-૨૧માં કોરોના મહામારીના કારણે અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી સહિતના ૮૦૦ કરોડના પ્રોજેક્ટ સ્થગિત કરવાની મ્યુનિસિપલ તંત્રને ફરજ પડી હતી.દોઢ વર્ષથી વધુના સમયમાં વિવિધ વિસ્તારોમાં પુરા થયેલા વિકાસ કામો માટે કોન્ટ્રાકટરોને મ્યુનિ. તંત્રે રુપિયા ૨૪૫ કરોડ જેટલી રકમ ચૂકવવાની બાકી છે.આ પરિસ્થિતિમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા વર્ષના બજેટની તૈયારીનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે.ટેકસ વિભાગને કર દરખાસ્ત તૈયાર કરવા સુચના આપવામાં આવી છે.મ્યુનિ.ના તમામ વિભાગોને ૨૨ નવેમ્બર સુધીમાં આવક અને ખર્ચના સુધારેલા અંદાજો બજેટ વિભાગને મોકલવા તાકીદ કરવામાં આવી છે.

૧૨ ઓકટોબરે મ્યુનિ.ના નાણાં વિભાગે વર્ષ-૨૦૨૨-૨૩નું નવુ બજેટ તૈયાર કરવા અંગે સરકયુલર કર્યો છે.મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનું મુખ્ય સ્તોત્ર મિલ્કતવેરા સહિતના તમામ ટેકસની આવક છે.આ કારણથી ટેકસ વિભાગને છેલ્લા ત્રણ વર્ષમાં ખરેખર થયેલી ટેકસની આવક ઉપરાંત થયેલી વસુલાતની વિગતો મોકલી આપવા ઉપરાંત પાછલા વર્ષની બાકી, વર્તમાન વર્ષની ડીમાન્ડ તથા કેટલી રકમ રીફંડ પેટે કરદાતાઓને આપવામાં આવી તે તમામ વિગતો બજેટ વિભાગને મોકલવી પડશે. ઉપરાંત નવા વર્ષ માટે કર દરખાસ્ત તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવવી પડશે.

# આદિવાસી ન હોવા છતાં સુથારને મંત્રી બનાવી દેતા સાંસદનો મોરચો

**અમદાવાદ**

ભૂપેન્દ્ર પટેલની સરકારમાં રાજ્ય કક્ષાના આરોગ્યમંત્રી નિમિષા સુથારના આદિવાસીના પ્રમાણપત્રને લઈને વિવાદ ઉઠયો છે. ખુદ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ જ મંત્રી નિમિષા સુથાર સામે મોરચો માંડયો છે. તેમણે ભાજપ પક્ષ પર આરોપ મૂક્યો છે કે, નિમિષા સુથાર આદિવાસી નથી પણ તેમની પાસે આદિવાસીનુ સર્ટીફિકેટ છે એટલે ભાજપે તેમને મંત્રી બનાવી દીધા છે.

સાંસદ મનસુખ વસાવાએ એવો આક્ષેપ કર્યો છેકે, આદિવાસીઓ વર્ષોથી દેવી દેવતાને પુજતા આવ્યા છે. પણ હું હિન્દુ ધર્મના ઠેકેદારોને કહેવા માંગુ છુ કે, આદિવાસીઓને દિલથી સ્વિકારજો. આજે ગુજરાતમાં આદિવાસીઓના ખોટા પ્રમાણપત્ર લઈને ફરનારાં સંગઠિત થઈ રહ્યા છે જયારે સાચા આદિવાસીઓ અંદરોઅંદર લડી રહ્યા છે. વિદેશી તાકાત અને રૂપિયાને કારણે બધા સક્રિય બન્યા છે જેનાથી હવે સાવધાન થવાની જરૂર છે. મોરવા હરફના ધારાસભ્ય નિમિષા સુથારને નવી સરકારમાં મંત્રીપદ અપાયુ છે પણ તેમના આદિવાસીના પ્રમાણપત્રને લઈને આદિવાસી વિસ્તારોમાં આંદોલન ચાલી રહ્યુ છે. મનસુખ વસાવાએ કહ્યું કે, નિમિષા સુથાર ભલે ભાજપમાં હોય પણ તેમના પિતા આદિવાસી હતા કે નહી તે ખબર નથી.

# પાટીદારોના પ્રશ્ન નહીં ઉકેલાય તો રાજ્યમાં ફરી આંદોલન ધમધમશે

**અમદાવાદ**

રાજ્યમાં પાટીદાર આંદોલનકારીઓ ફરી એક વાર સક્રિય થયા છે. આંદોલનકારીઓ સરકારને ચિમકી આપી છેકે, અનામત આંદોલન મુદ્દે પાટીદારોના પ્રશ્નો નહી ઉકેલાય તો રાજ્યમાં ફરી આંદોલન ધમધમશે. પાસના નેતાઓએ મુખ્યમંત્રીને પત્ર લખીને પ્રશ્નો ઉકેલવા માંગણી કરી છે. પાટીદાર અનામત આંદોલન સમિતીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી માંગ કરી છેકે, અનામત આંદોલન વખતે પોલીસ ગોળીબારમાં મૃત્યુ પામેલા પાટીદાર યુવાઓને સરકારી નોકરી આપવાનુ વચન અપાયુ હતું જે સરકારે હજુ સુધી પાળ્યુ નથી.

# વેરાવળમાં વીજ કરંટથી ડાયનિંગ હોલનાં 3 કર્મચારીના કરૂણ મોત

## લાઇટીંગ બોર્ડને રીપેરીંગ કરતી વખતે વીજ લાઇનને અડી જતા કરૂણાંતિકા

**વેરાવળ**

બુધવારે વેરાવળમાં બસ સ્ટેશન રોડ પર રબારીવાડાના નાકે આવેલા સ્વાગત ડાયનિંગ હોલના લાઈટીંગ બોર્ડમાં ખામી સર્જાય હોવાથી રીપેરીંગ કરવા માટે આજે બપોરે ૪ વાગ્યાના અરસામાં કર્મચારીઓ હીરાલાલ મગનલાલ સીના (મૂળ ઉદયપુર), મહેશ શામજી પરમાર (રહે. વાંદરવડ, તા. માળિયા હાટીના) અને વિવેક મહેરબાનસંગ સીના (મુળ વસંગાબાદ) અગાસી પર ચડયા હતા. તેઓ લોખંડનું વિશાળ લાઈટીંગ બોર્ડ કાઢીને અગાસી તરફ ખેંચતા હતા ત્યારે થોડે દૂરથી પસાર થતાં ૧૧ કે.વી.ના જીવંત વીજ વાયરને અડકી ગયું હતું.

પરિણામે લાઈટીંગ બોર્ડ પકડીને ઉપર ચડાવતા ત્રણેય કર્મચારી યુવાનોને જોરદાર વીજકરંટ લાગતા ત્યા જ તરફડીયા મારીને ઢળી પડયા હતા. અને કરૂણ મોત નિપજ્યાં હતા. જે ઘટનાની જાણ થતાં વીજ તંત્રની ટીમ દોડી આવી હતી અને વીજ પુરવઠો બંધ કર્યો હતો. બાદમાં પોલીસ ટીમે ત્રણેય યુવાનોના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ખસેડીને તપાસનો ધમધમાટ ચાલુ કર્યો હતો.

# ખુલ્લી જીપ્સીમાં બેસીને ગીરના જંગલમાં હવે થઈ શકશે સિંહ દર્શન

**અમદાવાદ**

ગીર જંગલમાં દરવર્ષે લાખો પ્રવાસીઓ સિંહ દર્શન તેમજ જંગલ સફારીની મુલાકાત માટે અહીં આવતા હોય છે. એવામાં આ સફારી પાર્કની મજા માણવા માટે તેઓ જે જીપ્સીમાં જતાં હોય છે, તેને કેબિન હોવાથી સિંહ તેમજ અન્ય વન્ય પ્રાણીઓને વ્યવસ્થિત રીતે ના જોઈ શકવાની ફરિયાદો અનેક વખત પ્રવાસીઓ કરતા હોય છે. આજ કારણોસર નડતરરૂપ કેબિનને દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી હવેથી ખુલ્લી જીપ્સીમાં પ્રવાસીઓ ફરી શકશે અને કોઈપણ જાતના ડર વિના વન્ય પ્રાણીઓને જોવાનો લ્હાવો માણી શકેશે અને ફોટોગ્રાફી પણ કરી શકશે.



# Dr. Salim Kapadia DDS
## Dental Centre

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre — Scarborough Mirror 2020 Readers' Choice Awards — Platinum




### SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

**416-321-3268**



## Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE



**416.993.0826**
**24/7 # 905.305.8508**

તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com